શાહનામાની વાર્તાઓ.

અર્દેશર ખ. વેસાવેવાલા.

શાહનામાની વાર્તાઓ.

લખનાર.—

અરદેશર ખરશેદજી વેસાવેવાલા બી. એ

તે

જરથોસ્તી ધર્મ સંબંધી કેલવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળીના ધર્મ શીક્ષક.

મુંબઈ

ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ, નં૰ ૧ પારસી બજાર કોટમાં

ગણપતરાવ રામાજીરાવ સીધે છાપ્યુ છે.

સને ૧૯૧૩

દીબાચો.

આપણી પારસી નીશાળોમા આજ કાલ આપણુ ઉધરતા બાળકોને આપણા ઇરાની ઇતીહાસ વીષેનુ કાંઇપણ જ્ઞાન આપવામા આવતુ નથી માટે આપણા ન્યાગાનોની ખુબીઓ, તેઓની મહાન શાહનશાહત, તેમજ તેઓનાં પરાક્રમા વિષે થોડુંક પણ જ્ઞાન મેળવે એવા હેતુથી આ શાહનામાની વાર્તાઓ લખવાની મે અગત જોઇ છે એ વાર્તાઓની અંદર દરેક જાણીતા પાદશાહોના નીતિ સુચક વીચારો શુ હતા તથા તેઓ શી નમીયતો કરી ગયા હતાં તે પણ ઘણુંક દરજજે દેખાડવાની મે કોશેશ કરી છે કે જેથી આપણા ઉધરતા બચ્ચાઓ તે વાચી તે ઉપરથી ધડો લઇ પોતાની જીંદગી નેક મારગે દોરવવાને શકતીમાન થાય. મારી પુરતી ખાતરી છે કે હાલ ઇરાની ઇતીહાસને લગતી બચ્ચાઓને બરની કોઇ નાની ચોપડી મોજુદ નહી હોવાથી આ ચોપડી તેઓને માટે ઘણે ભાગે ઉપયોગી થઇ પડશે અને એમા ઇરાની પાદશાહોની રસીલી વાર્તા વાચવાથી તેઓને ઇરાની ઇતીહાસનો કાઇક ખ્યાલ મગજપર બેસશે. લખતાને દલગીર છુ કે આજ કાલ કુમળાં વયના બાળકોને હીંદુસ્તાનનો તેમજ ઇંગ્રેજી ઇતીહાસનો અભીયાસ નીશાળમા કરાવવામાં આવે છે પણ તેઓના બાપીકા વ્હાલાં વતન અને તેઓની પોતાની ભુમી જે ઇરાન કે જેણે અસખ્ય સુખો તેમજ દુખો ભોગવેલા તેનો ઇતીહાસ શીખાવવાનુ ભુલી જવામા આવે છે અને તે રમીલી તવારીખથી તેઓ કેવલ બેખબર રહે છે તે બેપરવાઇ તથા બેખબરી દૂર કરવા સારૂ તથા બાળકોના મનપર નીતિમાન

તથા બોધદાયક વાર્તાઓ ઠસાવવા સારૂ આ ચોપડી લખવાની કાંઇક જરૂર મેં ધારી છે. એ ચોપડી લખવામા મેં ઘણાક નામીચા સ્કોલરો તેમજ કાબેલ તવારીખનવેશોની મદદ મેળવી ઉ કે જે માટે તે સાહેબોનો આ પ્રસગે મોટો ઉપકાર માનું છુ. એઓની ચોપડીઓએ આ મારી અદના કોશેશમાં મને અની મદદ તેમજ અની સવળતી કરી આપી છે માટે એઓનો જેટલો ઉપકાર માનુ તેટલો થોડો છે.

આ લખાણુમાં મે બનતાં સુધી ફીરદોસીની વાર્તાઓ લેવાને દરૂસ્ત ધારયુ છે અને વાર્તાઓજ લખવાની મતલબ એટલી છે કે બચ્ચાંઓને તે વધારે મનપસદ અને દીલપ ઝીર થઇ પડે. ફકટ ઇતીહાસીક બયાન કટાળા ભરયુ તથા પીજન પાટલા જેવું લાગે છે તેજ કારણુસર તે નહી લતા ફકત વાર્તાઓજ આપવાની કોશેશ કરી છે.

આ કેતાબ રચવાની મુળ મતલબ નીશાળોમાં આવી બાબદોનું ખાસ કરીને આપણા અસલી ન્યાગાનોના પરાક્રમો તેઓની ખુબીઓ નીતિઓ અને નમીયતો શીખાડવાના હેતુથીજ લખાઇ છે તેથી આશા છે કે એમાં કાઇ પણ ખોડખાપણ માલમ પડે તો તે મેહેરબાનીની રાહે દરગુજર કરી તે કર્તાને દેખાડવાની મેહેરબાની કરવામાં આવશે તો મોટો ઉપકાર થશે.

અરદેશર ખ. વેસાવેવાળા.
ચરની રોડ સ્ટેશનની સામે,

મુંબઇ, તા૦ ૧૦ મી માર્ચ ૧૯૧૩.

રોજ ૩૦ મો અનેરાન માહ ૬ ઠો શેહરેવર ૧૨૮૨ યઝદેઝરદી

સાંકળિયું.

શાહનામાની વાર્તાઓ.

———— o:————

(ઇરાંની ઇતીયાસનાં રસીલાં બ્યાન સાથે.)

જરથોસ્તી દીન પહેલે ઈરાનમાં જાહેર થઇ હતી ઇરાનમા જરથોસ્તનો ધર્મ ફેલાયો હતો, જ્યાં અહુરમજદના હોકમો બજાવનાર પાદશાહો રાજ કરી ગયા હતા જરથોસ્તી દીન ગુસ્તાસ્પના રાજયમાં પેગમ્બર જરથોસ્તે જાહેર કીધી હતી. ઇરાન એ ઉગમણુ તરફના દેશોમાં પ્રખ્યાત થયલી શેહેનશાહાતોમાં સર્વથી મોટી શહેનશાહાત હતી. ઈરાનને વદીદાદમા તેમજ અવસ્તાના બીજા લખાણોમાં 'ઐર્યનેમ વએજો' કરી કહેતા હતા, એ ઐર્યનેમ વએજો અસલ ક્યાં હતુ તે નકકી કરવુ સહેલ નથી, પણ તેની હદ પુર્વ બલખ સુધી અને પશ્ચીમે આજરએજાન સુધી હોય એવું દીસે છે. એવુ જણાય છે કે એ મુલકમાથી વડંહુઇ દાઇત્ય (વેહદાઇતી નદી) વેહતી હતી. વદીદાદમાં તેને " વેહદાઇતી નદીવાલો ઇરાનવેજ " એવા નામથી બોલખાવેલો છે. જરથોસ્તના જન્મની જગા દારજ નદીનો કાંઠો જણાવ્યો છે. એ દારજ નદી ઈરાન વેજમા આવેલી છે અને તે હાલની દર્યા નદી છે જે આજરબેજાનમાં આવેલા સવલાન પહાડમાંથી વેહે છે એ સવલાન પહાડ અથવા સેબીલાન પહાડ તે અવસ્તાનો ઉશીદરેન પહાડ છે જયાં જરથોસ્તને હોરમજદની સાથ વાતચીત થઇ હતી. અવસ્તા જમાનાના લોકો આર્યનના મશહુર ટોળામાથી ઉતરી આવેલા હતા.

ઇરાનની ઉત્તરે કાસપીયન સમુદ્ર અને કોકેસસ પહાડો આવેલા છે. તેની દક્ષીણે ઇરાની અખાત અને હીંદી મહાસાગર, પૂર્વે સિંધુ અને જહુન નદીઓ, તથા પશ્ચિમે યુફ્રેતિસ નદી આવેલી છે

પેશદાદીયન ટોળો

પાદશાહ કયોમર્સ.

જે પહેલો જાણીતો ટોળો ઇરાનમા રાજ કરી ગયો તે પેશદાદીયન હતો અને તેનો પેહેલો પાદશાહ કયોમર્સ હતો.

પાદશાહ કયોમર્સના બેટા શીયામકના મરણ વીષે.

એક દીન પાદશાહ કયોમર્સ પોતાનો બેટા શીયામક જે પહાડ ઉપર એકાતવાસ પકડી બેઠો હતો તેને મલના પહાડ ઉપર જતો હતો તેટલામાં તેણે એક ધુઅડને બુરો અવાજ કહાડતાં સાભળ્યુ અને ગુફામા જઇ જોયુ તો, કયોમરસને પોતાનો વહાલો શાહજાદો મરણ પામેલો જણાયો તેનુ કોઇ અજાણાએ ખુન કરેલુ સાબેત થયુ. કહે છે કેટલાક બળવાખોરો રાજ્યમા લુટફાટ અને ખુનરેજી મચાવતા હતા અને કેટલીકવાર માણુસોને ઉઠાવી જતા અને કેટલીકવાર તેઓનુ ખુન કરતા હતા. એક દહાડો શાહજાદાને દેમાવદ પહાડ ઉપર એકલો જોઇને તેની ઉપર હુમલો કરવાની તેઓએ તદબીર રચી અને પહાડને મહાળેથી એક મોટો પથ્થર ગબડાવીને તેઓએ તેનો જીવ લીધો.

પાદશાહે તેની લાસને કુવામાં મુકી તેના મુખ આગળ આતશ રોશન કરીને કીરતારની પ્રાર્થના કીધી કે તે તેને ચોરો પકડી પાડવાના કામમા મદદ કરે

એક દહાડો કયોમર્સ શત્રુઓની શોધમા નીકલ્યો. માર્ગમા તેને એક સાપને એક મુર્ગાને ડંખવા

ભાગતો દીઠો પણ એક મુર્ગ તેની સામો થઇ મુર્ગીનો બચાવ કરતો હતો. આ ખેલ જોઇ બાદશાહ મુર્ગની ચાલથી ખુશી થયો ને તેણે સાપને મારી નાખ્યો પછી થોડાક દાણા મુર્ગને આપ્યા જે તેણે એકલાએ નહી ખાધા પણ પેલી મુર્ગીને બોલાવી સાથે ખાધા પેલા મુર્ગ વિષે કયોમર્સને ઉત્તમ વિચાર આવ્યો તેણે તેને સારા સગનવાળો માની લીધો અને કહ્યુ કે આ પક્ષી કદર અને સખાવત બને ધરાવે છે

કહે છે કે જે ઘરમાં મુર્ગ યાને મરઘો હોય તે ઘરમાં દેવદરૂજ હોતા નથી વદીદાદમા પણ મરઘો માનીતુ પક્ષી જણાય છે. તે સવારે રોજ માણસોને ઉંઘમાથી બીદાર કરે છે અને અશોઇ અખત્યાર કરવા કહે છે

કયોમરસ પહેલો આદમ હોવાથી તમામ માણસ જાતની વસ્તીની શરૂઆત તેનાથી થઇ હતી કેટલાંક એને આદમનો વડો બેટો માને છે અને કટલાંક એને માણસ જાતનો પીતા અને સઘળી જાતોનો વડવો ગણે છે

મુગે મોહોડે વાત કર્યા વગર જમવાનો રેવાજ યાને બાજ ધરવાનો રેવાજ કયોમરસે શરૂ કીધો એ રેવાજની મતલબ તંદરોસ્તી જાળવવાની હતી. મુગે મોહોડ જમવાથી ખોરાકની પુશતી સપુર્ણ રીતે શરીરના અવયવોને મલે છે કયોમરસને ગેલશાહ કરી કહેતા હતા એમ કહેવાનું કારણ એકે એની બેઠક પહાડ ઉપર હતી તેથી એને ગેલશાહ કહેતા કયોમરમનો અર્થ, "જીવતો અને મરણને પાત્ર" કરી થાય છે. એવું દેખાડવા કે માણસ માત્ર મોતને પાત્ર છે

કયોમરસનો એક ભાઇ પશ્ચીમ ભણીના મુલકમાં હતો, તે એક વખત કયોમરસને મલવા

આવ્યો. દમાવદ પહાડ જયા કયોમરસનુ રહેઠાણ હતુ ત્યાં આવતાં માલમ પડયુ કે કયોમરસ એક નવું શહેર સ્થાપવા બીજા મુલકમા ગયો હતો તે ભાઇ ત્યાં ગયો. કયોમરસ તેને દુરથી આવતા પુછયુ કે એ કોણ આવે છે ? છોકરાએ કહયુ કે કદાચ દુશ્મન તરફથી જાસુસ આવતો હશે. તેથી કયોમરસ તેની સામે હથીયારબધ ગયો, પણ આગલ ચાલતા જોએ છે તો તેનો ભાઇ તેથી તે બોલી ઉઠયો કે "બીલઅખ" એટલે "ખરખર એનો ભાઇ છે' તે ઉપરથી તે જગાનુ નામ બલખ પડયુ.

કયોમરસનો બેટો પણ તેના બાપની માફક પહાડો પર એકાતમા કીરતારની યાદમાં ગીરફતાર રહેતો તેનુ કારણ એકે તેણે એક દિવસ પાદશાહથી જાણવા માગ્યુ કે સૌથી સરસ કામ માણસને માટે આં જહાનમા કયુ છે? કયોમરસે કહયું કે ખોદાતાલાની ભકતી કરવી અને ઘાટકીપણાથી પરહેજ રહેવુ આ ઉપરથી શાહજાદાએ નકકી કીધુ કે ઘાટકીપણાંથી પરહેજ રહેવુ માણસ જાતથી વેગલા રહેવા ઉપરઆધાર ાખે છે અને કીરતારની વગર ખલલની બદગી એકાટવાસ સીવાએ હાંસેલ થઇ શકતી નથી તો જો કે અવસ્તાનુ શીક્ષણ સસારમાં રહી બદીની સામે લડવા અને નેક કામ કરવા માણસોને તાકીદ કરે છે

પાદશાહ કયોમરસની નસીહતો.

૧ કયોમરસને કોઇએ પુછયું કે દાનાવ કોણ છે ? તેણે કયુ કે, જે કોઇ મધ્યમ બોલે, જીંદગીની કદર બુજે, સરસાઈ મેળવવા બાએ શકતી ખમવાથી દલગીર નહિ થાએ,. મળેલા ઓધા અને મરતબાપર સતોષ ધરે, દરેક કામમાં

ગભરાએ નહી અને ઔરતબાઓની સમજણ મેલવવા પર પોતાની ધારણા રાખે તે ડાહયો કહેવાય.

૨ દાનાવોને ઘટે છે કે પોતે પોતાના દુશમન કરતાં વધારે શકતી અને દબદબો ધરાવે. છતાં દુશમની કરવાથી દુર પકડવી કારણ કે જેહેરનો ઉપાય જાણનાર માણસોએ જેહેર ખાવાની હીમત ધરવી એ દાનાઇ અને દુરઅદેશી ભરેલુ કામ નથી.

૩ દુશ્મનોના મકરોથી છેતરાવુ જોઇએ નહી કારણ કે દુશ્મન નરમાશ ધરવાથી કાંઇ દોસ્ત બનતો નથી

૪ એક ઇનસાફી માણસ અગરજે પોતાના જાત ભાઇ-ઓની ગરજ પુરી પાડવા સારૂ આખી દુન્યામા ફરી વલે અને ઘટતી મહેનત લેતો પણ તેના હકમા કશુ નહી કીધેલુ ગણી પોતાને તે બાબે શરમીદો જાણવો

૫ ઘણી ખુશાલી મગરૂરી ઉતપન કરે છે અને ઘણી ઉમેદવારી દીલને તોડે છે

૬ દલગીરી તે એક મનુષ્યની જીંદગીને ઘટાડનારો મંદ-વાડ છે અને બશીક્ષ તે એક જીંદગીના ફૂલને ખીલવનાર છે.

રાસ્તી! વિષે કયોમરસની નસીહત.

રાસ્તીપર અમલ કરો અને ખાત્રી રાખજો કે તમારાં દરેક કામ સરનજામ પહોચશે.

પાદશાહ શીયામકની નસીહત.

શીયામક જે કયોમરસનો બેટો હતો, તે પોતાની નસીવતમાં કહે છે કે અંત આવવાની આગમજ મર (યાને બુરી તેવો છોડી નરમાસ રાખ) જેથી બેઉ દુન્યામાં જીવતો

થાએ (યાને આ તેમજ પેલી દુન્યામાં સ્વર્ગવાસી થાએ) નહીતો જયારે સ્વભાવિક મોતથી મરશે, ત્યારે બેઉ દુનિયામાં મુવેલો નનામો (યાને બેઉ દુન્યામાં દોજખી) થશે.

ચાર ચીજની કદર ચાર માણસો બુજે છે—જવાનીની કદર ધરડાઓ, તનદરોસ્તીની કદર આજારીઓ, નચીતાઇની કદર અગવડ ભોગવનારાંઓ, અને જીંદગીની કદર મુવેલાઓ. (યાને હસ્તીવાલી ચીજોની કદર તેની નીસ્તી વગર બુજાતી નથી)

ફીરદોશી કહે છે કે શીયામક પહાડોમા વસ્તો હતો અને પશુઓના ચામડાના કપડા પહેરતો હતો.

હોશંગ

એ શીયામકનો દીકરો હતો આતશની હસ્તી એના વખતમાં થઇ હતી, તો જો કે કોઇ કયોમરસના વખતમા કહે છે, કે જયારે તેણે પોતાના બેટાની લાસ આગળ આતશ રોશન કીધો હતો. "જશને સદેહ"નો તેહેવાર જે યાદગાર છે તે હોશંગે શોધેલા આતશની યાદગારીનુ જશન મનાય છે. કહે છે કે તેણે એક દીને એક સાપને મારવા એક મોટો પથ્થર ઉઠાવી ફેંકયો. જે બીજા પથ્થર સાથ અફડીને તેમાંથી આતશ રોશન થયો અને તેજ પહેલો આતશ હતો. એ જશને સદેહ તેણે દેહ મહીનો અને આવાં રોજે કીધું હતું. અવસ્તાના ચરતોમા હોશંગ દેવોના એ ત્રતીયાસ ભાગ ઉપર ફતેહ મેળવવાને દુઆ ગુજારે છે. લુહારનો હુન્નર અને રાંધવાની કળા વગેરેથી એણે પ્રજાને જાણીતી કીધી. એના વખતમાં લોકો માત્ર ફળનો ખોરાક લેતા તથા જાનવરોના ચામડાં અને

ઝાડનાં પાત્રાંનો પોશાક પહેરતા, તેમા એને સુધારો કીધો. નદીઓનાં પાણી અને નહેરો ખોદીને તેમની મારફતે શહેરમાં અને ખેતરોમા લેવાનુ પ્રથમ હુશંગથીજ તેની પ્રજાને સુઝ પડયુ હતુ. જમીનમા લોખડની ખાણ હોય છે તેની સમજ પરાવીને એણે તે ખોદી કહડાવી તેણે લડાઇના ખરના હથીયારો બનાવ્યા અને જનાવરોના શરીરોપરનાં ઉન, રૂવાં વગેરેના કપડા બનાવવાનુ હથીયાર માણસોને શીખવ્યુ. તેણે બીજી નવી કળા ઉપયોગ અને હુનરોથી પ્રજાને વાકેફ કીધા જેમકે કુતરાઓના શેકાર માટે તેમજ ગોવાળાના રક્ષણ માટે કેલવવા, ઝવેરાત અને કીમતી ધાતુઓની ખાણ ખોદવા, ઝાડો કાપીને તેની મારફતે મકાનો બાધવા તથા જંગલી જનાવરોનો નાશ કરવા વગેરે તે વિધ્યાનો ઘણો શોખીન હતો તેણે ' જાવેદાને ખેરદ ' નામનો એક અકલ અને નીતિ શીખાડનારો ગ્રથ બનાવ્યો હતો કેટલાંકો ટાઇગ્રીસ નદીની નહેર એણે બાધેલી જણાવે છે.

મજહબ વિષે હોશગની નસીહત.

મજહબ છે તે એક ઘરની મીસાલ છે કે જે કેટલાક પાયાની ઉપર કાયમ હોય છે. જયારે તેમાનો એક પાયો નબલો થાય અને તે ઝટ સમારી લેવામા ઇનસાન ગફલત કરે ત્યારે બીજા પાયાઓને નુકસાન પહોંચે છે, અને ઘર પાછું ઉભુ કરવું મુશકેલ થઇ પડે છે.

તેહમુરસ્પ

એ હોસંગનો બેટો હતો, એની નસીહતો (૧) થોડી ચીજો પર સતોષ ધરવો તે ઘણી નાની ચીજોના કરતાં વધારે ફાયદાકારક છે. ૨) અકલમંદ અને વિચારવંત પાદશાહે

ક્રોધની વખતે એવું કામ કરવું જોઈએ કે ખુશીની વખતે તેનો બદલો વાળી શકે

એને "દએવોબીશ" એટલે દેવોને દુખ દેનાર તથા મારનાર કહયો છે રામ યસ્નમા તે દુવા ગુજારે છે કે હું તમામ દેવોને અને બુરા માણસોને મારનાર થાઉ. ફીરદોશી લખે છે કે તે કહેતો હતો કે દરેક જગાએથી "દેવોની સતા હું કમતી કરીશ, કારણ કે હુ દુન્યાનો માલીક થવા માગુ છુ" તેણે દેવો ઉપર એવો કાબુ મેળવ્યો હતો કે જેમ એક ઘોડેસ્વાર પોતાના ઘોડા ઉપર મેળવે—"પાદશાહ ગયો અને એહેરેમનને કઈ યુકિતથી બાંધ્યો અને જાણે એક શેતાન ઘોડા ઉપર બેસે તેમ તેની ઉપર બેઠો" દેવોને તાબે કરવાના સંબધમાં ફીરદોશી એવુ જણાવે છે કે એક દાને પાદશાહના વજીરે એક દેવને ફાંદામા લઇ તેહમુરસ્પ આગલ રજુ કીધો તે ઉપરથી બહુ લજવાઈને દેવોએ આ અપમાનનો બદલો લેવા માટે એક લશ્કર એકઠું કીધુ, પણ પાદશાહે તેમના ગુ નામના સરદારનો જીવ લેવાથી બીજા દેવમાના કેટલાક જેઓ કેદ પકડાયા તેઓએ પાદશાહને લખવા વાંચવાના હુનર શીખવવાની શરતે પોતાનો જીવ બચાવ્યો હતો.

ફીરદોશી કહે છે કે તેનાથી ખોદાઇ નુર પ્રકાશતુ હતું તેને જમીયાદ યસ્ત (ક. ૨૮) ટેકો આપે છે કે કયાની ખોરેહ તેહમુરસ્પ સાથે જોડાયું. કહે છે કે બુતપરસ્તી યાને પુટલાં પુજવાનો રેવાજ એના જમાનામા બરપા થયો. જયારે કોઇ મોટો માણસ મરણ પામતો ત્યારે તેનું પુટલુ બનાવવામાં આવતુ, એવા ખ્યાલથી કે તે જોયાથી મરનારના ચહેરાની યાદ રહે અને તેથી દુખી દેહને દીલાસો મલે.

બુરૂં કામ વિષે નસીહત.

"તે માણસ બુરૂં કામ કદી કરવાનો નથી કે જે માણસ બુરા ખ્યાલોને પોતાના મગજમા દાખલ થવા દેતો નથી "–ફીરદોસી

જમશેદ

તેહેમુરસ પછી ઈરાનમાં દીનદારી ફેલાવનાર પ્રખ્યાત જમશેદ પાદશાહ હતો. પાદશાહમાં નીચ-લા ૭ ગુણ હેવા જોઈએ એવું એ ફરમાવે છે (૧) મોટી હીમત જે પોતાના સ્વભાવોને ભલા કરવા-થી મળી આવે છે (૨) ભલી અકકલ અને વિચાર કે જે ઘણીએક અજમાએશો વગર મલી આવતી નથી. (૩) પુરી શકતી જે ભલી અકકલથી ઉત્પન્ન થાય છે. (૪) સખત મેહેનત ખેચવામા મગરુરી રાખવી (૫) તદન લોભ રાખવા નહી જેથી લોકોના માલને ધોકો પુગે નહી (૬) લાયકીવાલા દરબારીઓ તથા લશ્કરીઓ રાખવા જોઈએ. (૭) લોકોનો પ્યાર પોતાની તરફ ખેચી પોતાનો ભારે દબ-દબો રાખવો જોઇએ

ફીરદોશી મુજબ તે ડહાપણ અને ખબરદારીને માટે વખણાયો હતો તેના રાજ્યમાં ઘણાએક સુધારા અને ઉ-દ્યોગ હુનરના વધારા થયા હતા લડાઇના વખત પર તલ-વાર છરા વગેરે હડીયારોને એ પાદશાહ જાણમા લાવ્યો હતો. રેશમી કાપડની બનાવટ અને રંગ બેરંગી કપડા બનાવવાની રીત એના વખતમા થઇ હતી જયાં જંગલ હતા તથા જે જમીન ઉજડ હતી તેને ખેતીવાડીને બરની અને ફલદ્રુપ એણે કીધી હતી. જયાં જમીન હતી ત્યાં

તલાવ, અને ખાઓચીઆંહતાત્યાં જમીન બનાવી હતી. દરીયા અને નદીમા ફરવાના બારકસો બનાવવાનુ માન એ પાદશાહને અપાય છે. એણે રૈયતને ચાર ભાગમા વેહેંચી નાખી (૧) અથોરનાન યાને ધર્મગુરૂઓ (૨) રથેસતાર યાને પાદશાહ પહેલવાન અને લશ્કરી માણસો. (૩) વાસ્ત્રયાશ યાને ખેડુત, કારીગરો, વેપારીઓ. (૪) હુતાક્ષ યાને ધંધા-દારીઓ કહે છે કે જમશેદની આગમજ શરાબના ઉપયોગથી સર્વ અજાણ્યા હતા. એક વેળા દ્રાક્ષનો એક મોટો જથ્થો ખાવા લાયક નહી જણાવાથી પાદશાહે તેનો રસ કહડાવી વાસણોમાં ભરી રખાવ્યો અને પાછળથી એ રસ ચાખી તેના તુરો અને સ્વાદ વિનાનો જણાવાથી તેને ઝેહર માનીને ઉઠાવી મુક્યો. એ પછી એક દીને એક બાનુ પોતાની તબીયતની અસુખાકારીથી એટલી બધી નાચાર થઈ કે તેણીએ પેલું દ્રાક્ષનુ ઝેહેર પીને આપઘાત કરવા માગ્યો કોઇ નહી જાણે તે મતે થોડુ ઝેહેર પી પોઢી ગઇ આથી તેને લાંબી ખુશ ઉંઘ આવી અને પછી બહુ તનદોરસ્ત થઇને ઉઠી ઝેહેરની અસરથી આ ફેરફાર થએલો જોઇ સત્રી બીનાથી તેણે પાદશાહને વાકેફ કીધા અને તે વખતથી દ્રાક્ષનો દારૂ માંદગી વખતે લેવાનું ચાલુ થયુ.

જમશેદ કને ચાર વીંટીઓ હતી જે તે જુદી જુદી વેળા પેહેરતો હતો. લડાઇમાં જતી વેલાની વીંટી ઉપર એવો લેખ હતો કે "ગોર અને નરમાશ" ન્યાય કરતી વેલાની વીંટી પર "ઇનસાફ અને સુધારો" ત્રીજી પર "સચ્ચાઇ અને ઝડપ" અને ચોથી પર "શીક્ષા અને ન્યાય" એવા લેખો હતા. જમશેદના જ્ઞાન ડહાપણ અને મોટાઇથી કેટલાક લખનારાઓ તેને યાહુદી પાદશાહ સોલોમન સાથ સરખાવી કહે છે કે તેઓ બંને

એકજ હતા, પણ મીરખોંદ તવારીખનવેશ જણાવે છે કે એ બનેના જમાના જુદા હતા. બુનદહેશ મુજબ એ વિવધાનનો બેટો હતો. તેટલા માટે તે તેહમુરસ્પનો ભાઇ હતો. સ્પીત્યુર અને નર સીંહ એઓ એના ભાઈ હતા એને ક્ષએત એટલે તેજ વાલો અને હવાથ્વ એટલે નેક ટોલાવાલો કહે છે. ફીરદોશીએ એને ભુલમા તેહમુરસ્પનો બેટો કહયો છે ફીરદોશીના લખાણ પ્રમાણે તેના ૭૦૦ વરસના લાંબા અમલમા કોઈને માત તથા બીમારી હતી નહી અને કોઇ મરવાનું કે આજારી પડવાનુ જાણતુ પણ નહોતું એ મુદતમાં વળી કોઈ સાથે લડાઇ અને ઝઘડો બી હતો નહી. ફીરદોશી કહે છે કે જયારે તે સ્વતત્ર થયો અને ખોદાતાલાની ખોદાવદી સામે બળવો ફેલાવવાને ફીસ ફેરાયો ત્યારે લોકોને કહેવા લાગ્યો કે હુંજ ખોદા છું. તે બોલ્યો ' ભપકા અને સતામા મારો મીસાલનો પાદશાહ હપ્ત કેશવર જમીનમા" આજે કોણ છે અથવા આગલ કોણ થઇ ગયો છે તે મને કહો. દરબારીઓએ હાથ જોડી સર નમાવી કબુલ કીધુ કે જમશેદની બરાબરી કોઇથી થઇ શકાએ નહી. તેણે કહયુ કે "હુ આસમાન અને જમીનનો સાહેબ છેઉ નવમા આસમાન પરથી હુ તમો આદમ જાતની ભલી વ્યવસ્થા કરવા આવ્યો છેઉ. જે સુખ તમે ભોગવો છો તે મારા બક્ષેલાં છે માટે તમો મને તમારો પેદા કરનાર ગણી માન આપો. જેઓ આમ કરશે તેમને હું ઇનામો આપીશ પણ જેઓ સર ફેરવશે તેઓનો ઠાર આતશની ચેહ ઉપર થશે" તે દરમ્યાન તેનો રાજવહીવત પડી ભાગો. જે નુર તેના ચહેરાપર પ્રકાશતું હતુ તે ગેબ થઇ ગયું. અવસ્તા પ્રમાણે એની જીદગીનો

મોટામાં મોટો બનાવ એ હતો કે એણે અહુરમજદની બસારતથી એક 'વર' એટલે નવુ સ્વસ્થાન સ્થાપ્યુ જમશેદની આગમજ દેવો (એટલે બુરી શકતીઓ)નો દોર અને વરતી ઘણાં વધી પડયા હતા જમશેદે યજદાન તરફથી મળેલી બસારત પ્રમાણે પોતાની દુર અદેશી અને અકક-લથી એવી બુરી શકતીઓથી છુટા પડવાનો વિચાર કીધો. એ નવા સ્વસ્થાનમાં ભલા અને નેક આદમીઓ રહેતાં હતાં જેઓ તમામ બુરી શકતીઓથી દુર રહેતા તેથી ત્યાંની વસ્તી વધી પડી અને જમશેદને ત્રણ ત્રણ વખત તેની હદ વધારવી પડી બુન દહેશ કહે છે કે એણે આ-દર ફરોબાદ નામનો આતશ ગદમનહુમદ પહાડ જે ખ્વારીજમમાં આવેલો છે ત્યાં સ્થાપ્યો. વળી એજ કતાબ કહે છે કે એણે ૭૧૬$\frac{1}{2}$ વર્ષ રાજ્ય કીધુ તેમા છેલ્લા ૧૦૦ વર્ષ તો નાસભાગમાં ગયા હતા. ફીરદોશી એના રાજયના વર્ષ ૭૦૦ જણાવે છે.

ઝોહાક.

ઝોહાક નામે એક આરબ પાદશાહ એક મોટું લશ્-કર લઇ ઈરાન તરફ ચહડી આવ્યો અને જમશેદ સાથ લડાઇ કરી તેનુ રાજ્ય લઇ મુકયુ. જમશેદ પોતાનુ લશ્કર શત્રુ-ની પક્ષમાં ગયલું જોઇ નાઠો અને ભટકતો થયો અને માણસ જાતની નજરો ચોરાવતો, ભુખ્યો તરસ્યો થાકેલો અને દુખી તદન નાચાર અને નારાજ હાલતમાં એક દીને બલુચીસ્તાન તરપ આવી પહોંચ્યો. ત્યાંના પાદશાહ કોરગની સમનનાજ નામે એક અતી રૂપાળી બેટી હતી તે પણ લડાઇમાં ઘણી કુશળ હતી. તેણી શાહજાદા જમશેદ સાથ પ્યારમાં પડી અને

તેઓ બંને પરણ્યા. પણ આ વાતની ખબર કોરંગશાહુનો પડવાથી તે ગુસ્સે થયો અને પછી તેને વિચાર સુજયો કે જમશેદને શતરૂઓના હાથમાં ફસાવવો. પણ જમશેદે તેના દરેક બોલ ઉપર વિશ્વાસ રાખ્યો નહી અને તેણે જાબુલીસ્તાનમાથી નાસી જવાનો કસદ કીધો. જોહાકે તેને પકડી પાડયો અને તેને બાધી જીવતો ઉભો વહેરી નાખ્યો જમશેદના બહોલા રાજયમાં નહી થંડી કે નહી ગરમી હતી, નહી બુધાપો કે નહી મોત, નહી અદેખાઇ કે નહી એવીજ બીજી બદીઓ હતી. તેનુ આ સુખવાસી રાજ તે કદીમ ઇરાનનો સર્વથી પહેલા જમાનો (golden age) હતો તે દરમ્યાન બાપ અને દીકરા બને એક સરખાં કદના અને માત્ર ૧૫ વર્ષની વયના હોય તેમ લાગતા હતા.

પહેલવીમા ઝોહાકને "દહાક" કરી કહયો છે. બુન દેહેશમા એને "બીવરસ્પ" કેહેવાનુ કારણ આપે છે કે ૧૦૦૦૦ (બીવર) ઘોડા (અસ્પ) નો તે માલેક હતો ફીરદોશી પ્રમાણે એનોબાપ એક ઘણો પરહેજગાર માણસ હતો અને ઝોહાક પણ એક દાહયો શાહજાદો હતો દસાતીરનો તરજુમો કરનાર કહે છે કે તે યજદાન અને સેતારાઓની શેતાયશ કરતો તેથી યજદાએ તેને તેની મુરાદે પહોંચાડયો. પણ પાછળથી એણે એના બાપને તથા જમશેદને મારી નાખ્યા અને બીજા જુલમો કીધા તેથી ખોદાએ તેને સજા કરી. એ અસલમાં ઘણો ડાહયો અને યુકિતવાલો હશે, તેથીજ સ્પીતમાન જરથોસ્તની આફ્રીનમાં દુવા દેવામાં આવે છે કે હુજં દ્રુઅઓક્ષતયો બવાહી યથ અજોઈશ દહાકાઇ, અષદએન" એટલે બુરી દીનવાલા ઝોહાકની માફક હજાર યુકતીવાલો થજે

ફીરદોસી કહે છે કે એણે સેતાનની ફુસલાવણીથી નેકરાહ છોડી બુરાઈ અખત્યાર કીધી તેથી લોકો ઘણાજ ત્રાસ પામ્યા કાવે નામનો એક લોહાર હતો જે મજબુત બાંધાનો અને બાહાદુર તનનો હતો. જયારે એના બે બેટાને મારી નાખવાની વારી આવી ત્યારે તેણે ગુસ્સે થઈ દરબારમાં જઈ જુલનાટની ફરીયાદ ઉઠાવી, તેથી ઝોહાકે તેમને છોડી દેવાનો હુકમ કીધો, પણ પોતાની તરફની વફાદારી બતાવવા માટે તેણે એક દસ્તાવેજ બનાવ્યો, અને તેમાં સર્વ રૈયતની સહી લીધી આથી તો ઉલટો કાવે વધારે ઉસ્કેરાયો અને બીજા દરબારી ઓએ પણ ઝોહાકથી દીલ ફેરવ્યું કાવે એ થોડાં થોડા કરી માણસો એકઠાં કરી, પાદશાહના જુલમાનની સામે થવા શરૂ કીધું અને તેમા તે ફાવ્યો, અને ફરેદુનને તેડી લાવી તેને ગાદી આપી. ફરેદુને તેને દમાવંદ પાહાડપર બંધ કીધો. ફીરદોસી પ્રમાણે એની ખાંધઉપર બે સાપ લટકેલા હતા. એને દુન્યામા પેદા પડેલા સાત બુરા માણસોમાનો એક તરીકે ગણ્યો છે, એના રાજયની મુદત ૧૦૦૦ વરસની જણાવી છે. આવા યસ્ત મુજબ ઝોહાકને ૩ આખનો, ૧૦૦૦ યુકતીવાલો, પુષકળ જોરાવર, આબાદ મુલકોમાં નુકશાન પોહોચાડનાર એક દરૂજ અને દરવંદ કહયો છે.

જમશેદની નસીહતો

૧ કસી ચીજ હદથી બહાર ખરચવી નહી.

૨. હમેશા આવક કરતા ખરચ થોડો રાખવો.

૩ સઉથી સરસ ઓરત ને કે જે બધી રીતની સભાલ રાખે ધણીને તાબે થાએ, થોડું બોલે, અકલ, દાનાઇ પરહેજગારી શરમ વગેરે ધરાવે.

૪. ઘણુ બોલવુ નહી, મધ્યમપણું સાચવવું, ભેદ ભરેલા શબ્દો બોલવા નહી, બોલવામા ઉજત કરવી નહી, નરમ સ્વભાવ રાખવો

૫. ખાતી વેલા પ્રથમ માદુ ધોઇ બાણુપર આવી બધા બેઠા પછી બેસવુ

૬ પાદશાહોએ નરમાસ અને મર્યાદા ગુણો ધરાવવા

ફરેદુનની નસીહત.

૧ જે કોઈ પોતાના માબાપ સાથે ભલાઇ કરે તે પોતાના છોકરાઓથી ભલાઇ જોય, અને જે કોઇ માબાપના હકોને દુસ્મનાઇ નાફરમાની અને બુરાઇમાં ભેરવે તે પોતાના ફરજદોથી તેવુંજ જોય માટે તમો મહેરબાની નર્મતાઈ ભલાગુણો અને હક ગુજારી પુરી પાડો જેથી તમારા ફરજદોથી તમારો ભલો હક પુરો પાડ

૨ જે કોઇ પોતાના ભાઇઓને દુખ દે છે તે પોતાના સારા ગુણોને જુદો પાડનાર અને પોતાના શરીરને બલામા નાખનાર બને છે.

૩ જમાનો તે તમારા જીદગીના કામોનુ દફતર છે. માટે એવી કોશેશ કરો કે તેની અદર સર્વથી સરસ કામો લખાય.

૪ દોસ્તો સાથે મલી ભેટી ચાલો જેથી તમારા દીલની દલગીરી મટે

૫ દોલતને સખાવતમા ખરચી સવાબ મેળવો, નહી તો કે. જમાનાની આફતથી તે દોલત બીજાઓને હાથે પડી બુરે માર્ગે વપરાવાથી તે ગુનાહનો સાથી બનશે.

૬ ખુદાને ભુલો ના જેથી ખોદા તમુને ભુલે નહીં
ફરેદુન એ આથબ્યનનો છોકરો હતો.

એ પાદશાહ દવા દારૂમા કુશળ હતો અને કેટલાક રોગોના ઇલાજે તેણે શોધી કાઢયા હતા અવસ્તામા જે થ્રીત નામનો વેદ થઈ ગયો છે તેને મળતો વેદમા ત્રિત નામ મલે છે જે ત્રૈતનને નામે પણ વપરા છે. એ બોલ સાથે અવસ્તાનો ગ્રંથ એતઓન મલતો આવે છે. ફીરદોસી લખે છે કે એના બે ભાઈઓ કતાનુસ અને બરમાયુ હતા. બુનદહેશ મુજબ બર્માયુન અને કતાયુન પોતાનાં આનાના ભાઈનુ રોશન બખ્ત અને ચઢની જોઇ તેની ઉપાય અદેખાઇ કરવા લાગા અને એ..ને તેઓએ તેને મારી નાખવાનો વિચાર કર્યો. જ્યારે તે ઝોહાક સામ કુચ કરતા માર્ગમાં એક પાહાડની કઢણે સુતો હતો ત્યારે તેઓએ ગુપ ચુપતે પહાડ ઉપર જઇ એક મોટો પથ્થર એના ઉપર ગગડાવ્યો પણ સારા ભાગ્યે ફરેદુન તે પથરના ગગડાવાના અવાજથી જાગી ઉઠયો અને બચ્યો આ કામ કોણનુ હતુ તે તેણે જોઇ લીધુ પણ એટલા માટે પોતાના ભાઇઓને ઠપકો નહી આપતાં તેણે તેમના અધિકાર વધ રી આપ્યા. ફીરદોસી લખે છે "કે ફરોખ ફરેદુન કઇ ફરેસ્તો નહી હતો તેમજ તે કાંઈ કશતુરી અને ખુશ બોઇનો બનેલો પણ ન હતો. તેણે તો નેકનામી ઈનસાફ અને સખાવતથી હાંસલ કીધી હતી, માટે તું બી અદલ અને ઇનસાફી અને સખી થા અને તુ બી ફરેદુન કહેવાશે." આવા વસ્તમાં તે દુવા ગુજારે છે કે તે ઝુહાકને હાથથી સત્ર ઘ- વાય (શહેરનવાઝ) અને અરેનવાય (અરનવાઝ) નામની બે સુંદરીઓને છોડાવી લાવે તેની એ

મારાદ્દ બર આવી. ફરેદુન તેઓને છોડવી લાવી તેઓ સાથે પરણ્યો અને તેઓને પેટે અણે ત્રણ છોકરા થયા હતા. શેહેરનાજને પેટે સેલમ અને તુર અને અરનવાજને પેટે એરચ એમ છોકરાઓને અણે યમનના પાદશાહની બેટીઓ સાથે પરણાવ્યા અને પછી તેઓને પોતાનો મુલક વહેંચી આપ્યો તેમાં શેલમને રૂમ અને ખાવર, તુરને તુરાન અને ચીન, અને એરચ નાના છોકરાને ઈરાન આથી તે વડા બે ભાઈઓ નાના એરચ જેને ઈરાની મુલક આપ્યો હતો, તેપર અદેખા થયા અને તેને દગાથી મારી નાખ્યો જેના કીનામા ફરેદુને એરચની ઓલાદથી ઉતરેલા મીનોચેહેર પાસે એઓને મારી નખાવ્યા ફરેદૂનના ગેરઇનસાફની અને કીના કપટની ચાલ ખોદાની નજરમાં અઘટતી માલમ પડી. ઝોહાકને હરાવી ફરેદુને ઇરાન દેશમાથી પરદેશી અમલ દુર કીધો તેની ખુશાલીમા તેણે એક મોટુ જશન કીધું જેને "જશને મેહેરગાન" કરી કહે છે. ફરેદુન પોતાના બુઢાપામા લડાઈ પસદ કરતો ન હતો. પણ સુલેહ અને આરામમાં બાકીના દહાડા ગુજારવાને રાજી હતો અને પોતાના બાપને સુખ મલે તેમ એરચે બી પોતાના ભાઇઓ સાથે લડવાનો વિચાર નહી કરતા તેઓ રાજી રહે તેમ કરી પોતાના સર્વસ્વનો ભાગ આપવાનુ નકકી કીધુ.

સબુરી વિષે એરચની નસીહત.

મને અચરતી લાગે છે કે આ દુન્યામાં લોકો દોલત એકઠી કરવામાં તવગરી સમજે છે તો જો કે ખરી તવંગરી સબુરીમાં છે.

મિનોચેહેર

એની શીખામણ—દુન્યાના લોકોની કોશેશ ગુજરાન મેલવવાની શોધ સારૂ છે અને તે મેળવવાને જુદા જુદા રસ્તા અને હથીયારો છે જેના સબબથી તેઓ પોતાની મતલબો પુરી પાડી શકે છે માટે જે કોઈ ચાહે કે ખરો ખરચ અને સ્વભાવીક કેલવણી મેળવવા સારૂ કોશેશની કંમર બાંધે અને પોતાને ઉંચા ઓધા તથા મોટા મરતબા પર પુગાડે તો તેને ઘટે છે કે એક કલાકબી પોતાનો વખત આલસાઈમાં નહી કાઢી, મોટી હીંમત ધરાવી ભલી રોજી મેલવવાની કોશેશ કરે, અને તેમા જે કઇ અડચણ નડે તે પર કશું ધ્યાન આપે નહી.

જાણવું કે પાદશાહનો હક રૈયત પર છે અને રૈયત નો હક પાદશાહ પર છે.

એ પાદશાહને બને અકકલ જાતી અને કાને સાંભલેલી ધરાવતો જણાવ્યો છે દુન્યામાં મહાન પુરૂષોથી શું ફાયદા થયા તે જણાવવા માટે કહે છે, કે મીનોચેહેરે મોટા બાવા એરચના કીનામાં સેલમ અને તુરને મારી દુન્યાને તેઓની હેરાનગતીથી છુટી કીધી અને અફ્રાસીયાબે ચોકકસ કોલકરારથી એની પાસેથી જે દેશો લીધા હતા તે પાછા છીનવી લઇ ઇરાનના મુલકો સાથે જોડી નાખ્યા અને અફ્રાસીયાબે જે નદીના માર્ગ ફેરવી કાંસુ દરયાની હદ મોટી કીધી હતી તે પણ એ અસલ હાલતમાં પાછો લાવ્યો. એનો જન્મ માનુશ પહાડપર થયો હતો. એરચની બા પડી સેલમ અને તુરની ધાસ્તીથી નાસી માનુશ નામના પહાડપર

નાઠી ત્યાં તેથીએ મીનોચેહેરનો જન્મ આપ્યો. એનું નામ એ પાહાડપર જન્મવાથી માનુશ અથવા મનુશચેહેર પાડયું. એ બીનાને બુનદહેશપણ ટેકો આપે છે કેટલાક તવારીખ લખનારા કહે છે કે જયારે મીનોચેહેર એ પાહાડપર મોટો થયો ત્યારે ૩૩૦ માણસોની નાની ફોજ પોતા સાથે લઈ તે ખોરાસાનના દુરના ભાગ તરફ દોડી ગયો, જયા સેલમ અને તુર જે મોજમજાહમા ગીરફતાર થયા હતા તેઓને ઠાર કરી મીનોચેહેર ફરેદુન પાસે આવ્યો, અને ફરેદુને તેને તાજ આપ્યુ મીરખોંદ કહે છે કે એક વખતે અફરાસ્યાબે મીનોચેહેર ઉપર હુમલો કીધો અને મીનોચેહેરની હાર થવાથી તે આમલના કીલ્લામાં ભરાઇ બેઠો. આફ્રાસીયાબે લાંબી મુદત સુધી તેની પર ઘેરો ઘાલ્યો. પછી તેને સુલેહ કરવાની ફરજ પડી, તેઓએ એવુ નકકી કીધું કે મુલકની હદ નકી કરવાને અરીશ નામના એક સારા તીરદાજે દેમાવદ પાહાડ સુધી તીર ફેકવો. તે તીર જયાં પડે ત્યાં એ પાદશાહની મુલકની સીમા ગણાય. અરીશે તેમ કર્યું. આ તીર સહવારથી છુટેલો છેક બપોરે જેહુન નદી ના કીનારાપર પડયો એથી તેઓએ પોતાની હદ મુકરર કીધી. બુનદહેશમાં એ પાદશાહને ઇરાન દહયુપત એટલે ઇરાનનો દેશપતી અથવા રાજા કહયો છે. મીનોચેહેરના વખતમાં આમ નરીમાનને ત્યાં જાલનો જન્મ થયો. એ સાંમ જમશેદ પાદશાહની ઓલાદના કેરસાસ્પ નામના નામીચા પહેલવાનનો નબીરો હતો અને એણે અને એની ઓલાદે પોતાની સઘળી ઉંમર ઇરાનની સેવા બજાવવામાં કાહાડી હતી. જાલ કાબુલના પાદશાહની રોદાબે નામની દીકરી સાથ પરણ્યો એને તેને પેટે રૂસ્તમ પહેલવાન જનમ્યો હતો

પાદશાહનો ધર્મ વાષ મીનોચેહરની નસીહત.

પાદશાહનો પહેલો ધર્મ ખેતીવાડીની આબાદાની કરવામાં છે જે પાદશાહ પોતાના ખેડુતોને બીજ અને નાણાંની મદદ કરે નહી તેના મુલકમા આબાદાની કદી રાજ કરતી નથી.

બદકાર ફરજંદ વીશે પાદશાહ નોજરની નસીહત.

૧. બદકાર ફરજંદ તે છઠાં આંગલાંની મીસાલે છે. જો આગલું કાપી નાખીયે તો દુઃખ પોહોંચે, અને રહેવા દઇએ તો દગલે દગલે માઠું લાગે.

૨. જો કોઇ તારી સાથે ભલાઇ કરે તો તે ભલાઇ પોતાના દીલમાં યાદ કરવી નહી.

૩. જે ભલાઇ તારેથી જે કોઇ મેલવે તેને તે ભુલવી નહી

૪. ઇનસાફી માણસ તેજ કહેવાએ કે જે પોતાના ફરજંદની અણઘટતી ચાલ જુએ તો તેને શિક્ષા કરે જેથી તે ફરજંદ હદથી બાહેર જવાનું સીખે નહીં.

મીનોચહેરના બેટા નોજરે માત્ર સાત વરસ રાજ કર્યું હતું એ પાદશાહ ફરમાવે છે કે જે કોઇ નીચલા ૭ ગુણો ધરાવતો ન હોય તે દોસ્તી લાયક નથી ૧) તારી કોઇબી એબથી છુપી રીતે જાંણીતો થાય, તો તે એબને તારી આગળ ખુલ્લી કરી તે કામથી

તુને અટકાવે. ૨) તારી જે ભલાઇ જાહેર થાય, તેને લોકો આગળ એકની દસ ગણી ગેહરાવીને કહે. ૩) અગર જો તે તારી સાથે ભલાઇ કરે તો તે ભલાઇને પોતાના દીલમાં કદી યાદ કરે નહી. ૪) જે ભલાઈ તારેથી પોતાના હકમાં મેલવે તેને તે કદી ભુલે નહી ૫) તારીથી થએલા ગુનાહપર પોતાના મનમાં કશો ડાઘ રાખે નહી. ૬) અગરજો તુ પોતાના વાંકની માફી ચાહે તો તે કબુલ કરે એનુ નામ બુનદહેશમાં જણાવ્યુ નથી. એ એક ફતેહમંદ પાદશાહ નીવડયો ન હતો. ગાદી પર આવતા તેણે લોકોને નારાજ કર્યા. લોકો એનાથી કટાલી ગયાં જ્યારે એને એવા મામલાની ખબર પડી ત્યારે તે સાંમને બોલાવી મગાવ્યો જે આવતા લોકોએ તેને ગાદી આપવા માગી, પણ તેણે નીમકહરામ થવા ના કહી નોજરને સારો કારોબાર ચલાવવા સમજાવ્યો એજ વેલા અફ્રાસીયાબે ઇરાનપર ચઢાઈ કીધી અને કેટલીક લડાઈ કીધા બાદ નોજરને કેદ પકડયો, મારી નાખ્યો, અને ઇરાનની ગાદી પર બેઠો, પણ જાલે તેને ઉઠાડી જુ નામના પાદશાહને બેસાડયો જુએ થોડો વખત રાજ કીધુ જેની પછી કેરસાસ્પ આવ્યો એ પાદશાહ નબલો હોવાથી તે અફ્રસ્યાબ સામે થઈ શકયો નહી. તેથી તેની રૈયતે જાલને બોલાવ્યો. જાલે રૂસ્તમને મોકલ્યો રૂસ્તમે આફ્રસીયાબને હરાવ્યો પછી જાલે રૂસ્તમને અલબુરજ પહાડઉપર મીનોચેહેરની ઓલાદનો કેકોબાદ નામે શખસ હતો તેને બોલાવવા મોકલ્યો. રૂસ્તમે તેને બોલાવી ઇરાની રાજ સોંપ્યું. કેકોબાદના આવવાથી પેશદાદીયન વંશની આખેરી આવી અને કયાની વંશ શરૂ થયું.

કયાનીવંશના પાદશાહો

કવનકી એ ખાનદાનનુ નામ છે અને તે કયાની વંશને નામે ઓળખાય છે એ વંશના નીચના પાદશાહો જાણીતા હતા. કવીકવાત (કૈકોબાદ) કવી ઉસન (કાઉસ) અર્ષનપીશનઘ અઈવી વધુ,, બ્યારશન સ્યાવર્ષન (શ્યાવક્ષ), હુશ્રવધૂ (ખુસરો) અઉરવત અસ્પ (લોહોરાસ્પ) સપેનતોદાત, (અસફંદીયાર) ઉઝાવ (ઝાવ) અને વીસ્તાસ્પ (ગોસ્તાસ્પ). એ ખાનદાનનો પાયો નાખનાર કૈકોબાદ હતો.

કૈકાઉસ પાદશાહની નસીહતો.

દુન્યામાં સઉથી ભલી ચીજ અને ઉત્તમ નયામત સલામતી છે દરેક કામો વિચારનુ ફળ છે માટે દરેક કામોમાં ઉતાવળ કરતા ધીરજથી પુરતો અને ભલો વિચાર કરવો જોઇએ. દાનાઓની શીખામણો નહી માનવાથી આ દુન્યામાં દુખી થવાનું અને પેલી દુન્યામાં દોજખ મેલવવાનું બને છે. સઉથી સરસ ચીજ શીખામણ અને વધારે નીર્મળ તે તંદરોસ્તી છે, અને એ બેઉને પુરી પાડનાર અને તેઓથી સવાદ ચાખનાર તવંગરી છે, અને તવગરી કરતાં વધારે પ્યારો ન્યાય કરનારો તથા શીખામણ સાંભલી તેપર ચાલનારો છે

કાઉસ પાદશાહ તેનો બાપ કૈકોબાદ પછી ગાદીએ આવ્યો. એ ઘણો તુમાખી અને નાદાન હતો. એક વખત એક ગવૈયો એની દરબારમાં આવ્યો, અને એની તો સુંદર સરોદથી માજનદરાનના મુલકની સીફતમાં ગાયન ગાયું કે કૈકાઉસે તે મુલકને પોતાના પંજામાં લેવાનો વિચાર કીધો.

એના દસ્તુરીઓએ તેમજ જાલેજરે એને ઘણો વારયો પણ એણે કોઇનું માન્યુ નહી. માજંદરાનના પાદશાહે 'સફેદ દેવ' ને બોલાવ્યો. અને તેના જાદુઈ બળથી ઈરાનીઓનો નાશ થયો. કાઉસબંદ પકડાયો તેણે જાલપર નામુ લખી પસ્તાવો કીધો. જાલે બેટા રૂસ્તમને તેના બચાવમા મોકલ્યો. રૂસ્તમે સફેદ દેવને મારી માજંનદરાન જીત્યું. અને કાઉસને છુટો કીધો.

આમાંથી તે છુટયો નહી તેટલાં બરબરીસ્તાનના મુલકપર તેણે હુમલો કીધો, અને હમાવીરાનના મુલક પર હુમલો કરી તે જીતી લીધો. કોઇએ એને કહયું કે હમાવીરાનની બેટી સોદાબે ઘણી નેક છે તે જાણી ખુશી થઇ એકદમ તેને પરણવાનો વિચાર કીધો. હમાવીરાનના પાદશાહે એનું માગું પોતાના મુલકની પાયમાલીની ધાસ્તીને લીધે કબુલ રાખ્યું. પછી એક દિવસ હમાવીરાનના પાદશાહે એને મેહેમાન તરીકે બોલાવી મંગાવ્યો. જોકે એને સોદાબેએ જતાં વારયો અને કહયું' કે તેણીના બાપને પોતાના જમઇ તરીકે તે પસંદ નહી હતો, તો પણ તે ગયો અને રાજાએ તેને બંદીવાન કીધો. અને તેની સાથે ગેવ, ગોદરેજ, તુસ, ગુરગીન વગેરેને બંદીવાન કીધાં. હવે ઈરાની તખ્ત પાદશાહ વિનાનું થયુ. તે લાગ જોઇ અફ્રાસયાબે ઇરાનપર હુમલો કીધો. આ માહીં ખબર રૂસ્તમને જાબુલીસ્તાનમા પડી, રૂસ્તમ કાઉસને છોડવવા પાછો નીકળ્યો. અને હમાવીરાનના પાદશાહ પર લખ્યું કે દગલબાજી કરવી સારી નથી. તે રાજાએ બારબરી અને મીસરના પાદશાહોની મદદ માગી, પણ તોબી તે હાર્યો અને રૂસતમે કાઉસને સોદાબેને તથા બીજા ઈરાની સરદારોને કેદમાંથી છોડવ્યા.

'સોદાબેના મકકરો—કાઉસે હજી બેહુદા કામો કરવાનુ ચાલુ રાખ્યુ. તેણે સોદાબે રાણી ઉપરાંત તેણે એક બીજી રાણી સાથ લગ્ન કીધાં. તેણીએ એક બેટાનો જન્મ આપ્યો. તેનુ નામ કાઉસે સ્યાવક્ષ આપ્યુ. આફ્રીનમાં દુઆ ગુજારવામાં આવે છે કે સ્યાવક્ષના જેવા સારા દેખાવવાલા થજો. ત્યાર બાદ સ્યાવક્ષને કાઉસે રૂસ્તમને સોપ્યો. તેને તેણે હીમતવાન, દલેર બાહાદુર તરીકે ઉધારયો. પછી તેની મા મરણ પામી તેથી તે ઘણો ગમગીન થયો. આ બનાવ પછી સોદાબે તેની પર મોહી પડી પણ સ્યાવક્ષને તે ગમ્યું નહી. સોદાબેએ એક વેળા તેની પર જુઠું તોહમત મુકી પોતાના શરીરપર હુમલો કરવાનુ આળ મુકયુ. પણ કાઉસની ખાતરી થવાથી તેણે સોદાબેને કેદ પકડવા વિચાર કીધો. પણ તેણીની આગલી શેવા યાદ આવવાથી તે વીચાર માડી વાલ્યો ત્યારબાદ બીજું આળ શોદાબેએ જોડી કાઢયું અને કોઇના બચ્ચાં લાવી પાદશાહને દેખડાવ્યા કે આ બચ્ચાં તેણીને સ્યાવક્ષથી થયાં છે. પાદશાહે તેની તપાસ લેવા બેઉને આતશની ચેહેમાંથી પસાર થવાનો હુકમ કીધો સ્યાવક્ષ તેમાં ફતેહ પામ્યો અને પસાર થઇ ગયો. ત્યારે પાદશાહે સોદાબેને ફાંસી ચડાવવાનો હુકમ કીધો; પણ ખુબસુરત અને નીરદોશ તથા પવીત્ર અને ભલા સ્યાવક્ષે વચ્ચે પડી તેણીને છોડવી. સ્યાવક્ષ પોતાની આ સાવકી માતાની વર્તણુકથી ઘણો ગમગીન થયો. પછી અફ્રાસ્યાબે ઇરાનપર ચઢાઈ કીધી તેનો લાભ લઇ સ્યાવક્ષ તેની સામે ગયો અને તેને હરાવ્યો. સુલેહ થઇ પણ કાઉસે તે સુલેહ કબુલ ન રાખી. સ્યાવક્ષે સુલેહનુ વચન તોડવાના પાડીઅને

અફ્રાસ્યાબની દરબારમા રહેવાનું પસંદ કીધુ, પણ કરસીવજ જે અફ્રાસિઆબનો ભાઇ તથા બલ્ખનો હાકેમ હતો તેણે તેની અદેખાઇ કરી તેને મારી નખાવ્યો. આથી રૂસ્તમ કાઉસ પર ગુસ્સે થયો. આ પછી તે સોદાબેના મેહલમા ગયો અને તેને મારી નાખી. કાઉસે હવે તખ્ત પર ઠરીઠામ થવાથી ઇનસાફથી રાજ ચલાવવા માડયું અને રૂસતમને તેના મહાભારત કામને લીધે પહેલવાનનો નામીચો ખેતાબ બક્ષયો. તેને હાકમની પદવીએ ચડાવ્યો, અને સીરતાન અને જાબુલીસ્તાનના મુલકોની પાદશાહી બક્ષી, અને "તેહમતન"નો ખેતાબ બક્ષયો. કાઉસ પાદશાહે ત્યારબાદ હુનરોનો દેશમાં વધારો કીધો, અને અલબુજના પાહાડપર બે મહેલો બધાવ્યા, ત્યારપછી તેના મનમાં ગગરૂરી પેદા થઇ જે ઉપરથી શેતાને દેવોને મદદે લઇ તેની નોકરીમાં રાખ્યા અને એક તુરો આપી પાદશાહ આગળ નજર કરવા ફરમાવ્યુ કે તું ખલકતનો ધણી છે, પરીઓ, માનવીઓ, દેવો તારે તાબે છે. તારી મોટાઈ હદવિનાની છે. તો પણ તુ આકાસમાં ઉડી શકતો નથી તે શા ખપનું. તારે માટે જે ફતેહ રહી છે તે એજ કે જમીન પરની સર્વ ચીજોથી તું માહીતગાર છે, તેમ આકાશમાંની વસ્તુઓની પણ ખબરદારી મેલવ. કહેછે કે આથી કાઉસને આકાસમાં ઉડવાનો શોખ થયો, અને તેમાં સેતારે શનાસોએ તેને એક યુકતી સુચવવાથી એક ગરૂડ પક્ષીના માળામાં લુટ ચલાવી તેના બચ્ચાંઓ લાવી મોટાં કીધાં અને ખોરાક આપી તેઓને મજબુટ કીધા. પછી એળિયાના લાકડાની એક ગાદી બનાવી. તેને ચારે ખુણે ભાલો ખોસી તેની અણી સાથે એકેક બકરો બાંધ્યો, અને નીચે ખુણે એકેક ગરૂડ બાંધ્યું અને પોતે

વચમાં શરાબની જામ લઇ બેઠો. પેલા ગરૂડ પક્ષીઓ ભુખાં થયા અને તેઓએ બકરાના ગોસ્તપર તલપ મારી અને પાંખો ફફડાવી ગોસ્ત ખાવાની તલપમાં ઉડયાં. તેમના ઉડવાથી તખત જમીન પરથી ઉચકાયુ અને આકાસ તરફ ઉડયુ. જેમ જેમ ગરૂડ ગોસ્તને ખાવા બળ વાપરીને ઉડયાં તેમ તેમ તખત ઉચુ ચાલ્યુ પણ તેનુ છેવટ એ આવ્યુ કે ખોરાકને પહોચી નહી વકવાથી ગરૂડોનુ બળ ભુખથી ઘટી ગયુ તેઓ નબલા પડી ગયા અને ઉડવાનુ કૌવત નહી રહેવાથી તેઓની પાખ બધ થઇ અને તેઓ ગાડી સુધાં તુટી પડયા. એ પાદશાહ આકાશના છુપા ભેદે શોધવામાં મશગુલ હતો.

પાદશાહ કાઉસની શીખામણ.

જે દેશના કાયદા સારા હોય તે દેશનો હાકેમ સારો હોવોજ જોઇએ અને જે દેશનો હાકેમ સારો હોય તે દેશના કાયદા ખરાબ હોય નહી.

રૂસ્તમ અને અફ્રાસીયાબ

એક દિને રૂસ્તમે સીસ્તાનના મુલકમાં તુસ કાવે, ગુદરજ તથા તેના બેટા ગેવ તથા પાદશાહી કુટુબના ગુરગીન અને બેહેરામ બુર્ઝીન અને ફરહાદ નામના લડવૈયાઓને જયાફતે બોલાવ્યા અને પછી મોજ કરી તેઓને જહુન પસાર કરી પેલેપાર તુરાનના મુલકમા જવાનો ઠરાવ કીધો. અફ્રાસ્યાબે સાંમેથી રૂસ્તમની સામે થવા તૈયારી કરી રાખી હતી, પણ રૂસ્તમે તેની ઘણી ખરાબી આણી અને જવાન પીલસમ જે અફ્રાસયાબના વજીર પીરાનનો ભાઇ હતો તે માર

ખાન નાડા તુરાની પાદશાહે બીજી એક કોશેશ કીધી પણ તેમાં તે ફાવ્યો નહી અને અતે જીવ લઈ નાઠો. રૂસ્તમે તેની પુછ પકડી અને પકડી પાડી તેના ગલામા કમન્દ નાખી. પણ અફરાસ્યાબ કમન્દ તોડીને નાઠો અને તેનો સર્વ ખજાનો રૂસ્તમના હાથમા આવ્યો.

ફીરદોસીએ કાઉસને જીવતો રાખી જે એક લાંબા રસીલાં આંખમાથી આસુ ટપકાવનારાં દાસ્તાનથી તેના રાજનો ખગ વાળો આપ્યો તે રૂસ્તમના બેટા સોરાબ સાથની તેના ખુનખાર લડાઇની વાર્તા છે.

"રૂસ્તમ સોહરાબનું દાસ્તાન".

એક દીવસ રૂસ્તમ તુરાનની પડોસમા શીકારે ગયો ત્યાં ગોરખરનો શેકાર કરી તેના કબાબ બનાવી સતોશ પામ્યો, અને પોતાના ઘોડા રખશને છુટો મુકી સુતો હતો તેટલામા કેટલાક તુરાનીઓ તે સુદર અસ્પને પકડી લઇ ગયા. રૂસ્તમે તે ચોરાયલો જાણી પડોસના તુરાની શહેર સમનગાન તરફ તે ચાલ્યો. રૂસ્તમ ઘણો નામીનો હોવાથી તેને ત્યાનો પાદશાહ લેવા ગયો, મહેલમા તેને નોતર્યો, તેના ઘોડાની ખબર કહાવી અને ખાનીપીનીથી તેને ખુશી કીધો. એ શાહની એક ખુબસુરત દીકરી નામે તેહમીના હતી તેણી રૂસ્તમપર ફીદા થઇ જે ઉપરથી બેઉનાં લગન થયાં. પછી ઝાઝા દીવસ પરદેશ મુલકમા રહેવાય એમ ન હોવાથી પોતાનો રખશ જે ચોરાયો હતો તે પાછો મલવાથી રૂસ્તમ ઇરાન તરફ વીદાય થયો, તે આગમજ પોતાની તેહમીનાને એક બાજુબધ આપ્યો, એવું કહીને કે જો તેને ત્યાં છોકરી આવે તો તેના બાલમાં તે મુકજે અને છોકરો આવે તો તેની બાજુએ તે બાંધવું તેણીએ એક દલેર

ખુબસુરત બેટાનો જન્મ આપ્યો અને તેનુ નામ સોરાબ રાખ્યુ તે એક મહીનાનો થયો ત્યારે એક વર્ષના જેટલો ખીલ્યો હતો અને નવ વર્ષનો થયો ત્યારે તેની બરાબરનો કોઈ ગોઠયો મલી શકયો નહી તેણે પોતાની માતા તેહમીના તરફથી ખબર મેળવી કે તે જહા પહેલવાનનો બેટો હતો આથી તે ઘણો ઉલટમાં આવી ગયો અને બાપને મલવા તૈયાર થયો. તેની માએ તેની હુલડાઈથી ઘણો વાર્યો અને જેમ જેમ રૂસતમ તરફથી ભેટ સોગાદો આવતી ગઈ તેમ તેમ તેણી તેને પોતાના ન્યાગાનોની તારીફ કરીને ઉશ્કેરતી ગઇ. તેણીએ રૂસતમને પરપુછમાં એમ કહેવાડયુ કે બેટો હજી નાનો છે જેથી રૂસ્તમને નીરાસી ઉપજી અને આસ્તે આસ્તે તે સમનગાન ભુલી ગયો તેહેમીનાએ તેને ખેચેલો રાખવાની ઘણી કાળજી કીધી નહી. પણ તેથી ઉલતું તેણીએ સોરાબને સખત તાકીદ આપી કે તું રૂસ્તમનો બેટો છે એવું સૌ આગળ એકદમ જાહેર કરી દેતો ના, કેમકે તુરાનનો અફ્રારયાબ જાણશે તો તને મારી પાસથી લઇ મુકી આપણુ બનેને દુઃખી કરશે આના જવાબમાં સોહરાબે તો એકદમ પાદશાહ આગળ જઈ તેની સાથ લડાઇ કરવાનો, કાઉસને તખત પરથી ઉઠાડી મુકવાનો, ઇરાન અને તુરાનને જીતી રૂસ્તમને તે સર્વનો માલેક કરવાનો પોતાનો ઠરાવ જાહેર કીધો. તે રખ્શના બુનનો એક ઘોડો હતો તેની પર સવાર થયો, અને કાઉસ સામે લડાઇ લઇ જવા તૈયાર થયો. તેહેમીનાએ બહુ બલાપો કીધો, ઘણું રડીને તેને સમજાવ્યો. પણ સોરાબ પોતાના વિચારથી ફર્યો નહી. તેની તૈયારીઓની ખબર

સાંભળી અફ્રાસ્યાબે તેને પોતાના લશ્કરની સરદારી આપી તથા તેની જોડે હુમાન અને બારમાન નામના સરદારોને સોંપયા. આ બેઉ ધણીઓને અફ્રાસ્યાબનો એવો તાકીદનો હુકમ હતો કે તેઓએ બનતા સુધી રૂસતમ અને સોરાબને તેઓની વચ્ચેની મુલાકાતથી દુર રાખવા, અને તેઓ એક બીજાને પોછાની શકે નહી તેમ કરવું. તેણી વલી ફરમાવ્યું કે સોરાબને હાથે જો રૂસતમ માર્યો જાય તો પછી એ જવાનનું દગાથી જીવ લેવાનુ કામ મુશકેલ નથી. માટે પહેલે તો તેઓને એક બીજા સાથ લડાઇમાં ઉતરવાની ગોઠવણુ કરવી. ઇરાન ખાઇ જવાનો અફ્રાસ્યાબનો લોભ કેટલે હદે પાર પડયો તે હવે આપણે જોઇશું.

હવે તેહેમીનાએ પોતાના ભાઇ જીન્દેરજમેને સોરાબ સાથે મોકલ્યો એવું કહીને કે જયારે આ મારો બેટો ઇરાન પુગે અને લડાઈમાં સામ સામ બેઉ લશ્કર મલે ત્યારે તુ આ નામાંકીત બેટાને તેના બાપને દેખાડજે. હવે સોરાબ કુચ કરતો ઈરાન ગયો. તેણે ઈરાનની સરહદ ઉપર લડાઇ ચલાવી, જેથી ઇરાનીઓ ધણુા બીધા, આથી કાઉસે સોરાબ સામે લડવા રૂસતમ સીવાએ બીજા કોઇને જોયો નહી. એક રાતે જયારે બેઉ લશકર છાવણી નાખી બેઠું હતું ત્યારે રૂસતમ સોરાબ આગલ તેનો દહેરો જોવાને ગયો. જે જોઇને તે અજબ થયો. તેટલામાં સોરાબનો મામો જીન્દેરજમ મીજલસમાં જરૂરના કામસર આવી પહોંચ્યો. તેણે અંધારામાં રૂસ્તમને નહી ઓળખવાથી આગલ જઇ પુછયું તુ કોણુ છે.? રૂસતમે તેની ગરદનપર એક મજબુત મુકકી મારી જેથી તે તુરત મરણુ પામ્યો. આ મુજબ સોરાબ અને તેના બાપ વચ્ચે કમનસીબે ઓળખાણુ કરાવનાર મરદ માર્યો ગયો. ત્યાર પછી સોરાબે રૂસતમને

ઈરાનીઓની છાવણીમાંથી મારખી કાઢવાની ઘણી કોશેશ કીધી પણ તે ફોકત ગઇ. બીજી સવારે કીલ્લાને મથાળે હજીરને લઇ જઈ ઇરાની છાવણીમાનાં તંબુ કોણ કોણના છે તે બાબે સોરાબે પરપુછ કીધી તેણે હજીરને કબુલાત આપી કે જોતુ મને ખરેખરૂ કહેશે તો હું તને બંધમાથી છુટો કરીશ હજીરે સઘળા ડેરાનો ખુલાસો કીધો તેણે કહયુ કે હાથીવાલો ડેગ પાદશાહનો છે તેની જમણી બાજુએ તુસનો, કીરમજી રંગનો ગોદરેજનો, પણ રૂસતમના ડેરાની વાત તેણે છુપાવી. તે લીલા રંગનો હતો જેની ઉપર કાળ્યાની ઝુંડા ઉડતો હતો સોરાબે તે વિશે પુછ્યુ પણ હજીરનો જીવ તે કહેવાને ચાલ્યો નહી તેથી તેણે ખોટો જવાબ દીધો કે તે કોઇ ખાકાને ચીન તરફનો છે. તેને ફરીથી પુછતાં પણ તેને સોગંદ ખાઈ ના પાડી. હજીરે વળી જુઠ્ઠુ બીજું બી કહયુ કે રૂસતમ હજુર જાબુલીસ્તાનથી આવ્યો પણ ન હતો આથી તે બહુ દુખી થયો કેમકે હજીરને ઘણી કાકલુદી કરવા છતાં તેણે રૂસતમનો પટો આપ્યો નહી. સોરાબે પહેલાં પાદશાહના ડેરા તરફ ધસી તેની સાથ લડાઇ કરવાની માંગણી કરી અને જયારે તે રજુ થયો નહી ત્યારે તેને અપમાન કર્યું. રૂસ્તમે પણ પાદશાહની ફરમાસ છતાં પેહેલે લડવાની ના પાડી. પણ બીજીવાર કાલાવાલાથી હા પાડી. સોરાબે તેનો જાન લેવાની ધમકી આપી પણ રૂસતમને તેની ઉપર દયા આવી, તેની સાથે લડવા ના પાડી, આથી સોરાબે કહયું, છેતું રૂસ્તમ, પણ રૂસ્તમે તે સચ્ચાઇ કબુલ કરવાની ના પાડી, આથી તેઓ બહુજ લડયા લડતાં લડતાં તેઓના હથીઆરો મરડાઇ ગયાં. સેવટે સોરાબે એક મજબુત ફટકો રૂસ્તમના માથાપર માર્યો, રાત્રે બન્ને પક્ષવાલા પોતપોતાની દરબારમાં એકેકના બળની બહાદુરી માટે વખાણ

કરવા લાગ્યા. સોરાબને લાગ્યુ કે આ તેનો બાપ છે પણ તુરાની સરદાર હોમાને આ વાતની સચ્ચાઈ ના પાડી. ફરી તેઓ લડયા તેમાં સોરાબે ખંજર કહાડી તેનો જીવ લેવા માંગ્યો; પણ રૂશતમે ત્રીજી વારની લડાઇમાંજ ખંજર કાધવાનો ધારો છે એમ કહી પોતાનો જાન બચાવી લીધો. ત્રીજી વારની લડાઇમાં મામલો ઉલટાઇ ગયો. સોરાબ રૂશતમના હાથપર નીચે પડયો, જેથી તેને ઝટ ખંજર ભોકી દીધુ. હવે બધો ભેદ જણાઇ ગયો સોરાબે રૂસ્તમને પીતા જાહેર કીધો અને બાજુ બંધ દેખાડી તેહમીનાની યાદ આપી, આથી રૂશતમની આંખને ચીત્રી આવી તેણે આપઘાતની તજવીજ કીધી પણ સોરાબે તેને વારયો રૂશતને છુટો જોઈ ઇરાની સરદારો રૂસ્તમ તરફ દોડી ગયા તેઓ સઘળી બીના સમજી ગયા અને પાદશાહ પાસે મરણ તોલ ઘાયલ થએલાઓને સજીવણ કરે એવી દવા હતી તેની માગણી કરી પણ સોરાબની સુર કાઉસે તે આપવા ના પાડી, અને રૂશતમ કાલાવાલા કરેતે આગમજ સોરાબે પ્રાણ છાંડયો રૂસ્તમે પોતાનું સર્વસ્વ આલી નાખ્યુ સોરાબની લાશને સીસ્તાન લઇ ગયા અને તુરાનીઓ સામે કામ નહિ પાડવાની રૂસતમે કસમ લીધા અને તેહમીના પોતાના બેટાના અકાલ મોતની ખબર સાંભલી બળી મરવાને તૈયાર થઇ; પણ તેમાથી તેને બચાવી. પછી ગમમા ગીરફતાર રહી એક વરસમાં તેણી મરણ પમી.

સોરાબ અને ગોરદ આફ્રીદની વાર્તા.

જયારે શેરાબ તુરકસ્તાનના પાદશાહ અફ્રાસ્યાબના લશ્કરની કુમક સાથે ઇરાનપર ચઢાઇ લાવ્યો ત્યારે જે સર-હદના અમલદાર તરીકે હજીર નામનો સરદાર તે કીલ્લાનો

નેગેહબાન હતો તે દેજ્જેનપીસ્તના કીલ્લામાં ગસતમ નામનો જાણીતો ઇરાની સરદાર પણ વડા અમલદાર તરીકે હતો. અને તેની સાથ તેની જવાન બહાદુર ગોરદ આફ્રીદ નામની બેટી હતી. જયારે સોરાબ કીલ્લાની નજદીક આવ્યો ત્યારે હજીર તેની આગલ જઇ સામે થયો અને પોકાર માર્યો કે આ લશ્કર કોણનુ છે ? સોરાબ તેની સામે થયો અને હજીર સાથે હાથોહાથ લડાઇ કરતા તેને બદીવાન પકડયો, અને પોતાની છાવણીમાં લઇ ગયો. હવે જયારે રૂસતમને હજીર કેદ પકડાવાની અને બહાદુર સોરાબની કાબેલ્યતની ખબર પડી ત્યારે સઘલાઓમાં હો હા થઇ. જયારે ગોરદ આફ્રીદને સરદાર હજીર બંધમા પડવાની ખબર પડી ત્યારે તેણી દલગીર થઇ અને અફસોસ કરવા લાગી. તેણી એક ઓરત હતી તો ll બહાદુર હતી તેથી જ તેણીના નામનો અર્થ 'પહેલવાન તરીકે જન્મેલી' હતું, હજીરના કેદ પકડાવાથી તેણી લજવાઇ અને ફીકી થઈ ગઇ અને સોરાબ સામે બખતર કોલાહ સાથે સજ થઈ લડવા આવી. તેણીએ મરદનો લેબાસ લીધો હતો, પણ સોરાબને હાથનો માર ખાઇ તેણી ઘોડાઉપરથી તુટી પડી તે વેળા તેણીની કોલાહ ઉડી ગઇ જેથી તેણી એક અબલા છે એમ જાહેર થયુ. સોરાબે જાણ્યુ કે " આતો એક જવાન છોકરી છે" અને તેણીના સુદર વાળ એક તાજને લાયકના છે. તેણી કેદ પકડાઇ ગઇ માટે છુટવાના બાહના કાઢયાં અને કીલ્લાનો સઘલો ખજાનો પોતાના હાથમાં છે એવું કહી સોરાબને તે સ્વાધીન કરવાને મસે તેને લલચાવ્યો. તેણીના બોલો અને તેણીના દેખાવે સોરાબના દીલપર અસર કીધી અને તેણે તેણીને કહયું કે "તારા બોલવાથી તું ફરતી ના કારણ કે તે મને લડાઇને દીવસે

અજમાવી જોયો છે. આ કીલ્લાના તુકડાપર દીલ ના બાંધતી (એટલે કીલ્લામા જઇને હુ હવે સલામત છેઊ એમ વિચારી તારી શરત કે કીલ્લો શરણુ કરવો તેથી ફરીના જતી. કારણુ કે એ કીલ્લો કાંઇ આસમાનથી બુલંદ નથી માટે બુરૂજ તેને જમીનદોસ્ત કરશે." ગોરદ આફ્રીદે પોતાના ઘોડાની લગામ કીલ્લા તરફ ફેરવી. સોરાબ તેણુી સાથે ગયો, તેણુીને બાપ ગસ્તમ દરવાજા પર આવ્યો અને કીલ્લાનો દરવાજો ઉઘાડયો અને ગોરદ આફ્રીદ દાખલ થઈ. જેવી તેણુી દાખલ થઇ કે કીલ્લાનો દરવાજો બધ કરવામાં આવ્યો. હવે તેણુી કીલ્લાની બુરૂજ ઉપર આવી અને જોયું તો હજુર સોરાબ કીલ્લાની બહાર ઘોડા ઉપર બેઠેલો હતો સોરાબના મનમાં એમ હતું કે તેણુી તેને અંદર બોલાવી કીલ્લો શરણુ કરશે પણુ તેણુીએ દરવાજા બધ કરી તેને પાછો ફરવા કહયું તેના આવા જવાબથી સોરાબે કહયુ કે ઓ ખુબસુરત બાનુ! તાજ અને તખતથી હુ સોગન લઉછું કે આ કીલ્લાને હુ જમીનદોસ્ત કરીશ, અને તુને મારા કબજામા લઇશ. ગોરદ આફ્રીદે હસીને કહયુ કે તુરાનીઓ અને ઇરાનીઓ વચ્ચે સંબધ સરજેલોજ નથી તુ તારા દીલને ગમગીન નાકર અને જાણુ કે જયારે શાહનશાહ અને રૂસ્તમ લડાઈમાં આવશે ત્યારે તું તેઓ હજુર ટકી શકશે નહી. સોરાબ બીજી સહવારે ત્યાં જવા માગે તેની આગમજ કીલ્લામાનાં ભોયરાનાં એક છુપા માર્ગે ગોરદઆફ્રીદ પોતાના બાપ અને ઇરાની લશ્કર સાથે તે કીલ્લો છોડી જતી રહી હતી.

શીઆવક્ષની માતા વિષેની વાર્તા

જેમ ફરેદુનને તેના બેટા એરચના ખુનનો કીનો લેવા માટે જીવતો રાખવાનું પીરદોશીએ લાયક જોયુ છે, તેમજ કાઉશને પણ તેના બેટા શીઆવક્ષના ખુનનો કીનો લેવા સારૂ જીવતો રાખેલો જણાયછે અવસ્તા મુજબ એ, ખુબસુરત ચેહેરાનો હતો. એક પેહેલવી ચોપડીમા એને "આઝાદેહ" એટલે "પવીત્ર" કહયો છે. એક દીને મરદાં બોલતા, શાહજાદો તુસ ગુદરજ અને તેના બેટા ગીવ સાથ શેકાર ગયા. તેઓ નાના રેસાલા સાથે જહુન નદી ઓલગતા હતા, તેટલામા એક નવજવાન કન્યા મલી, તેણીએ એક તુરાની શાહજાદી તરીકે પોતાને ઓલખાવી પણ પોતાના બાપના જુલમથી નાસીને જહુન છોડી ઇરાન આસરો શોધવા આવી છે એમ કહ્યુ, તેણી ફરેદુનની ઉતરી આવેલી શીવરની બેટી હતી, જે તેણીને તુરાનના પાદશાહ સાથે પરણાવના માગતો હતો. પણ તેનાં કદરૂપા ચેહેરા અને ખરાબ સ્વભાવને લીધે તેણી તેની રાણી થવાની લાલચો પડતી નાખી નાસી આવી હતી. તેણી જંગલમાં રહી એવા વિચારથી કે જયારે તેના બાપનો ગુસ્સો નરમ પડશે ત્યારે તે તેણીને પાછી બોલાવશે માટે તેણીએ હવે જંગલમાજ થોભવાનો વિચાર કીધો. તુસ તેમજ ગેવ આ શાહજાદીને પરણવાને તૈયાર થયા પણ તેઓનો ફેસલો ચુકવવા કાઉસ પાસે ગયા. ત્યારે કાઉશ તે શાહજાદી સાથ પરણવા તૈયાર થયો, પણ તેની અગાઉ તેણે ખાતરી કીધી કે ફરેદુનના ઓલાદની તે હતી કે નહી આ બાનુ કે જેનુ નામ જણાયું નથી તેણીને પેટે જે ફરજંદ થયુ તે શીઆવક્ષ

હતો. શાહજાદો ઘણો દાનાવ નિવડશે એવી શેતારંશનાસોએ આગાહી કીધેલી, તેથી તેને તરબીયત આપવાનુ કામ રૂશતમનાં હાથમા શોપયુ તે તેને જાબુલ લેઇ ગયો, ઘોડે સ્વારી તીર દાજી શીકારબાજી તાજીમતવાજો, ચીત્તા સાથ જગ અને એવા બીજા પાદશાહને છાજતા ઉચા હુન્નરોની રૂસ્તમે તેને તાલીમ આપી. ત્યાર બાદ તે પોતાના બાપને મલવા ગયો કાઉશ તેને જોઇ ખુશી થયા પછી તેને મનની કેળવણી આપવા સાત વરસ સુધી નામીચા ઉસતાદો રાખ્યા, હવે તે જવાનીમાં આવ્યો. તન તે ચચલ અને ખુબસુરત હતો

'અફ્રાસીઆબના ભાઈ કરસીવજનાં કારેસતાન કાચા કાંનની ખરાબી!"

સીઆવક્ષ અફ્રાસીઆબને લડાઇમા હરાવ્યો અને સુલહના કોલકરાર થયા અને ઇરાન પાસે જે મુલકો તેણે જીતી લીધા હતા તે પાછા આપ્યા. સીઆવક્ષ રૂસ્તમની સલાહથી એ સરત કબુલ રાખી. કાઉશને આ વાત ગમી નહિ. તેણે હુકમ કીધો ક સુલહ રદ કરવી અને તુરાન મુલકપર હુમલો કરી તે જીતી લાવવો આથી સીઆવક્ષ કફોડી હાલતમા આવી પડયો. જો તે તુરાન ઉપર લડાઇ લઈ જાય તો અફ્રાસઆબને આપેલો સુલેહનો કોલ તોડે, તે જો તેમ કરે નહિ તોબાપની વધુ ઈતરાજીમા આવે અને જો તે ઇરાન આવતો રહે તો બાપની ઈતરાજી અને સાવકી માતાની દુશમની વચ્ચે તેને રેહેવું પડે, તેથી તેણે પોતાના વતનથી દુર તુરાનમા રહેવાનો વિચાર કીધો. અફ્રાસીઆબે તેને ઘણુ માન આપ્યું અને ખુશાલીનાં પોકારો વચ્ચે તેને વાજતે ગાજતે મેહેલમાં લીધો. સીઆવક્ષ ઉપર અફ્રાસીઆબનો ચાહ હતો, અને તેના વજીર પીરાન વેસેનો તે માનીતો થયો

અને તે એખલાસ એટલો વધ્યો કે પીરાંનની બેટી ગુલશેહર જે "જરીરાને" નામે ઓલખાતી હતી તેની સાથે સીઆવક્ષ ની શીઆદી કીધી. આ શીઆદી રાજદવારી વાતો વધારનારી નીવડી નહી અને તેથીતુરાનીપાદશાહનાં બેટી ફીરગીઝ સાથે શીઆવક્ષનાં લગન ગોઠવાયા શાહજાદો ભલો હોવાથી તેને બે બાયડી કરવા ના પાડી. તે ગુલશહેર સાથે સંવટને માટે જોડાયો હતો અને તેને સર્વસવ અર્પણ કરયુ હતુ, માટે ફીરગીઝ સાથે શેઆદી કરવા ના પાડી. ગુલશ્હેર એક ખરેજ સ્ત્રી ફ્રેસ્તો હતી. તેણીએ પોતાના ખાવીદને બીજી બાયડી કરવાના લાભો જણાવ્યા અને તેના સુખના વધારાને થકી પોતાના શુખનો ભોગ આપવા જરાબી આનાકાની કીધી નહી. આખરે બીજી શીઆદી થઇ; જયા તેઓ કીમતી ભેટ સોગાદો સાથે રહયા, અને સીઆવક્ષે પહાડપર કગંદેજ નામનો કીલ્લો બનાવ્યો મહેલ અને બગીચા બનાવી સીઆવક્ષે કેકોબાદ કએકાઉશ, પશગ અને અફ્રાસીઆબ, જાલ અને રૂસ્તમની શુધસબીઓ ચીતરાવી પછી તેને મેહેલની આસપાસ સુંદર હવેલીઓ બંધાવી શેહર વસાવી દીધુ પણ તે સર્વ મોજમજાહ છતા સુખી ન હતો. પોતાના પાયતખ્તથી છુટો પડવાનો સબબ બન્યો તે માટે તે દુખી હતો. ગુલશહેરે સીઆવક્ષને એક પુત્રની ભેટ કીધી જેને ખોતનનો નત્રો પાદશાહ પીરાનના મુલકમાં રાખો આવ્યો હતો કરસીવજ અફ્રાસીઆબના ભાઇએ એ વિષેની ખબર સીઆવક્ષને પોહો-ચાડી. કરસીવજ એ એક કપતી અને અદેખો માણુસ હતો. તે બહારથી સીઆવક્ષ તરફ મહોબત દેખાડતો પણ અંદર ખાનેથી તે બલતો હતો. સીઆવક્ષ તેની ખબરથી ખુશ થયે પણ કરસીવજ જેવા શાહજાદાને યોગ્ય આવકાર તે દેવાને ભુલી જવાથી તે ઘાતકી તુરાંનીનાં દીલમાં ગુસ્સો આવ્યો. વળી

કરસીવજના સરદારો સાથે કેટલીક રમતમા તેને જીત મેલવી. તેથી તથા ખોતન ખાતેના લશકરને લડાઇને માટે તૈયાર કરવા પાછલ તે મેહેનત લેનો હતો તેથી કરસીવજને અદેખાઇ આવી તેણે અફરાસીઆબને જઇને કહયું કે તેની આગળ ઇરાની કાસદ આવ્યો હતો તથા તે તુરાંન જીતવાની તૈયારી કરે છે, અને જલદીથી બળવો ઉઠાવે એમ છે, લશકર પણ સીઆવક્ષને ચાહે છે • અને ફીર ગીઝ પણ આપણા તખ્ત ઉપર બેસવા રાજી છે, અને તુ જાણે ગોવાલા વગરનો ભરવાડ જેવો છે. એમ બીજી નાલેસીઓથી કરસીવજે અફરાસીઆબના ખુબ કાન ભર્યા. અફરાસીયાબ જેમ બહાદુર તેમજ દુરઅદેશ અને દાહયો હતો તેણે પેહેલે આ વાત માનવા સાફ ના પાડી તો પણ તેને ઇરાન મોકલી દેવાનો વીચાર કીધો. કરસીવજે વાંધો લઇ કહયુ કે તેણે તુરાનનુ બળ, લશકર, મોટાઇ નબલાઇ કીલ્લેબધી અને બચાવનાં બધાં કામો જોઇ લીધાં છે. માટે તેને ઇરાન મોકલવામાં લાભ નથી ત્યારે બેહેતર છે કે તેને કંઇ યુકતીથી પાયતખ્ત ખાતે બોલાવવો. આ સુચના અફરાસીઆબને ગમી અને કરસીવજને સીઆ-વક્ષ આગળ મોકલાવયો કરસીવજે તેને ઉંધુ ચતુ સમજાવી થોભાવી પાડયો આથી અફરાસીઆબના શક મજબુત થયો અને કરસીવજનું કહયુ તેણે ખરૂ માન્યું આવી શીઆ-વક્ષ ગભરાયો તેની રાણીને તેણે સલાહ આપી કે હવે ઇરાન નાસી જવું ફીરગીજે સાથે આવવા આનાકાની કીધી તેથી શીઆવક્ષ તો તેજ ૩૦૦ ચુનદા ઇરાની સોબતીઓ લેઈ ઇરાન તરફ માર્ગ ધર્યો. પણ કરસીવજે તેની પુઠ પકડી સઘળા ઈરાની સવારો ને મારી નાખ્યા, અફ્રરાસી-આબે જંગમા દેખાવ દઈ પોતાના જમાઇને મારી નાખ-

વાનો વીચાર કર્યો પણ પીલસન અને બીજનઆ વચ્ચે પડવાથી તેન તેનાંજ મહેલમાં પાછો મોકલી આપવાની સુચના કીધી, જયા તેને એક કેદીની હાલતમા બેડી સુધા મોકલી આપવામા આવ્યો ત્યારે ફીરગીજે પોતાના ખાવીદ તરફથી વચ્ચે પડી સર્વ વાત તેને કહી અને કરસીવજની અદેખાઇથી સઘલુ તોફાન ઉભુ થયલુ જણાવ્યુ પણ પરીણામ એ આવ્યું ક બાપે બેટીને મેહેલના ખુણાંમા કેદ કીધા અને સીઆવક્ષનુ માથુ કાપવાંના કરસીવજને હોકમ કીધો તે કપતી માણસ આવા કોઇ કપટને માટે ઇતેજાર હતોજ. એક જલ્લાદ પાસ તેનુ ડાકું કપાવ્યુ અને તેનું લોહી એક રકાબીમા ઝીલીને નાકહર અફરાસી-યાબપર મોકલી આપ્યુ, અને મરહુમના સરને ભાલાની ટોચ ઉપર લટકાવી પોતે લેઇ ચાલ્યો. ભલા શીઆવક્ષની લાસને પીરાનના ભાઇ પીલસને માન સાથ અવલમનજલ પોંચાડી આ ઘાતકી મોતથી ફીરગીઝ ગમથી ઘેલી થઇ ગઇ અને સખત ફરીઆદ કરવા લાગી, પણ અફરાસીઆબે તેનેબી મારી નાખવાનુ કામ પેલાજ કરપીણ કરસીવજને સોપ્યુ, પણ પીરાને વચ્ચે પડી પાદશાહનો હુકમ પાછો ફેરવયો, ફીરગીજને છોડીને પોતાને ઘર લઇ ગયો અને તેણીને પોતાની બાયડીને સોપી અને જયાં સુધી તેણી બાળકનો જન્મ આપે ત્યા સુધી તેની સેવા બજાવવા કહયુ.

કેએખુસરો.

કેએખુશરો જે સીયાવક્ષનો બેટો હતો તેને કયાની નુર મળયુ હતું તેની બરકતથી તેણે પોતાના મુલકને નવો બનાવી પાછો આબાદ કીધો, જુલમથી

મારી ગએલા શીઆવક્ષના કીનામાં અફ્રાસીઆબ સાથની લડાઇમાં કેખસરૂએ એને હરાવી કેદ કીધો, આ મહાન કામને લીધે તેને આવાં અશ્વીસુરની પ્રાથના કીધી જે બર આવી, કેખસરૂએ મુરતીપુજા વગેરેનો નાશ કીધો, ચએચસ્ત તરફ આતશખાનાઓ બાંધ્યા અને આદર ગુશસ્પ નામના આતશની સ્થાપના કીધી હતી એની માનુ નામ વીસયાનફ્રયા હતુ અને તણી અફ્રાસીઆબની બેટી હતી અફ્રાસીઆબે શાહજાદી ફરંગીઝને પીરાનની સંભાલ હેઠલ સોપી અને જેવુ તેણી બાળકને જન્મ આપે તેવુજ તેને મારી નાખવા ફરમાવ્યુ હતુ પીરાન ખુશી થઇ અફ્રાસીઆબનો હોકમ માથે ચહડાવી ફરંગીઝને ખોતન લઇ ગયો, જયા તેણીએ એક બેટાનો જન્મ આપ્યો પીરાને અફ્રાસીઆબના હોકમ મુજબ તે બચ્ચાને પાયતખ્ત ખાતે ન લઇ જતા કોઇ ભરવાડને તે સોંપ્યુ અને પાદશાહને એવુ સમજાવ્યુ કે તે બાળકને તેણે જંગલમાં ફેંકી દીધુ ધાટકી અફ્રાસીઆબ આ જવાબથી શરમાયો અને શીઆવક્ષનાં ખુન માટે હવે પસ્તાવો કીધો, કેમકે તે ખુની બનાવ પછી તેને રોજ ભયંકાર સવપ્ના આવતા હવે તેનો નજરમાં કરસીવજ તકસીરવાર થયો, જેના ઉપર વાજબી રીતે પાદશાહે ધીક્કાર બતાવ્યો હવે કલુન પર્વતપર પેલુ બાળક ઉછેરતુ ગયુ તે જેમ જેમ મોટુ થયુ તેમ તેમ પાદશાહી નુર તેના પર પ્રકાશી નીકલ્યું શીકાર અને બીજી રમતમાં તે એકો નીવડયો.

પીરાને જાતે તે બાળકની ચાલાકી દીઠી, તેથી તેણે અંદેશો કરી અફ્રાસીઆબ આગળ તેની હૈયાતીની વાત જાહેર

કીધી કે જંગલમાંથી કોઈ ભરવાડે તેને ઉછેર્યો છે પણ તે કેવલ મુર્ખ છે પાદશાહે તેને બોલાવી મંગાવ્યો, અને પીરાને ખાનગી ગારનગુરી તેને એક મુર્ખ ગામડીઆના છોકરા દાખલ રજુ કીધો. તે માથે તાજ મુકી ઘોડેસ્વાર થઇ અફરાસીઆબ આગળ આવ્યો, તેથી તેનો જીવ બહુ કચવાયો પણ જ્યારે તેઓના પુછેલા જવાબોનો તેણે મુર્ખ જવાબો આપ્યા ત્યારે તેઓને ધીરજ આવી અને એનેથી કશી ઇજા થનાર નથી એમ ખાતરી કરી તેને પાદશાહે ભેટ સોગાદ સાથે તેની મા કને પાછો મોકલ્યો, તેની મા હજુર ખોજાનીયા રહેતી હતી. સીઆવક્ષે એક સુંદર શહેર વસાવ્યું હતું, પણ તે શેહેર તેના દુશમનોએ તારાજ કીધું હતું માટે ફીરંગીઝ એક ઉજ્જડ જગામાં રહેતી હતી તોપણ તેને મનથી પોતાના ખાવિંદની યાદમાં તે જગા બેહેસ્તખાના જેવી હતી અને ત્યાંજ તેણી રહી.

આ વખતે ઇરાંનમાં ગડબડ ચાલી રહી. સીઆવક્ષના ખુન પછી રૂસ્તમ દરબાર સાથ છેડાઇ પડયો, તથા બીજા પેહેલવાનો પણ નારાજ થયા. તુસને સીઆવક્ષની જગામાં નેમેલો હોવા છતાં સીઆવક્ષના મોત પછી પાછી ઇરાની ફોજને જહુન નદી ખાતેથી બોલાવી લેવામાં આવી. તુસ ફરીબોજ (કેકાઉસનો નાનો બેટો, ગુદર્જ ગીવ બેહેરામ અને ફરહાદ સર્વ કોઇના દીલ દુખી થયાં હતાં, સીઆવક્ષના ખુનની ખબર સાંભલી રૂસ્તમ કીનો લેવા પેહેલો બહાર આવ્યો. તેણે પેહેલાં પેલી બેવફા રાણી સોદાબેને મારી નાખી. તે હમાવિરાન નામના જુલ્દીન પાદશાહની દીકરી હોવાથી સઘળાઓ ખરાબી તેનીથીજ માનતા હતા. અને ફીરદોશી તેને જાદુગર દાખલજ ઓળખાવી જાય છે.

હવે ગોદરેજને સ્વપનો આવ્યો કે તુરાનમાં સીઆવક્ષનો દીકરો કેએખુસરો પેદા પડ્યો છે. તેથી તેણે પોતાના બેટા ગેવને તુરાન તરફ મોકલ્યો ગેવ તેની આગળ આવી લાગો અફ્રાસીઆબ તુરાન તરફ પાછો ફરયો હતો તેથી તેણે કેએખુસરોને દુરદેશથી પાછો તેડાવી.તેની માતા ફીરંગીઝને સોપયો હતો. ત્યા ગેવને કેએખુશરો મલ્યો અને તેઓ ત્રણે ગુપચુપ ઈરાંન તરફ જવા નીકળયા. તે આગમજ તેણીએ પોતાના બેટા કેએખસરોને શીઆવક્ષના ઘોડા બેઝાદની નીશાની આપી અને કહયું કે તેને સીઆવક્ષે જગલમાં છુટો મુકયો છે તુ જા અને તેને જીન દેખાડી પકડી લાવ કેએખસરૂએ તેમ કરયું અને પછી તેનીપર સ્વાર થઇ ફીરગીઝ અને ગેવ સાથ ઇરાન જવા નીકળયો. માર્ગમાં બે જણા અવારનવાર સુતા અને એક જણુ ચોકી રાખતુ. હવે જયારે તેઓની નાસી જવાની ખબર અફ્રાસીઆબને પડી ત્યારે તેણે તેઓની પુઠે લશકર મોકલયું પહેલે પીરાન વજીર તેઓની નજદીક આવી લાગો તે વખતે ફીરગીઝે ચોકી કરતા ગેવને ઉઠાડયો ગેવ તેઓ બન્નેને પાહાડી ટોચપર મોકલી પીરાનની સામે લડયો અને તેને પકડી ફીરંગીજ આગળ લાવ્યો અને મારી નાખવાનો વીચાર કીધો. પણ કેખસરૂ અને ફીરંગીઝના વચ્ચે પડવાથી તેનો જાન બચાવ્યો. અને તેને તુરાંન તરફ પાછો જવા દીધો. પછી અફ્રાસીઆબ પુઠે આવ્યો. પણ તે પેહેલાં તેઓ ઇરાનમાં દાખલ થયાં. કેખસરૂ ઇરાંન પહોચ્યો. કાઉસે તેને ગોદમાં દાબ્યો અને પછી તે ઈરાંનની ગાદીએ બેઠો. શાહજાદો તુસ એખલોજ કેએખુસરોને માન આપવા કબુલ નહિ થયાં, અને રૂસાઇ ઉઠી ગયો

અને ફરીબોરજ જે કાઉસનો બેટો અને તેટલાં માટે તેના કાકા પછી તખતનો વારેસ ગણાતો હતો તેને જય મલ્યો, અને તેનેજ પોતાનો ભવીષનો પાદશાહ તરીક કબુલ રાખ્યા. બીજે દીને પાદશાહે એક મોટી જીયાફત આપી કએખુસરોને સર્વે કોઇએ પોતાના ભવીષ્યના રાજા તરીક કબુલ રાખવાની કીયા કીધી. પણ તુસ તેડા છતાં ત્યા નહિ આવ્યા ફરીબોરજ પણ તે ક્રિયામા સામેલ નહિ થયા તથી દરબાર છોડી ગયો પાદશાહે ગેવને મોકલી તુસને બોલાવ્યો જે વેલા તેઓ બને લડયા ગુદરજને માલમ પડતા તે કેખુસરોની પક્ષમા એક મોટી ફોજ લેઇ તુસ સાથે લડાઇમા ઉતરવા તેયાર થયો, પણ તુસ. તેથી દુર રહયો. પાદશાહ તુસપર બહુ ચીરડાયો અને એકદમ તેને દરબારમાં બોલાવ્યો તેની લડત એ હતી કે નવો પાદશાહ ફરીબોરજ થવો જોઇએ કેમકે તે કએકાઉસનો બેટો હતો ગુદરજનો બચાવ એ હતો કે શીઆવક્ષ વડો બેટો હતો. અને તેના બેટા દાખલ કએખુસરોને તખ્ત ઉપર હક વધારે હતો કેટલાક તકરાર પછી પાદશાહે તેઓ બન્નેને પોતાની નજદીક બોલાવ્યા અને કહયુ કે બહમનદેજ નામનો કીલ્લો જે ઇરાનને વશ થતો નથી તે જે કોઇ જીતી લાવે તેને તખ્ત આપુ. પહેલે તુસ અને ફરીબોરજ જીતવા ગયા પણ તેઓને તે કિલ્લો બહુ ભયકાર જણાયો. તેની ચોતરફ મોટી ચેહ સલગતી હોય તેમ ગરમ જણાઇ. પવન પણ ગરમ હતો. નહિ ખમાએ એવી ગરમીથી ઘણાક સીપાઇઓ મરણ પામ્યા ત્યાં કોઇ પણ માણુસ જાતની વસ્તી જણાઇ નહિ તેઓ તેમાં પેસવાનો માર્ગ મેલવી શકયા નહિ ત્યારે નાસીપાસ થઇ પાછા ફરયા. હવે કએખુસરો તે જીતવા નિકળ્યો. તેની સાથ ગેવ અને ગુદરજ સલાહકાર

દાખલ ગયા. તેઓ પોતાના ભાલા સાથ આગળ વધતા ગયા, ને તે કીલ્લાની દેવાલ ઉપર ઉચ્ચા ફેરવવા માડયા. પછી તેઓએ તીરોનો વરસાદ વરસાવ્યો શત્રુઓ એમ તેમ નાસભાગમા પડયા. કીલ્લાના દરવાજા ખુલ્લા થયા. ગુદરજ અને ગેવે મોટી દોલત હાથ કીધી. કએખુશરોએ તે જીતી તેની ફતેહની યાદગારીમા મોટું મકાન બધાવ્યું અને પાયખ્ત ખાતે જઇ પાદશાહને સઘળી બીનાથી વાકેફ કીધો. પછી તેનો દરો બધે ઉડી રહયો કએખુશરોને માથે પાદશાહે પોતાને હાથે તાજ મુકયું અને ત્યારથી તે કેખશરૂ સીઆવક્ષ પાદશાહના બેટાને નામે ઓળખાવા લાગ્યો. અને તેણે પોતાની નેકી અને નેકનામીથી ભલાઈ અને બહાદુરીથી દાદ અને ઇન્સાફથી આજ સુધી પોતાનુ નામ અમર કીધુ તેણે મુરતીપુજક દેહેરાઓનો નાશ કીધો. અને તે જગાપર ચએચસ્ત સરોવર તરફના દેશમાં જે આતશખાના બાધી આદર ગુસ્પની સ્થાપના કીધી. બીજી વાત એ છે કે બહમનદેજની આસપાસ ફરી વળેલાં અધકાર વેલા ખુદરતી રોશની કએખુશરોના ઘોડાની યાળપર આવી પડી અને તેની યાદગારીમાં તેણે ત્યાં આતશખાનું બાંધીને આતશની સ્થાપના કીધી, તે આજ સુધી આદરગુશરપને નામે ઓળખાયો છે. એનો અર્થ—આદર અને આતશ ગોશ=કાન અસ્પ=ઘોડો યાને ઘોડાના કાનવાલો આતશ. એને ઇગ્રેજીમાં Buenos Ayres નામે ઓલખાવે છે.

રૂસ્તમ અને અકવાન દેવ.

એક વેલા પાદશાહ કએખુશરોની દરબારમાં એક જગલી પ્રાણી બાબે એવી ફરયાદ થઇ કે તે દેખાવમાં

ગોરખર જેવું છે પણ સીહ કરતાં વધારે જોરાવર છે અને તે તબેલામા જઇ પાદશાહી ઘોડા ચોરી જાય છે. એ પ્રાણીનો શેકાર કરવાનુ રૂસ્તમે માથે લીધુ જયાં તે દેખાવ દેતુ ત્યા જઇ કમનદમા લેવાનો રૂસ્તમે વીચાર કીધો પણ તેતો એકદમ ગેબ થઇ જતુ, તેથી રૂસ્તમ વીચારમા પડયો, એને માલમ પડયુ કે તે અકવાન દેવ છે તેણે તલવાર ગુરૂજ તીર અજમાવી જોયા પણ ફાકટ આથી ત્રણ દીવસ વેર થાકી રખ્શને ચરતો મુકી રૂસ્તમ લીલા મેદાનમા ઉંઘાઇ ગયો. અકવાને તેની આસપાસની જમીન કાપી તે માથે ઉઠાવી રૂસ્તમને દરીયામા હુમાવી દીધો તેમાંથી તે સલામત બાહર નીકળી પોતાના રક્ષકને તુરાનના પાદશાહોનાં ઘોડાના ટોલામા જોયો. માર્ગમાં તેને અકવાન દેવ મલ્યો જેની ઉપર કમન્દ ખેચી તેને બે જાન કીધો અને તેનુ ડોકુ ફતેહની નીશાની તરીકે પાદશાહ તરફ મોકલ્યું. આ વાતમાં ઘોડા ચોરનાર એક લુતારાને લગતી વીગત દીસે છે.

બેજનની બાનુ મનીજેહ.

ગોદરેજનો બેટો ગેવ રૂસ્તમનો બનેવી હતો બેજન તેનો છોકરો હતો. કહે છે કે એક દિવસે આરગીન્યા દેશ ખાતેનાં ખેડુતો ત્યાંના જંગલી ડુકકરોથી ખેતરો અને પાકની ખરાબીની ફરીઆદ કરવા લાગા, જેપરથી બાદશાહે બેજનને તે રંજ માથે ઉઠાવવા હોકમ આપ્યો, અને ગુરગીનને તેની સાથ સલ્લાહ અને મદદ માટે મોકલ્યો. બેજને બહાદુરીથી નાશકારક ભુંડોને બેજાન કીધાં અને જયા તેઓનો ઉપદ્રવ હતો ત્યાની જગા સળગાવી મુકી. આ ફતેહથી ગુરગીન અદેખો થયો. હવે તેણે બેજનને

મોહબતના દાવપેચમાં ફસાવવાની કોશેષ કીધી. તેને કહયું કે અહીંથી બે દિવસના રસ્તા ઉપર તુરાનની સુંદર ફળફળાદીની જમીન છે જયા ખુબસુરત સ્ત્રીઓ રહે છે. અને અફરાસીઆબની ખુબસુરત બેટી મનીજેહ પણ રહે છે જવાન બેજન તેથી લલચાયો અને ત્યાં જવા નિકળ્યો બેજને ખાસ સુંદર પોશાક પેહેર્યો અને જરજવાહીર તાજ પેહેરી પાદશાહી શીંગારના ઘોડાપર સ્વાર થઇ મનીજેહના ઘર તરફ ગયો મનીજેહ તેને જોઇ ખુશી થઇ ગાયનોથી તેના જીવને રોશન કીધો બીજે દીને બેજન વીદાય થવા નીકળ્યો ત્યારે તેને કેફી દવાથી ઉંઘમા નાખ્યો અને મનીજેહ તેને છુપી રીતે મેહેલમા ઉઠાવી ગઇ પછી અફરાસીઆબના ભાઇ કરસીવજને ખબર પડી કે મનીજેહે એક બીગાના શખ્સને છુપાવ્યો છે, તેને પકડી લાવવાનુ કામ અફરાસીઆબે તેને સોંપ્યુ કરસીવજ અફરાસીઆબનો હોકમ સાભળી તેના મેહેલ તરફ સ્વારો સાથે ગયો. તેણે બધા દરવાજા બંધ કીધા બેજન પાસ કઈબી હથીઆર હતાં નહિ, સીવાએ એક ખંજર જે કાઢી તેણે કરસીવેજ સાથ લડવા માંડયુ. જયારે કરસીવજે આ જોયુ ત્યારે તેણે સોગંદ ખાઇ બેજન તરફ ઇમાનદાર થવા જણાવ્યુ પછી વચન આપી તેનુ ખંજર મેલાવી દીધુ. અને તેને બંદમાં લીધો અને હાથ પગ બાંધી લઇ અફરાસીઆબ પાસ લાવ્યો પાદશાહે તેને કુતરો દોજખીઓ અને રાક્ષસ કહયો તેનાપર જુઠા અને હીચકારાના તોહોમતો મુકયા. તેણે તેનો જવાબ આ રીતે આપ્યો કે મને એક ઘોડો અને ગુરજ આપ અને મારા જેવા હજાર તુરાંનીઓને ઉભા કર પછી જો કે તેઓમાનો એકબી જીવતો રહે છે કે કેમ, અફરાસીઆબે તેને ઇરાનની ઉપર

આગલી ખુનખાર લડાઇઓનુ વેર લેવા તેને બાંધી ફાંસી દેવાને કરસેવજને હોકમ કીધો. પણ શીઆવક્ષના ખુનનો ઇરાને કેવો બદલો લીધો તેની યાદ આપી પીરાને તેને બેજનનું ખુન કરવાથી વારયો. પીરાન એક બુઝરગ ડાહયો પીરમરદ હતો પણ તુરાની પાદશાહે તેને જતો મેલ્યો નહિ તેણે એવું ફરમાવ્યુ કે તેને એક ઉડા ગારમા ઉધો લટકાવવો, તે ઉપર એક મોટો ખડક બધાવવો જેથી "ખોરશેદ" ની રોશની તે જોઇ શકે નહિ. કરસીવજે આ હુકમ તો બોલે બોલ બજાવ્યો. પણ મનીજેહની કાકલુદીથી ઘાતકી બાપે એટલી દયા કીધી કે તેને ગારમા નહિ લટકાવતા તેની નજદીક રહેવા ફરમાવ્યુ, અને તેને કોઇએ ખોરાક આપવો નહિ એવી તાકીદ કીધી. તોપણ મનીજેહ સતોષ રાખી કઇ કઇ ખોરાક શોધી લાવી બેજનને તે ખડકનાં સુરાખમાથી પુગાડતી. હવે ગુરગીને બેજનને મોહોબતમા ફસાવયો તો ખરો પણ તેના ઉપર આવી સજા થશે એવી તેને વકી ન હતી. તે જવાન મનીજેહના ડેરામાંથી પાછો ફરયોજ નહી અને તે ડેરો ઉંચકાઇ ગએલો દીઠો તે ગભરાયો. તેણે બેજનના બાપ ગીવ આગળ જુઠ્ઠુ સમજાવ્યુ કે જગલમા આગ લગાડી ડુકકરોનો નાશ કરવા પછી એ વીચીત્ર પ્રાણીની પુઠે દોડતાં તેઓ એકદમ ગેબ થઇ ગયા તેમનો પતોજ મલે નહી, પણ બેજનનો ખાલી ઘોડો હાથ લાગયો પણ તે ફગલાઇ ગયેલો હોવાથી ગેવે તેનુ માન્યું નહિ. તપાસ પરથી માલમ પડયુ કે બેજન હજુર જીવતો હતો અને કરૂગસારના ઉંડા ગારમાં કેદ હતો. રૂસ્તમ તેને છોડાવી લાવવા તૈયાર થયો. તેણે વેપારીનો વેશ લીધો અને એક હજાર

ઉટ સોદાગરીના સામનથી બાધ્યા ગુરગીનને કેદમાંથી છોડવી પોતા સાથ લીધા. તેઓ ત્યા જઈ પુગા અને મની-જેહે બધી વાત રૂસ્તમને કહી. રૂસ્તમે પેહેલાતો તેણીને તુચ્છકારી પોતે સોદાગર છે એવું કહી તે વાતમાં માથું મારવાની ના પાડી પણ પછી એક મુર્ગ પકાવી તેમાં એક વિંતી સતાડી તે ખોરાક બેજનપર મોકલ્યો જેથી તે દુઃખી જવાનને હીમત આવી અને રૂસતમ આવ્યો છે એમ જાણી તેને જીદગી માટે મોટી આશા પેદા થઈ. બેજન જ જીરમાં સીકડાઈને પડેલા રાત દીવસ આવા દુખ ખમવા કરતાં મોત માંગતો હતો. હવે બેજન અને રૂસ્તમ વચ્ચે સદેશા ચાલ્યા અને એક રાતે મનીજેહે કેદખાનાવાલા બીયાબાનમા એક મોટો આતશ રોશન કરીને જહા પેહલવાનનો માર્ગ દેખાડવાની ગોઠવણ કીધી, તે પ્રમાણે રૂસ્તમ રાતે ખોદાનુ નામ દઈ બેજનના છુટકારા માટે નીકલ્યો. પણ માર્ગમા તેને એક નહિ ધારેલી મુશકેલી નડી. પેલો અકવાન દેવનો બેટો રૂસ્તમપર પોતાના બાપનુ વેર લેવા તપેલો હતો આ વાટપાડાને રૂસ્તમના છુપા આવવાની ખબર મલતાજ તે પોતાના માણુસોની ફોજ સાથ સામે લડવા આવ્યો. આ જગલીઓ બાલવાલા હોય એવું દીસે છે કારણ કે ફીરદોશી અકવાનના બેટાને રાક્ષસી કદના બીહામના દેખાવના કાલા ચેહેરાનો અને લાબા બાલવાલો કહે છે. તેનાં માણુસો લાંબા નખવાલા બકરાના જેવા બાલવાલા, ખડી જેવાં પગનાં ને કુતરાં જેવાં મહોડાના હતાં. અકવાનનો દીકરો રૂસ્તમ સામે લડવા આવયો પણ રૂસ્તમે તેને બેજાન કીધો. પછી રૂસતમ પેલા ઉડા ગાર આગળ જઇ પુગો અને એક ભારી ગંજાવર પથ્થર જોરથી ખસેડી કાઢયો.

બીજનને એક સરતે છુટો કીધો કે તે ગુરગીનને માફ કરે. પહેલે બીજને ના પાડી પણ જયારે રૂસ્તમે ગારમાં મેલી ચાલી જવાની તેને ધાસ્તી આપી ત્યારે તે કબુલ થયો. તેના હાથની બેડીઓ છોડવવામાં આવી અને તે છુટો થયો. પછી ગુરગીને તેની આગલ આવી માફ માંગી. બે જન ચુનદા સીપાઈઓ સાથ અફ્રાસીઆબના મેહેલ તરફ ધસી આવ્યો રૂસતમે પોતાનુ નામ જાહેર કરી તેને તેની નીદ-માંથી બીદાર કીધો. ઇરાની પેહેલવાનનુ નામ સાંભલતાજ ધાસ્તી ખાઇ તે મેહેલ છોડી ગયો. બીજે દીને લશકર એકઠું કરી રૂસ્તમ સાથ લડવા આવ્યો, પણ પેલા ૧૦૦૦ ઉટના સારવાનો બાહાદુરીથી લડયા અને પરીણામે દુશમનો નાહા અને અફ્રાસીઆબનુ રાજ એકવાર ફરીથી પાદશાહ વીના થયુ.

"અફ્રાસીઆબ અને કએખુસરો"

હવે અફ્રાસીઆબે ઇરાનીઓની તેના દેશપર ચઢાઇની ખબર સાંભલતા હુમાનને મોકલ્યો પણ તે બેજનના હાથ ઉપર બે-જાન થયો હુમાનનું લશકર મારખાતું પુઠે આવતાં પીરાન સાથ જોડાયુ પણ તે કાઇબી કરી શકે તેની આગમજ પીરાન ગુદરજના હાથ ઉપર માર્યો ગયો આથી અફ્રાસીઆબ હવે સુરપર ચઢયો. એને તુરાંની શાહજાદા શેદેહને સુલેહનો કોલ કરવા મોકલ્યો, તેને કેહેવરાવ્યુ છે કે ઇરાની પાદશાહને કેહેજે કે હવે હું સુલે-હની સરતથીકદી ફરીશ નહિ અને જહુન નદી ઓલગી ઇરાનમાં પગ મુકીશ નહિ. એ કોલ બજાવવા માટે હું મારા બેટાને સીપાહો સાથ જામીનગીરીમા આપીશ. પણ જો આ શ-રત કએખુશરો કબુલ નહિ રાખે તો તેને કહેજે કે અફ્રાસી-

આબ તારી સાથે હાથોહાથ લડવા માંગે છે. કએખુશરૂએ તે શેદેહને માન આપ્યુ કેમકે તે તેનો મામો થતો હતો. પણ શેદેહ ખુની હોવાથી કએખુસરો તેની સાથ લડાઇમા ઉતરવા તૈયાર થયો. શેદેહે તેની સાથ કુસ્તી લડવા માગી પણ કએખુસરોએ તેને એકજ ફટકાથી જમીનપર ફેંકયો અને તેને ખજર ભોકી દીધુ. હવે અફરાસીઆબ આ પોતાના બેટાના મરણથી બહુ શરપર આવ્યો અને મારવું કે મરવું એજ વિચારથી તેણે લડાઇમાં ઝંપલાવ્યુ. લડાઇમાં બહુ કાપાકાપી થઇ, અફ્રાસીઆબ હારયો અને તેનું લશકર તેને નસાડી લેઇ ગયુ કએખુસરૂ અફરાસીઆબની પુંઠ કંગદેજ તરફ દોડયો પણ અફ્રાસીઆબ કીલ્લાની ભોંયમાથી એક ખાણવાટે નાસી ગયો. અફરાસીઆબ હવે ખાકાને ચીનની મદદ મેળવવા ગયો પણ તેને ત્યાથી નાસીપાસી મળી. હવે તે તદન નાચાર, નિરાધાર, નિર્બલ થઇ પડયો. ભુખ્યો, તરસ્યો, ચિંતાતુર, ગમગીન, દલગીર, આ મોટો પાદશાહ અફળાતો ઝીકાતો હેરાન અને પરીશાંન થયો હવે એવી સુચના થઈ કે અફરાસીઆબનો પેલો કાવત્રા-બાજ ભાઇ કરસીવજ પણ કેદ પકડાયલો છે માટે તેને લાવી સજા કરવામા આવશે તો તેના પોકારથી નાઠેલો પાદશાહ બહાર આવશે. આ સુચના ઉપર અમલ કરવામાં આવ્યો. અફ્રાસીઆબ ઉપર આવ્યો. હોમે તેને પકડી કએખુસરૂ આગળ હાજર કીધો. અફરાસીઆબે પોતાની આકેબત હવે જોઇ લીધી, પણ કએખુસરૂ આગલ નહિ જતાં હોમને તેનો જીવ લેવાની અરજ કીધી. કએ-ખુસરૂએ જે પ્રમાણે શીઆવક્ષની કતલ ચલાવવામા આવી હતી તેવીજ રીતે તુરાનના પાદશાહની અને તેના કપટી ભાઇ

કરસીવજનાં ડોકાં કાપી તેમનુ લોહી વાસણોમા ઝીલી લીધું અને એ રીતે પોતાના કીનાનો આતશ ઠંડો કીધો. હવે કએખુસરોએ પોતાના બાકીના દીવસો ખોદાની યાદમાં કાઢવાનો વિચાર કીધો. અને તેના કારણોમા બોલ્યો કે "એક દીલ બે ફરજો બજાવવાને શકિતવાન નથી. આ ક્ષણભંગુર જગતપર મારૂં દીલ જરા નથી, હું તો ભવિષ્યની દુન્યામા જઇ વસવા માંગુ છુ. આ જીંદગીની જંજાલોથી હુ કંટાળિ ગયો છે, ભવીષ્યની જીંદગી માટે આતુર છુ માણુસ જાતની ઠગાઇ અને દગો હવે હુ વધુવાર સાખી શકતો નથી. ઇશ્વર તરફનો મારો ચાહ એટલો બધો છે કે હવે બંદગી અને ભક્તિ વિના એક પળ પણ મારાથી થોભી શકાતુ નથી. ગઇ રાત્રેજ મને બશારત થઇ કે મારો વખત આવી પહોચ્યો છે, માટે મજલની તૈયારી કરવી જોઇએ, નહિ તો એ તક હાથથી ગયેલી પાછી આવવાની નથી. હુ કંઇ આ મહેલમા છુપો રેહનાર નથી; મારે તો એવી એક એકાંત કોટડી શોધી કાઢવાની છે કે જયા મારો આત્મા તે સાહેબને હું અર્પણ કરીશ. તે પોતાના માણુસો સહિત જંગલમાં ચાલ્યો અને તેને સર્વને ચેતવણી આપી કે અગરજો તેઓ જેમ બને તેમ જલદીથી પાછા ફરશે નહિ તો એક જબરજસ્ત તોફાન થશે, અને બરફનો વરસાદ વરસશે તેમાં સર્વ નાશ પામશે ફીરદોશી કહે છે કે તેની ચેતવણી પ્રમાણેજ થયુ. તે તો પેલા ચશમમા દાખલ થઈ ગેબ થઇ ગયો, અને તેની નીશાની કંઇ જણાઇ નહિ. કેટલાકો કએખસરૂને અમર માને છે

અમર કાયા તો કોઇ માણસ ધરાવતો નથી. જે કાંઇ અમર છે તે તેનાં કામો છે. તેણે ચએચસ્ત સરોવરની આસપાસના મુલકમાંથી મુર્તિ પુજા નાબુદ કીધી. આદર ગુશસ્પની તેજ તરફ અસનવત પહાડ ઉપર સ્થાપના કીધી, ઇરાન અને તુરાનના રાજાઓને જોડી નાખી પ્રજાઓને સુખી કીધી એ તેના સર્વથી સરસ કામો ગણાયા છે.

કએલોહરાસ્પ અને કએ ગુસ્તાસ્પ

કએ લોહરાસ્પની શીખામણો નીચે મુજબ છે. "કીનના કરનાર તથા બુરા માણુસને કી ભલાઇ ગમતી નથી ઘણાએક શરીર પર દુખ પડવાથીજ તેઓ ભલી હાલતમા રહે છે. સગાઇ કરતા દોસ્તી વધારે કીંમતી છે. દોલત એકઠી કરી રાખવાના કરતા સખાવત સારી છે તવંગરી કરતાં સબુરી ભલી છે.

ફીરદોશી કહે છે કે, લોહોરાસ્પ પાદશાહ કએખુસરો કરતાંથી વધારે અદલ અને ઇનસાફી હતો. ગરીબોપર દયા અને રાજકાજમાં મધ્યમપણુ તેના મુખ્ય ગુણો હતા

કએ લોહરાસ્પે ગાદીએ આવતાં કાઉસના ખાનદાનનાં નબીરાઓ જેઓને બાજુએ મેલી તે તખ્તપર આવ્યો હતો, તેઓ તરફ મેહેરબાની દેખાડવા લાગ્યો તેણે ધાર્યું કે ગાદીપર ખરો હક તેઓનો છે, અને તે હક બાજુ મેલી કએખસરૂએ મને રાજ આપ્યુ માટે મારે તેઓ તરફ મેહેરબાની રાખવી જોઇયે. તેની આ વર્તણુકથી તેનો બેટો ગુસ્તાસ્પ જે બધા ભાઇઓમા ઘણો ચબરાક સ્વતંત્ર અને બાહાદુર હતો તે નારાજ થયો અને તે બીધો કે રખેને તેનો બાપ કાઉસના ખાનદાનવાલાઓને રાજ્ય આપે. જો કે એવો વિચાર લોહરાસ્પનો જરાએ હતો નહિ. એક દીવસ એક ખુશાલીની મીજલસમા ગુસ્તા-

રપે જરા વધારે શરાબ લીધો અને તેથી તેને પોતાની ચિંતાનો ખ્યાલ આવ્યો અને તેને ખુમારીમા ત્યાને ત્યાજ બાપ પાસે રાજયગાદીની માંગણી તેની હૈયાતીમા જ કીધી, બાપે તેને સારી શીખામણ દીધી પણ તે ગુસ્સે થઇ ચુપ-ચુપ દરબાર છોડી ચાલી ગયો ત્યાંથી તે થોડાક સીપાઇઓ સાથ હીંદુસ્તાન તરફ નીકલી આવ્યો લોહરાસ્પને જયારે ખબર પડી ત્યાર તે ઘણો દલગીર થયો, અને પોતાના બેટા જરીરને તેની સોધમા મોકલ્યો. વળી ગુસ્તાસ્પ પાછો ઇરાન આવી થોડાજ વખતમા પશ્ચીમ ભણી રૂમના મુલક તરફ ગયો.

શાહજાદી કેતાયુનના ગુસ્તાસ્પ સાથ લગન

ગુસ્તાસ્પે કંઇ નોકરીએ લાગવાની કોશેશ કીધી. તેના કદાવર ને દમામદાર દેખાવથી કેટલાકોએ પોતાના હસ્તકની નાની નોકરીને લાયકનો એને ધારયો નહિ પોતાના નશીબને તે કહુવા દેતો ને એક દીવસ એક બાગ આગળ પોતાનુ દુ:ખ રડતો હતો તેટલામાં એક મોટા માણસ જે ત્યાંથી પસાર થતો હતો તેણે તેને જોયો, અને તેને દીલાસો દઇ પોતાને ઘેર લઇ ગયા, એવું કહીને કે તેની ઓલાદ ફરેદુન પાદશાહથી ઉતરી હતી હવે રૂમના મુલકના પાદશાહ જેઓને કએસર કહેતા હતા તેઓનો એવો રેવાજ હતો કે જયારે પાદશાહની કોઇ બેટી પરણવા લાયક થતી ત્યારે તે પાદશાહ પોતાના મેહેલમાં મોટા દરજજેના દાણા ચંચલ પાદશાહી અને અમીરી ખાનદાનનાં જવાનોની મીજલસ બોલાવતો. તે મીજલસમાં તેની બેટી ફરતી અને એમ ફરતી ફરતી પોતાને મનપસંદ ખાવીંદને તે પસંદ કરતી. હવે તેની વડી બેટી કેતાયુન પોતાની ૬૦ સાહેલીઓ લઇ હાથમા ગુલાબના ફુલનો એક તુરો લઇ પોતાના મહેલમાંથી ત્યાં આવી. અનેકાક એવો બન્યો કે તે દીને કોઇ પણ

લાયક જવાન શાહજાદીને પસંદ પડયો નહિ. કહે છે કે શાહ-જાદીને ગુસ્તાસ્પ બાબે ખાબમાં કંઇક નીશાની મલી હતી અને તેથી તેણી તેનીજ શોધમાં હતી, પણ શાહજાદાઓ અને સાહેબજાદાઓની મીજલસમાં પહેલે દીવસે તો તે હતોજ નહિ તેમજ બીજા દીવસની જીયાફતમાં બી તેણી-એ તેને દીઠો નહિ આ ઉપરથી તેણીએ બીજો ઢંઢેરો ફેર-વ્યો કે પરદેશી કે સ્વદેશીએ જીઆફતમા સામેલ થવુ. એ દીને ગુસ્તાસ્પને તેનો મેજબાન સમજાવીને લઇ ગયો. મેહેલમાં દાખલ થતાં પેલી શાહજાદીની દાસી દરેક રાજ-વંશીને ઉભો રાખતી અને તે તકનો લાભ લઇ કેતાયુન તેને નીહાલીને જોતી હતી. એ મુજબ જયારે ગુસ્તાસ્પ દાખલ થયો ત્યારે કેતાયુને બહુ બારીકીથી નીહાલીને જોતા તેણીને જણાયુ કે જે જવાનને તેણીએ ખાબમાં જોયો હતો તેજ એ હતો તેણી ઝરૂખા ઉપરથી એકદમ ગુસ્તા-સ્પના હાથમાં ગુલાબના ફુલનો તુરો આપી તેને અંદર દાખલ કીધો. જયારે પાદશાહને આ વાતની ખબર પડી ત્યારે તે બહુજ ગુસ્સે થયો, કેમકે ગુસ્તાસ્પ એક ભીખારી પોશાકમાં હાજર થયો હતો, અને તે કયા દેશનો રેહેવાશી હતો, કોણ હતે તે કોઇ જાણતુ હતુ નહિ. આવા એક ભીખારીને શાહજાદીએ પસંદ કીધેલો હોવાથી પ્રથમ પાદશાહે કેતાયુનનો જાન લેવાનો નીશ્ચય કર્યો, એવા વિચારથી કે એક ભીખારી જમાઇથી પોતાની ઇજતને દાધ લાગે નહિ. પણ દરબારીઓએ તેને વાર્યો. પછી તેને ગુસતાસ્પને તેની બુન્યાદ પુછી ગુસ્તાસ્પે બધુ શરૂથી આખર સુધી કહયું પણ તોબી રૂમના શાહે આ વાત માની નહિ. તેને તેણીને પરણ-

વાની પરવાનગી આપી પણ તેના બીખારી ધણી સાથ બીખારી હાલતમાંજ મહેલમાથી હાકી કાઢી હવે આ જોડુ શેકાર બાજીપર ગુજરાન કરવા લાગ્યું ગુસતાસ્પ નદીને પેલે પાર તરમાં બેસી જતો અને ગોરખર મારી લાવતો ને અર્ધો ભાગ તરવાલાને આપતો તથા અરધો પોતે લેતો.

રૂમના પાદશાહની બીજી બે શાહજાદીઓના લગ્નની. વાર્તા.

હવે રૂમના પાદશાહની બીજી બે બેટીઓ હતી તેમની માંગણી માબ્રીન અને આહરૂન નામના શાહજાદાઓએ કીધી. કેમકે પાદશાહે હવે એવી સરતે પોતાની બેટીની શાદી કરવાની ખુશી બતાવી કે પાસેના જ ગલમાં એક નાશકારક વરૂ જો માબ્રીન મારી લાવે તો તેને તે જમાઇ બનાવે. માબ્રીન નિરાશ થયો કેમકે તેનામાં વરૂની સામે જવાની તાકાત હતી નહિ, પણ પેલા તરવાલાથી તેણે ગુસતાસ્પના પરાક્રમની ખબર મેલવ્યાથી હીમત પકડી તે ગુસતાસ્પને મલ્યો, અને તે શાહજાદાએ વરૂની સામે જઇ મારી નાખવાનું કબુલ કીધું પછી બખતર પેહેરી ઘોડેસ્વાર થઇ પેલા જંગલ તરફ તે ગયો અને ઘણી હીંમતથી તે વરૂને માર્યું. આ ફતેહથી માબ્રીન ખુશી થયો અને તે ફતેહ તેણે પોતે મેલવી છે એમ જાહેર કરીને તેનાં બદલામાં શાહજાદીના હાથનું ઇનામ પાદશાહથી પામ્યો. ત્રીજી શાહજાદીના હાથની માંગણી કરનાર આહરૂનને માટે પાદશાહની શરત એ હતી કે પડોશનાં પર્વતપર એક રાક્ષસી કદનો અજદહા જે ખરાબી કરનારો છે તેને મારી નાંખવો. આ કામ પણ ગુસતાસ્પેજ બજાવી આપ્યું; તે પેલા પર્વત તરફ ગયો અને જુએછે તો તે અજદાહના મુખમાંથી બળતાં નીકલતાં હતાં. તીરોના જખમથી તે દૈત્ય વીધાઇ ગયો. તે જોસમાં ગુસ્તાસ્પને ગળી જવા દોડયો પણ

ગુસ્તાસ્પે તેનુ મસ્તક ફોડી નાખ્યું અને તેનાં બે જેહેરી દાંતો ખેચી કહાઢી તે આહરનને આપ્યા જે પાદશાહ આગળ રજુ કરી તે પોતાનું ઈનામ પામ્યો. હવે પેલા ત્રણ જમાઈઓ વચ્ચે દોસ્તી બાઝી અને ત્રણે બેટીઓ એકમેકની સગતમા રહી, પણ કેતાયુને એક દીવસ પોતાની સહીઓ આગળ વાત કીધી કે વરૂ અને અજદાહને મારનાર મારો ખાવીંદ ગુસ્તાસ્પ હતો એ વાત બધે ફેલાઇ ગઇ પાદશાહે ગુસ્તાસ્પ, માગ્રીન અને આહરનને બોલાવ્યા અને તે વિષે પુછયુ હવે સઘળી બીના જાહેર થઇ અને હવે રૂમનો પાદશાહ ગુસ્તાસ્પ ઉપર બહુ મેહેરબાની દેખાડવા લાગો ગુસ્તાસ્પ જેવો જમાઇ મલ્યાથી પાદશાહને મગરૂરી આવી અને હવે આસપાસના રાજ લેવાનો લોભ તેને થયો. પહેલાં તેને ખુજના હાકેમ અલીયાસનુ રાજ હાથ કીધું. ગુસ્તાસ્પે તે જીત્યુ. પછી થોડાક લશકર સાથે ગુસ્તાસ્પે પોતાના બાપ લોહોરાસ્પ પર લશકર લઇ જવાની સસરા પાસ માગણી કીધી અને સસરાએ પણ લડાઈમા ઉતરવાનું નોતરૂ મોકલ્યુ. કબુસ નામના એલચી પાસ તેને આ નામું મોકલાવ્યુ. લોહોરાસ્પ ગુસ્સે થયો. કબુસે ગુસતાસ્પની ફતેહ વિષે બધુ લોહોરાસ્પને કહિ દીધું અને ઉમેર્યું કે તે શાહજાદા જરીરને મળતો આવે છે. આ ખુલાસાથી લોહોરાસ્પની ખાતરી થઇ કે રૂમની દરબારમા તેના બેટા ગુસતાસ્પ સીવાએ બીજો કોઇ પહેલવાન હોય નહિ. તેને તે પાદશાહનાં તુદી ભરેલા જવાબમાં એટલુજ લખ્યુ કે, "હમણા સુધી ખડની ભરો છો તેમ ભર્યો જા અગર નહિ તો તારૂં રાજ્ય હાથમાથી

જશે” પછી લોહોરાસ્પે જરીરને એલચી દાખલ રૂમ મોક-લી સુલેહની જાલવણી માટે ત્યાંના પાદશાહને તાકીદ આપાવી. તેણે પોતાના આ બેટાને ફરમાવ્યું કે ગુસ્તાસ્પને મલાને તેને ઈરાન ખેંચી લાવવો અને તેને ખાતરી આપવી કે પાદશાહ પોતાનું તખ્ત તેનેજ આપવાને રાજી છે. જરીર હરખભર રૂમ ગયો અને પોતાનું કામ આસા-નીથી પાર ઉતારી ગુસ્તાસ્પ અને કેતાયુનને લઇ ઇરાન આવ્યો. માર્ગમાં લોહોરાસ્પે મોકલેલા એલચીઓએ શાહંજાદાને એસતેકબાલ અને પુરતું માન આપી દરબારમાં રજુ કીધો; જંયાં પાદશાહે પોતે તખ્ત ઉપરથી ઉતરી તેને માન આપ્યું. આગલી વાર્તાની દરગુજર ચાહી તે ભુલી જવાની અરજ કીધી, અને એક બીજુ તખ્ત મંગાવી તે ઉપર ગુસતાસ્પને બેસાડી હવેથી તેનેજ પાદશાહ ગણવાની સર્વ જણને તાકીદ આપી. લોહોરાસ્પે હવે એકાંત જીદગી પસંદ કીધી અને બલખની પડોશમાંજ પોતાનું એકાંત મથક રાખ્યુ. મીરખોંદ કહે છે કે પાદશાહ લોહોરાસ્પે જરીરની જોડેજ તાજ અને તખ્ત ગુસ્તાસ્પને માટે મોકલ્યાં હતાં. જયારે રૂમના પાદશાહને પોતાના જમા-ઇની રોશન સેતારાની સર્વ વાતોની ખબર મલી ત્યારે તેને પોતાની કેતાયુન બેટી ગુસતાસ્પને સ્વાધીન કીધી અને તેણીને મોટો ખજાનો અને જરજવાહીર આપી ઇરાનીઓની છાવણીમાં મોકલી.

હમે ગુસ્તાસ્પની નસીહતો.

(૧) મુએલો તેને જાણવો કે જે કોઇ ધર્મ નહિ ધરાવતો હોય. જે કોઇ ધર્મહીન હોય તેનાપર

વિશ્વાસ અને ભરોસો રાખવો નહી, કારણ કે તેવો માણસ ભલાં ભુડાના કામોના બદલા સારૂં મનમા કશી ચાનક નથી ધરાવતો. (૨) પાદશાહોને એવું લાયક નથી કે તેઓ બીજા પાદશાહોની નીતિ રીતભાત તથા ચાલચલણ પર અદેખાઈ લઈ જાએ. (૩) પાદશાહની સરસાઇ લોકો ઉપર એટલા માટે છે કે તે તેઓના હકમાં ભલાઇ કરવાને અને તેઓથી પોતાના હકમા વખાણ મેલવવાને શક્તિવાન હોય (૪)દરેક જણને ઘટે છે કે પોતાની મગરૂરી તજી દઇ નમનતાઇ ધરાવે જેથી ખુદાતાલા તેને દરેક કામમાં વધારે શક્તિવાન કરે.

ફ્રરવરદીન યસતમા ગુસ્તાસ્પને જરથોસ્તી દીનનાં બાજુ અને ટેકા તરીકે ગણ્યો છે, કારણ કે જો ગુસ્તાસ્પે જરથોસ્તને દીન ફેલાવવામાં મદદ નહી આપી હતે તો તેની દીન એટલી બધી ફતેહ પામને નહી ગુસ્તાસ્પે જરથોસ્તની સલાહ ઉપરથી ચીનના રાજા અરજાસ્પ ઉપર એલચીઓ મોકલાવી આગ્રહ કીધો, કે તેણે જરતોસ્તી ધર્મ કબુલ કરવો પણ અરજાસ્પ આથી ગુસ્સે થયો, અને લડાઇ કરવા તૈયાર થયો. હવે બન્ને પાદશાહો વચ્ચે લડાઈના કોલકરાર થયા જે અરજાસ્પે લડાઇની ધમકી આપવાથી તુટયા.

ગુસ્તાસ્પ અને અરજાસ્પ સાથની લડાઈ.

ગુસ્તાસ્પે દરબાર ભરી ત્યાં જરથોસ્ત પણ હાજર હતા અને તેઓએ લડાઈ એકદમ કરવા સુચવ્યું. પાદશાહનો વડો બેટો અસપંદીઆર હાજર હતો. તેને લડાઇ કરવા બીડું ઝડપ્યું, પણ તેના કાકા જરીરે તેની જુવાની તરફ નેગાહ કરી તેને એ કામથી વાર્યો અને પોતે જવા તૈયાર થયો. પેશીગમથી અરજાસ્પે ઇરાની મુલકમાં દાખલ થઇ લુટફાટ ચલાવવા માંડી અને શેહેરો લુટતો, સલગાવી મુકતો, વેરાન કરતો, કતલ

ચલાવતો આગલ વધ્યો. ગુસ્તાસ્પ પણ તેની સામે થયો બન્ને વચ્ચે લડાઈ ચાલી જેમા ગુસ્તાસ્પના બન્ને સાવકા ભાઇઓ અરદેશીર અને શીદસ્પ માર્યાં ગયા. પછી જરીર અને જામાસ્પ વજીરનો બેટો બીજુ શત્રુઓ સામ ધસ્યા અને તેમની ઘણી ખરાબી કીધી જરીર છેક અરજાસ્પની છાવની સુધી ધસી ગયો જેથી ચીનનો પાદશાહ બહુ ગભરાયો, અને મોટા ઇનામની લાલચ દેખાડી કે જે કોઈ જરીરને મારશે તેને સર્વથી ઉમદા ઇનામ મલશે. આથી બીદરફ્સ નામે ચીની સરદાર તેની ઉપર ધસ્યો અને જરીર તેના હાથ તળે માર્યો ગયો આથી ગુસ્તાસ્પને ભારી ગમ લાગ્યો પણ શાહજાદા અસપ-દીઆર પોતાના કાકાના ખુનનો બદલો લેવા તૈયાર થયો જેને ગુસતાસ્પે કબુલાત આપી કે જો તુ શત્રુને મારશે તો ઇરાનનુ રાજ તારૂ જ થશે. અસપદીઆર ગુસ્તાસ્પના બેહજાદ ઘોડા ઉપર સ્વાર થયો અને હીમત પકડી શત્રુપર ધસ્યો. પણ બીદરફસે તેને એક મજબુત ધ્તકો મારયો જે અસપંદીયારે તેના હાથમાંથી ઝુંટાવી લીધો નહિ હતે તો તે તત્કાળ મારયો જતે. તેને તે ખુનખાર હથીઆર પડાવી લીધુ અને તે જોસમા બીદરફસની છાતીમાં ભોકી દીધુ. બીજુ એ તેનુ ડોકુ પુછડી સાથ બાંધી, જરીરનુ બખતર પહેરી તેની જોરેજોર લડવા માંડયુ. આથી અરજાસ્પ બીહને નાઠો, તેનાં લશ્કરે હથીઆરો ફેકી દીધાં અને ઇરાંનીઓને તાબે થયા. ગુસ્તાસ્પ આથી ખુશી થયો. અસપદીઆરનાં માંથા ઉપર તેણે તાજ મેલ્યું અને બીજા મુલકો જીતવાનુ કામ સોંપ્યુ.

બુનદેહેશ પ્રમાણે જ્યાં ગુસ્તાસ્પે અરજાસ્પ

ઉપર ફત્તેહ મેલવી તે જગાને, 'કુમીસ' અથવા 'મદદેફ્રયાદ, નામનો પહાડ કહે છે. એ પહાડની જગા 'પદશખ્વારગર' પહાડની નજદીકમા દીસે છે. એ પહાડને મદદેફ્રયાદ કહે છે જેનો અર્થ "મદદે પહોંચ્યો" થાય છે તેનુ કારણ બુનદહેશ કહે છે કે, દીન સબંધી લડાઇમાં જ્યારે ઇરાનીઓમા ગભરાટ પેઠા, ત્યારે તે કુમીસ પહાડ પદશખ્વારગર પહાડમાંથી ભાગી છુટો પડયો અને નિચે મેદાનની અધવચમા સરી પડયો તેથી ઇરાનીઓ બચ્યા અને તેઓથી તે "મદદે પહોંચ્યો" મદદે-ફ્રયાદ કરી કહેવા લાગા. એ લડાઇમા જીત મેલવ્યા પછી અસપદીઆરને સૌ કોઇ ચહાવા લાગ્યા અને તારીફ કરવા લાગ્યા મગર એક બુરો માણસ નામે ગુર્જમ, જે એક પહેલવાન હતો, ગુસ્તાસ્પનો માનીતો હતો પણ શાહજાદાની અદેખાઇ કરતો હતો, અને જેનથી શાહજાદાની ફતેહ ખમી શકાઇ નહી, અને જે ઘણીએક તદબીરો છતા શાહજાદાને ઇજા કરી નહી શકયો ત્યારે બાપ અને બેટા વચ્ચે તુમડા અથડાવવાની બાજી રચ્યો. તેને ગુસ્તાસ્પને કહ્યુ કે "અસપદીઆરની સઘળી સેવાઓ છતા તે પોતાની બહાદુરી અને ફતેહથી બહુ છકી ગયો છે, તેણે સઘળા મુલકો તાબે કર્યા છે, તમામ લશકર તેને આધીન છે હવે જયારે સરકશી કરવાતુ બાકી કઇ રહયુ નથી ત્યારે તે પાદશાહને કેદ કરી તખ્ત ઉપર ચઢવા માગે છે" આ ખબર ગુસ્તાસ્પને માટે બહુ ચોકાવનારી હતી તોપણ પાદશાહે તેના તાબેદાર બહાદુર બેટાના સબધમા એ વાત સાચ્ચી જાહેર થવા સુધી ગુર્જમને નજર કેદ રાખવાનો ઇરાદો કીધો, પણ તેવું કશુ કીધેલુ જણાતુ નથી અને તેણે તો ગુર્જમને કેદ કરવાને બદલે અસપદીઆરને કેદ કરવાનો હોકમ કીધો. ત્રણ દીવસ વેર ભુખ અને ઉંઘ વિના ગુસ્તાસ્પ પાદશાહની હાલત એક દીવાના જેવી થઇ

પડી અને પોતાનું દુખ જાહેર કરયા વિના વજીર જામાસ્પને એક નામું આપી અસપંદીઆર જ્યાં હતો ત્યાં મોકલ્યું અને તેને દરબારમાં હાજર થવા કહ્યુ. જામાસ્પ ગયો પણ અસપદીઆર ચેતી ગયો કે પાદશાહ તેની પર ખફા થએલો છે, તેને જવા ના પાડી, પોતે કીધેલાં બહાદુરીના કામો અને બજાવેલી મહાભારત સેવાઓની યાદ આપીને દુ.ખ સાથે કહ્યુ "પાદશાહનુ મન કોઇ શેતાને ફેરવ્યું છે." પણ જામાસ્પે તેને એવી રીતે સમજાવ્યો, "બાપનો ગુસ્સો તે માતાનુ બીજું સ્વરૂપ છે, તેનાં બચ્ચા તરફનો ગુસ્સો બાળકના બાપ તરફના ચહા કરતાં પણ વધારે છે. બાપને નાફરમાન થનાર બેટો તકસીર કરે છે તેને બાપનો હોકમ માનવો જ જોઇએ, પછી તેનુ પરિણામ ગમે તેવુ આવે." આથી તે પહેલવાન શાંત થયો પોતાનાં લશકરની સરદારી પોતાના વડા બેટા બહમનને આપી. બાકી ત્રણ બેટાઓ મેહરખુસ, અવીર, અને નુહસાદર સાથ તે બલખ ગયો. ગુસ્તાસ્પે કશી પણ તપાસ વગર તેને વધુ સાંભળવા ના પાડી. અસપદીઆરે કહ્યુ, "જેબી કાંઇ હુ પામ્યો છું, તે પાદશાહની દોલતથીજ છે. અને જે બી કાંઇ તે ફરમાવશે તેને તાબે થવા હુ તૈયાર છઉ." પાદશાહે તેને એક કીલ્લામાં કેદ રાખ્યો. આથી આખી દરબાર ગભરાટમાં પડી, સઘળાઓ રડયા. તોબી કોઇ પાદશાહના હોકમની સાંમે થયું નહિ. ગુસ્તાસ્પ ત્યારબાદ સીસતાન ખાતે જાલ અને રૂસ્તમની મુલાકાતે ગયો. હવે ઇરાનમાં જામાસ્પ હકીમ સીવાએ બીજું કોઇ રહ્યું નહિ.

આ તકનો લાભ લઇ અરજાસ્પને એકવાર ફરીથી ઇરાંનપર ચઢાઇ લાવવાને મન થયું. આ

વખતે પોતે નહીં જતાં તેણે પોતાના દીકરા કોહરમને એક મોટું લશકર આપી કીનો લેવા માટે બલખ તરફ રવાના કીધો. કહે છે કે આ વેલા જેફ પાદશાહ લોહોરા-સ્પ હજી બલખનાં આતશબેરાંમમાં બંદગીમાં મશગુલ હતો, દુશમનને ચઢાઇ લાવતાં જોઇ સર્વ કોઇમાં ગભરાટ ચાલ્યો. લોહોરાસપે પરમેશ્વરની ભક્તિમાં મન લગાડેલું હોવાથી તુરાંનપર ચઢાઇલઇ જવા પહેલાં તો ના પાડી, પણ ઘણી કાકલુદી પુછી હા પાડી. બલખમાં ૧૦૦૦ ઘોડેસ્વારથી જાસ્તી લશકર હતુંજ નહિ. ત્યારે દુશમેનોનું એક લાખ માણસનુ લસકર હતું, જેઓએ લોહોરાસ્પને ઘેરી લીધો, હરાવ્યો અને મારી નાખ્યો ત્યાર બાદ કોહરમ બલખમાં દાખલ થયો, લોકોને કેદ કીધાં; આતશબેહરાંમ અને બંદગીની જગાને તારાજ કીધાં, અવસ્તાના દફતરો બાળી નાખ્યાં તથા એ ઉપરાંત અસપંદીઆરની બે બેહેનો હોમાએ અને બેહેઆફ્રીદને પકડી લેઈ ગયો. આ આફતની ખબર જ્યારે ગુસ્તાસ્પને પડી તેવોજ તે રૂસ્તમની મદદ વિના જ બલખ આવ્યો. ગુસ્તાસ્પે સીસતાંનની ફોજની સરદારી પોતેજ લીધી કોહરમ તેની સાંમે થયો. અને તે જ વખતે પાદશાહ અરજાસ્પ પોતાના બે બેટાઓને લશકર સાથ જઈ મલ્યો. આ ભેગાં બળ સામે ગુસ્તાસ્પની બાહાદુરી છતાં કંઇ વલ્યું નહિ. લડાઈ ચાલી તેમાં તેની હાર થઇ અને તેને એક છુપા માર્ગમાં ભરાઇ બેસવાની ફરજ પડી. આ વેલા જામાસ્પ તેની સાથે હતો, જેણે ભલામણ કીધી કે અસપંદીઆરને બંદમાંથી છોડી શત્રુઓ સાંમે મોકલો. ગુસ્તાસ્પે નમનતાઇથી જામાંસ્પનેજ પોતાના બેટાના કેદખાનામાં રવાના કીધો

અને તેને ઘણી મહેનતથી તે પેહેલવાનનું દીલ પીગલાવવામાં ફતેહ મેળવી. પાદશાહે ઓજરખાઇથી પાતાની ચુક માટે પસ્તાવો કીધો. અસફંદીઆરને બાપના ખરા પ્યારથી ભેટયો. કાવત્રાંબાજ ગોઝ`મને કેદ કરી જીવ લીધો. લશકરની સરદારી અસફંદીઆરને આપી અને તેને માથે તાજ મેલ્યુ.

અરજાસ્પ અને અસપદીયાર વચ્ચે જંગ.

આ સઘળાથી રાજી રહી અસપદીયાર શત્રુઓ સાંમે ગયો. અરજાસ્પ અને કોહરમને તેના આવવાની ખબર પડી ત્યારે તેઓ બહુ દલગીર થયા, તોપણ કોહરમ તેની સામે થયો. અને ગુરગસાર નામનો જે જગલી પ્રજાઓનો વડો હતો. તે મેદાનમા ઉતર્યો. અને અસપદીઆર પર જોરમાં એક તીર માર્યો. અસપદીઆરને જરા પણ ઇજા થઇ નહિ. તેનાં ઉપર નાગી તલવાર સાથ ધસ્યો તથા ગુરગસાર ઉપર એક કમન્દ ફેંકી જેથી તે જમીન પર પટકાયો તેને પકડી અસપદીઆરે તેનાં સરદારો સાથે ગુસ્તાસ્પ આગળ બંદીવાન તરીકે હાજર કીધો. અને પછી શમશેર, ગુરજ અને ભાલાના સપાટા લગાવી કોહરમના લશકરમા એટલી બધી કતલ ચલાવી કે તે સરદારને લડવા ઉતરવાની તક મલી જ નહિ. તેનુ લશકર નાશભાગમાં પડ્યુ, ત્યારબાદ અસપદીયારે બધેબધ ગભરાટ પાંથરી અરજાસ્પ જયા હતો ત્યાં આવી લાગ્યો. અરજાસપ લશકરના મધ્ય ભાગમા હતો. અસપદીઆર સામે એકલો લડાઇમાં ઉતરવાની તેની હીંમત ચાલી નહિ. તુરાની સરદારોએ અસપંદીયારને કાંસાની દેહનો ગણ્યો, તેઓની તલવાર તેના પર કસી અસર કરતી હતી નહી, પણ તે તેઓમાં પુષ્કલ ખરાબી કરતો હતો.

તે અરજાસ્પની સાંમે ધસ્યો જેને એક હાથીના જેવો જબરદસ્ત જોઇને અરજાસ્પે પોતાની જગા છોડી ગયા સિવાય બીજો માર્ગ દીઠો નહી આથી ઈરાની લશકરે શત્રુઓની પુઠ પકડી અને લોહરાસ્પ શાહ અને જરીરનો કીનો લેવા કોઇબી તુરાનીને જીવતો નહિ જ મુકવાના કસમ લીધા. આથી મોત સીવાએ બીજો આરો નહિ જોઇ થાકીનાં તુરાનીઓએ થાક અને ભુખથી આજેજ થઇ હથીઆરો ફેકી દઈ, ઘોડા ઉપરથી ઉતરી અસપદીઆર પાસ જીવતદાન માગ્યુ, અને જરથોસ્તી દીન કબુલવા ઘણી આજેજી કીધી. તેમનો પાદશાહ અને શાહજાદો તો નાસી ગયા, માટે આ નબળા માણસોપર વેર લેવામા ડહાપણુ નથી અને નવી દીનમાં તેઓથી વધારો થયો છે એમ સમજી અસપદીઆરને દયા આવી ને લડાઇનુ સેવટ આણ્યુ. અસપદીઆરે હવે પોતાના બાપ આગળ કદમ બોસી કીધી. ગુસ્તાસ્પે બગલગીરી કરી તેને બોસો લીધો. અને પછી ફતેહની ખુશાલીમાં અસપંદીઆરની મુબારક બાદીમા મોટી જયાફત આપી.

પણ ઇરાનના શાહજાદાને હજુ એક કામ બજાવવાનું હતુ. અને તે કામ પેલી કેદ પકડાએલી બે બેહનોને છોડી લાવવાનુ હતુ તેમનો છુટકારો કરવા માટે ચીન અને માહચીન જઈ પડવાનુ' હતું. તોપણુ અસપદીઆરે તે કામ માથે ઉઠાવ્યું અને તે પાર પાડયા વિના તાજ અને તખ્તને હાથ નહિ લગાડવાનો કોલ આપ્યો. પેલો જંગલી ગુરગસાર શાહજાદાના હાથ ઉપર કેદ પકડાએલો હતો, તેને ગુસ્તાસ્પે અસપંદીયારના જ વચ્ચે પડયાથી જીવતદાન બક્ષ્યું હતુ, અને તે જંગીએ સોગંદ લઇ ઇરાન તરફ સદા વફાદાર રહેવાને કબુલ્યું હતું. આ

જંગીથી હવે અસપંદીઆરે દુશમનો તરફ ધસી જવાના કામની માહીતગારી મેલવવા માટે તેણે તેને લાલચ દેખાડી કે "અગર જો અરજાસપનો મુલક હું ફતેહ કરીશ તો ઇરાંન અને તુરાનમા તુ માગશે તે પ્રાંતની તુંને હાકમી આપીશ અને તારૂ નામ પ્રકાશીત કરીશ, પણ જો એ કાંમમાં તું મને બેવફા થએનો જણાશે તો યાદ રાખજે કે તારો જાંન સલામત રેહેનાર નથી." ગુરગસારે એકવાર ફરીથી વફાદારીના કસમ લીધા અને પછી અસફંદીયારના પુછયાથી ખુલાસો કીધો, "અરજાસપનાં પાયતખ્ત રૂઇનિદેજ (યાને કાંસાના) કીલ્લા તરફ જવાના ત્રણ રસ્તા છે, જેમાંનો એક ત્રણ મહીનાની મંજલનો છે. તેમાર્ગ આસાન છે અને તે શહેરો અને બાગો અને ખેતરોમાં થઇને જવાનો ખુશનુંમા માર્ગ છે. બીજો બે મહીનાનો પણ અર્ધો બીયાબાંનમાં થઇને જવાનો છે તે જરા મુશકેલ છે, તે માર્ગમાં તુને ખોરાક મેલવવો મુશકેલ પડશે; અને ત્રીજો માર્ગ એકજ હફતાનો (સાત દીવસનો) અને તેટલા માટે 'હફત-ખાન'નો છે. પણ તે રસ્તે જતાં દરરોજ નવી નવી પીડાઓ નડે છે અને તેમાંથી છુટવુ મુશકેલ થઇ પડે છે. એ રસ્તે આજ દીન સુધી ઇરાનનો કોઈબી પાદશાહ કે પહેલવાંન મોટાં લશકર સાથે જઇ શકયો નથી, કેમકે એ માર્ગ ગમે તેવો ટુંકો હોવાં છતાં એ રસ્તે જનારની ખરાબી થયા વીનાં રહેતી નથી વળી એક આ જાદુગર એ માર્ગમા છે કે જેના મક્કર અને ફરેબ સીંહ અને વરૂ અને અજદાહ કરતા વધારે ખરાબ છે." અસંપદીઆરે તો ઉપલા ત્રણમાંથી છેલ્લો જ માર્ગ પસંદ કીધો પોતાના મોત અગરજ કોઇનો આશરો મરતું

નથી એમ કહી તેને અહુરમઝદની મદદ માંગી, અને જેમ બને તેમ જલદી જવા હફ્તખાનને માર્ગે જવા તૈયારીઓ કીધી, ને તેણે ગુરગસાર ને તેની મરજી વિરૂદ્ધ પોતાની જોડે લીધો કેમકે તેને તે રસ્તે જવાથી ગુરગસારે બહુ વાર્યો હતો. એ રસ્તે કઈ કઈ આફતો નડશે તે તેને કહી બતાવી પણ અસપદીયાર હીંમત હાર્યો નહિં. ગુસ્તાસ્પશાહની આશીશ બાદ તે ૧૨,૦૦૦ ચુનંદા માણસોની ફોજ અને ઓરાકી સાથ અરજાસ્પનો મુલક જીતવા ચાલ્યો. તેની જોડે તેનો ભાઈ પેશોતન અને ગુરગસાર પણ હતા. આ જંગીને અસપંદીયારે નાસી નહિ જાય માટે બાંધ્યો હતો, અને ઘોડા ઉપર સ્વાર કીધો હતો. સઘળાઓ તે જે રસ્તો બતાવતો તે રસ્તે જતા માર્ગમાં તેઓને સાત મુશકેલીઓ નડી. પહેલે દીને બે વિકાળ વરૂઓ મલ્યાં જેમનો બંનેનો શાહજાદાઓએ નાશ કીધો. બીજે દીને ખુની સીહોનુ એક જોડુ તેમના માર્ગ વચ્ચે આવ્યું જેઓનો જાન અસપદીઆરે લીધો. ત્રીજે દીને એક જહેરી અજદહાને કઇ તદબીરથી માર્યો. ચોથે દીને એક જાદુગર સ્ત્રી સાથ મેલાપ થયો જેની જોડે એક દેવ પણ જંગલમાં ખરાબી પાંથરતો હતો. અસપંદીઆરે તેઓ બન્નેનાં જીવ લીધા. પાંચમી મુશકેલી એક ગંજાવર કદના સિમુર્ગની હતી જેનો પણ તેણે નાશ કીધો. છઠે દીને બરફનું તોફાન થયું. વંટોલીઆ સાથ આસપાસ બધે અંધારૂં થઇ ગયું. સખત થંડીથી સૌ કોઇ ધ્રુજવા લાગ્યું. એ પણ અસપંદીઆરે તમામ સરદારોનાં બકબકારાં છતાં ખમી દુર કીધાં. સાતમે દીને કાસાંનો કીલ્લો માત્ર ૩૫ ફરસંગ છેટલોજ

દુર હતો. આમાંના ત્રણ ફરસંગ રેતીના ભયંકાર રણમાંથી પસાર કરવા પડશે, જે રેતી આતશ જેવી ગરમ છે, અને જે પર ખોરશેદ સખત તપે છે. ત્યા કોઇબી પરંદુ જણાતું નથી અને પાણીનો છાંટોબી ત્યાં નથી એવી એવી બીક ગુરગસારે અસપંદીઆરને આપેલી તો પણ તે જરા ગભરાયો નહિ સાતમો દીન તો કશી મુશકેલી વિના પસાર થયો અને એજ દીને ગુરગસારની બીક, ઠગાઇ અને દગલબાજી જાહેર થવાથી અસપદીઆરે તેનો જીવ લીધો.

રાતની વેળાએ કીલ્લાની આસપાસ ફરીને અસપદીઆરે તેની તપાસ લીધી તો તેને લોખંડ અને કાસાંનો જ બાધેલો જણાયો. તેમાં દાખલ થવાનો કે હુમલો લઇ જવા જેવો માર્ગ તો હતોજ નહિ. જે ત્રણ ફરસગ જેટલો ઉંચો અને ચાલીસ ફરસગ પહોલો હતો. હફતખાનની સાતમી ખરેખરી મુશકેલી તો આ કીલ્લો જ હતો. તે કેમ ફતેહ કરવો એ એક મોટો સવાલ હતો. કેટલીક મસલત પછી તેણે તદબીરથી કીલ્લો શરણ કરવાનો વિચાર કીધો. તેણે ૨૦) સાઢણીઓ ઉપર કીંમતી કાપડ હીરા મોતી ઝવેરાત વગેરે સોદાગરને છાજતો અસબાબ બાંધીને ૮૦) ઉપર ચુનદા લડવઇયાઓને એ દાબરામાં હથીયાર બધ હાલતમાં છુપાવીને મુકયા અને બીજા ૧૦૦) સાંઢણીને સવાર દાખલ લઇને એ રીતે ૨૬૦ લડવઇઆઓ જોડે એક ઇરાંની સોદાગર દાખલ ખેરાદ નામ ધારણ કીધું, અને લશકરની સરદારી પોતાના ભાઇ પેશોતનને આપી. તેને કેટલેક દુર છાવની શખવાને ફરમાવ્યું અને પોતે કિલ્લા તરફ ઉપડી ગયો. અને પેશોતનને ચેતવણી આપી કે જે દીને તેને કીલ્લામાંથી આતશનો મોટો ધુમાડો

નીકળતો જણાય તેજ દીને તેણે કીલ્લાના દરવાજા તરફ લશ્કર સાથ જવુ અને લડાઇ ચલાવવી. અસપંદીયારને સોદાગર સમજીને અરજાસ્પે તેના અસબાબ સાથ તેને કિલ્લામાં દાખલ થવા દીધો. ખેરાદ સોદાગરે ખુદ પાદશાહને માટે કીમતી માલ નજરાના દાખલ ભેટ કર્યો, જેથી ખુશ ખુશ થઇ અરજાસ્પે તેને પોતાનો માનીતો બનાવ્યો, અને ગમે ત્યારે મહેલમાં આવવા જવાની છુટ બક્ષી. પાદશાહના પુછવાથી સોદાગરે ખબર આપી કે તે અસપંદીયારથી દુ:ખી થઇ ઈરાનથી નાશી આવ્યો છે; જો કે તે પાચ મહિના થયા ઇરાંનથી નીકળેલો છે તો પણ તેણે રસ્તામાં એવુ સાંભળ્યું છે કે અસપંદીયાર હફતેખાનને માર્ગે કીલ્લા ઉપર ચઢાઇ લાવે છે. આ ખબરથી અરજાસ્પ ખુશી થયો કેમકે એ રસ્તે તેઓ સર્વ જરૂર મરણ પામશે એવી તેને ખાતરી થઇ હતી કેટલાક દીવસો પછી અસપંદીયાર તેની કેદ પકડાએલી બહેનોને મલ્યો તેઓ ઉઘાડે પગે માથાપર પાણીનાં વાસણો ઉઠાવી હલકી નોકરી કરતી હતી. હવે ખેરાદ સોદાગરે પાદશાહ અરજાસ્પને પોતા ઉપર બહુજ મેહેરબાંન જોઇ તથા પોતે સંકટમાં હતો તે વેલા પાદશાહી જીઆફત બજાવવાની માનતા લીધેલી હતી એવું કહી એક મોટી જીઆફત આપી અરજાસ્પને તેડું કીધું, અને એ મુજબ તુરાંની પાદશાહ તેના લશકર સુધાં તેનો મહેમાન થયો. ખેરાદનું કીલ્લામાંનું મકાન નાનું હોવાથી જીઆફતની ગોઠવણ કિલ્લાના ઉંચા ભાગ પર કરવામાં આવી, અને ત્યાંજ પાદશાહ અને દરબારીઓ વગેરે માટેના કીમતી ડેરા માર્યાં અને તંબુ ઠોકયા; અને આ જીઆફતને મોટાઈ આપ-

વા કીંમતી રોશનીઓ કરવામાં આવી. આ મજાહ પાદશાહે બહુજ ખુશીથી ભોગવી અને પુશકલ શરાબની ખુશ કેફમા ગીરફતાર થયો. આ તકનો લાભ લઈ અસપદીયારે પેલા રોશન આતશને વધારે ને વધારે તેજસ્વી કીધો. પેશોતન આથી ચેતી ગયો અને ૨૦૦૦ ચુનદા સીપાઇઓ લઈ દરવાજા પર ધસ્યો અને પોતે અસપંદીઆર છે એવુ જાહેર કીધું અરજાસ્પ શરાબમા એટલો તો ચકચુર હતો કે તેને શત્રુઓના આવવાની વાતપર પ્રથમ લક્ષ આપ્યુ નહિ. પણ દરવાજા પર ઇરાનીઓ મોટી કતલ ચલાવે છે એમ જાણ્યાથી હવે તેની શુદ્ધિ ઠેકાણે આવી શાહજાદા કોહરમને ૫૦,૦૦૦) માણસોની ફોજ આપી દરવાજાપર અસપદીયાર સામે લડવા જવા મોકલ્યો, તથા બીજી ૪૦,૦૦૦) ફોજોનાં વિભાગ પાડી તેઓને બધેબધ વેહેચી નાંખ્યા. અરજાસ્પે એક લાખ માણુસ પોતાની પાસે રાખ્યું. આ રીતે કીલ્લાની આગળ ખુનખાર લડાઇ ચાલી અસપંદીઆરે ૨૬૦) લડવઇઆઓને તૈયાર કરી પ્રથમ તે અરજાસ્પ સામે લડવા ચાલ્યો, અને પોતાની બેહેનો મારફતે પાદશાહનો સુવાનો ઓરડો પીછાનીને તે છાકટા હાંકેમને તેની કેફમાંથી જગાડયો, અને કોણ છે તે જાહેર કીધું. અરજાસ્પ સુધીમાં આવી બેરાદ સોદાગરનો દગો જાણી જીવપર આવી લડયો પણ તે હારયો અને તેની ગણીઓ, બે બેટીઓ અને એક બહેન ઇરાંની પહેલવાનના હાથમાં આવ્યા, જેમને પોતાના બેટાના સ્વાધીનમાં આપી અસપદીયાર મહેલ છોડી ગયો, અને કિલ્લાની બહાર લડવા ગયો. હયાં તેણે બહુ કાપાકાપી કીધી. કોહરમ પોતાના બાપના માર્યાં જવાથી બહુ દલગીર થયો. તે સાંમે થયો પણ પેશોતન કીલ્લાના

દરવાજા તોડી ઉપર ચઢી આવ્યો અને અસપંદીયારે કોહરમનો જાન લીધો. તેનાં માર્યાં જવાથી લડાઇનું સેવટ આવ્યું અને "દરૂફશે કાવાની" ઇરાની વાવટાની ફતેહ થઈ અસપંદીઆરે પોતાની જરથોસ્તી દીન-તુરાંનમાં એ રીતે વધુ ફેલાવી, તે હવે આસપાસના મુલકો પર ધસ્યો, અને જેઓ તાબે થયા તેમને જીવતદાંન બક્ષ્યું અને સાંમે થનારાઓના, જાન લીધા પછી તે ગુસ્તાસ્પની દરબારમાં આવ્યો. જેને તેને સોનાના તખ્ત ઉપર બેસાડયો, અને સર્વ હકીકત સાભળી અને પોતાની બે બેટીઓને પાછી ફરેલી જોઇ ગુસ્તાસ્પ અને કએતાયુનનો ખુશીનો પાર રહયો નહી અને ખોદાતાલાના બહુ શુકરાના કીધા.

બે તેહમતનો અસપંદીયાર અને રૂસ્તમ વચ્ચે જંગ.

ઇરાનની જાહોજલાલીનો હવે પાર રહયો નહી ઉગમણે હિંદુસ્થાનથી આથમણે ભુમધ્ય સમુદ્રસુધી અને ઉત્તરે તુરાન અને ચીનથી તે દક્ષિણે અરબસ્તાન સુધી કયાની ધજા ઉડવા લાગી અસપંદીયાર જેવા નામાંકીત બેટાથી ગુસ્તાસ્પની કીર્તિ વધી, પણ હવે બાપ બેટા વચ્ચે અણબનાવનું બી રોપાયુ, જેમા ગુસ્તાસ્પ પોતે જ આ નામીચા બેટાનુ અકાળ મોત થઇ પડયો. પેલા અદેખા ગોર્જમે ગુસ્તાસ્પને કાન ભંભેરતી વેળા કહયું હતુ કે અસપંદીયાર ઇરાનનો પાદશાહ થવા માંગે છે. જો કે એવો ખ્યાલ તેના મનમા જરાબી હતો નહીં તોપણુ તે હવે પોતાના બાપની કબુલાત પલાયલી જોવા બાહેશમંદ થયો અને ગુસ્તાસ્પની જઈફીને લીધે હવે પોતે પાદશાહી તખ્તપર બીરાજવાને તૈયાર થયો. અરજાસ્પને

મારી કહાડતી વખતે અસપંદીયારને તખ્ત આપવાની પાદશાહે મરજી દેખાડી હતી પણ તે વેલા પોતાની કેદ પકડાએલી બેટીઓને છોડી લાવવાનુ કામ બાકી હતુ માટે તેને તખ્તની મરજી રાખી નહિ હવે જ્યારે બહેનોના છુટા થવા સાથે તુરાનનું રાજ તેના હાથમાં આવ્યું, અને દેશનો મોટો શત્રુ તેના બેટા સુધાં માર્યો ગયો, ત્યારે પાછી અસપદીયારે તખ્તની ખાએશ કીધી પણ ગુસ્તાસપને તખ્ત છેડવાં ગમતુ હતુ નહિ. આ ભેદ અસપદીયાર ચેતી ગયો. અને પોતાની મા કેતાયુન મારફતે પાદશાહને તખ્ત છોડવા સમજાવવા માગ્યુ પણ રાણીએ તેને તેમ કરવાથી વાર્યો. તેણીએ શીખામણ દીધી કે જો તુ એમ કરશે, તો પાદશાહ પાછો તુને કેદ કરશે. સેવટે હકદાર વારસ તુંજ છે. પણ અસપંદીયાર ઉતાવલો થયો; હવે ગુસ્તાસપે એને દુર રાખવા માટે એક નવા કામમાં રોકયો. તેને એક મોટી જીયાફતમાં અસપદીયારને તખ્ત અને તાજ આપવાની કબુલાત કીધી મગર એક દુશ્મન છે જે રૂસ્તમ છે, જે મારી અરજ છતાં અરજાસપને બલખમા આવતો અટકાવવા અને હઠાવવા મારી મદદે આવ્યો નહિ, તેને લડાઈમા મારી કશી સેવા બજાવી નહિ, અને મારી જંગમા ફતેહ થઈ કે કેમ તેની પરપુછ કીધી નહિ. તે એમ સમજે છે કે કેખશરૂએ તેને જાબુલ અને કાબુલની હકુમત બક્ષવાથી તે તદન સ્વતંત્ર છે. પણ મારે તેને દેખાડવું જોઇએ કે તે મારો તાબેદાર છે. માટે તેની સામે તું લડ, તેનો જીવ લે અને બેડી નાંખી મારી આગળ ખેંચી લાવ. અસપંદીયાર તેની યુક્તિ સમજી ગયો. તેણે કહયું કે "હું રૂસ્તમથી ડરતો નથી

પણ તેને આપણુ કયાની શાહજાદાઓને લડાઇના હુન્નરોની તાલીમ આપી છે. અને રાજ્યનો દોસ્ત અને મદદગાર છે તેની સામે હું લડવા જનાર નથી. તેને આપણા ન્યાગાનોની બરદાસ્ત કીધી છે તુ તેનો મહેમાન થઇ બે વર્ષ તેને ત્યાં ગુજારી આવ્યો છે, ત્યારે એવા ધણી સાથે આપણાથી દુશ્મની કેમ થાએ !" પણ જામાસ્પે તેને સમજાવ્યું તેથી તે રૂસ્તમ સામે લડવા તૈયાર થયો. આ વાત તેની માને ગમી નહિ, પણ અસપંદીયારે વચન આપેલો હોવાથી તે તોડવા સાફ ના પાડી. હવે આ પહેલવાન લશ્કર લઇ સીસ્તાન ગયો. જેને આવતો જોઇ રૂસ્તમ તેને લેવા દોડયો અસપદીયાગે પોતાના ડેરામાંજ રૂસ્તમને તેડુ કીધું અને ત્રણ દિવસ ખાનપાનમા ગુજાર્યા, જે પછી રૂસ્તમને ખબર આપવામાં આવી કે "પાદશાહની મરજી તુને બેડીમાં જોવાની થઇ છે માટે એકવાર તેની હાજરીમા તારે દેખાવ દેવો પછી તુને છોડી મુકવામાં આવશે" આવા સખુન કોઈ બીજો અસપદીયારની જગાપર બોલ્યો હતે તો તેનો સવાદ ત્યાંજ તે ચાખતે. રૂસ્તમે પહેલે નરમાસથીજ વાર્તા કીધી અને બેડીમાં બલખ જવા ના પાડી તેને શાહજાદા જોડે તેના માણસ દાખલ પાદશાહ આગળ હાજર થવાની મરજી દેખાડી પણ જહાં પહેલવાન થઇને બેડીમાં ઝીપલાવવાનુ તેને પસદ પડયું નહિ, અને તેને બજાવેલી ઇરાનની સેવાઓનું લબાણથી બયાન કીધું, અને તેવી સેવા અસપંદીયાર અને ગુસ્તાસ્પ માટે પણ બજાવવા જણાવ્યું. પણ અસપંદીયારના મનપર એથી ઉલટી જ અસર થઈ. તેણે કાંઈ તુચ્છકારથી રૂસ્તમને ડાબી બાજુએ બેસવા કહયું પણ

કોઈ દીવસ ઈરાનના કોઈબી રાજાએ જમણી સીવાય રૂસ્તમને બીજી કોઇ બાજુ બેઠક આપી હતી નહિ. તેથી તેની રજા વગર રૂસ્તમ જમણી બાજુએ બેસી ગયો. હવે બન્ને વચ્ચે જે માન હતું તે આસ્તે આસ્તે ઓછુ થયું. બેઉએ આમન સામન પોતાની તારીફ કીધી. પછી અસ-પંદીયારે એવો તો જોસમાં રૂસ્તમનો હાથ પકડયો કે રૂસ્તમને તેના રાક્ષસી બલની ખબર પડી ગઈ પણ શૌહ-જાદાનો તખુ કાંઇં લડાઈ કરવાની જગા નથી એમ કહી રૂસ્તમે જીકર કરવા માંડી વાલ્યું. બીજે દીને તેઓ પાછા મલ્યા. અસપદીયારે રૂસ્તમને કહયું "તારે હાથે બેડી હાંક-વાનુ કામ સહેલ છે અને હું તે એક સપાટામા બજાવીશ." રૂસ્તમે કહયુ કે "તુને જો હું મારીશ તો હું દુન્યામાં શુ નાક બતાવીશ. જે ખાનદાનની મે આબરૂ રાખેલી તેનીજ ખીલતી કલીને હું કેમ મારૂ" પણ બન્ને જણા એક બીજાને જીવતો પકડવાને આતુર હતા. બીજે દીને તેઓ પાછા ઉંચી જગાપર મલ્યા. ઈરાની લશ્કર અસપદીયારના ભાઈ પેશુતનની અને સીસ્તાંની લશ્કર રૂસ્તમના ભાઈ જવારહેની સરદારી તળે હતા. એ લડાઈમા અસપનદીયારના નાના બે બેટાઓ નુશાહવર અને મહેરનુશ જવારહેના હાથ તળે માર્યા ગયા એમાં રૂસ્તમ પણ લોહીલોહાણુ થયો. બન્ને પહેલવાનોએ એક બીજાની તારીફ પોતાના લશકર આગળ કીધી. જાલે રૂસ્તમને સીમુરગ આબેદને બોલાવી સાજો કીધો. તેણે એક કજુ નામના ઝાડની એક ડાલી આપીને ફરમાવ્યું કે એને ચીરીને એના બે જોડયા તીર બનાવવા, અને એ તીર અસપંદીયારની આંખમાં છોડવા જેથી તે આંધળો થશે.

પેશોતને બીજે દહાડે પોતાના ભાઇને અરજ કીધી કે ગઇ કાલે રૂસ્તમને એની તુડાઇ માટે ભારે સજા થઇ છે માટે તેની સાથ સુલેહ કરવી, અને તેની મરજી મુજબ સ્વતંત્ર હાલતમાં પાદશાહ આગળ લઈ જવો. પણ અસપનદીયાર જે તેને બેડી પહેરાવવા આતુર હતો, તેણે આ સલાહ માની નહિં. રૂસ્તમે એક તીર કહાડી કમાન ઉપર ચીલ્લો ચઢાવ્યો અને પોતે જે કરે છે તે કેવી નાચારીથી કરે છે તે બાબે ખોદા આગળ અરજ કીધી કે તે માટે તેને સજા નહિ થાય પછી રૂસ્તમે તેનુ તીર છોડયુ અને તે તીર આબાદ અસપંનદીયારની આખ આગળ લાગ્યુ, તેને ચકકર આવ્યાં અને ચીશ પાડીને જમીનપર પડયો, તેનો બેટો બહમન અને ભાઇ પેશુતન આ ધાસ્તીમાં તેણી મદદે પુગ્યા. આ બનાવથી રૂસ્તમને ભારે ગમ લાગ્યો. અસપંદીયારને કારી જખમ લાગ્યો હતો તો પણ તેણે મોતનો દોષ રૂસ્તમ ઉપર મુકવા ના પાડી. જે કંઈ બન્યું તે પરવરદેગારથી બન્યું એમ કહી બહમનને લડાઇના હુનરોથી વાકેફ કરવા ફરમાવ્યું. અસપદીયારે પોતાના મોતનો દોષ પાદશાહને માથે મુકયો. તે કાંસાના દેહનો પહેલવાન જેણે જરથોસ્તી દીન ચોતરફ ફેલાવી હતી તે મરણ પામ્યો. આથી આખી આલમે શોક કીધો. સર્વેએ અસપ-નદીયારના અકાલ મોતને એક આફત માની લીધી. શાહજાદા બહમનને રૂસ્તમે ટુંક વખતમાં લડાઇની તાલીમ આપી અને તેને એવો બહાદુર બનાવ્યો કે ગુસ્તાસ્પ જે પોતે બહુ બુઢો થયો હતો તેને બહમનને પોતાનું તખ્ત આપ્યું. ગુસ્તાસ્પે ૧૦૦ વર્ષ રાજ કર્યું. કહે છે કે અસપંદીયારનો મારનાર લાંબો વખત જીવતો રહે નહિ અને ખરેખર હવે

દાનાવોએ રૂસ્તમની આશા છોડી. જાલને સુધાદ નામનો એક બેટો હતો. જેના જનમ વખતે એવુ જાહેર થયું કે તેનાથી શામ નરીમાનના ખાનદાનનો નાશ થશે. આ બેટો કાબુલના રાજાની બેટી સાથ પરણ્યો હતો. રૂસ્તમ આ રાજા પાસથી જે ખંડણી લેતો હતો તેમાં તેને છેલ્લા વરસમાં વધારો કીધેલો હોવાથી રાજાએ પોતાના જમાઈ પર પોતાનો ગુસ્સો ખાલી કીધો. સુધાદ પોતે પણ રૂસ્તમ તરફ કપતી હતો, કારણ રૂસ્તમ તેને એક દુશ્મન માફક ગણતો હતો. બેઉ સસરા જમાઈએ રૂસ્તમનો જીવ લેવાનો પ્રયત્ન કીધો. એક દીવસે શુધાદે કાબુલની દરબારમાથી ગુસ્સે થઇ ચાલી આવવાના ઢોંગ કીધા અને બાપ આગળ ફરીયાદ કીધી કે હુ શામ નરીમાનની ઓલાદનો નથી, એમ કહી રાજાએ મને અપમાન કીધું છે. રૂસ્તમે તેને દીલાસો આપ્યો અને કાબુલનું તખ્ત તેને જ આપવાની કબુલાત આપી. તે સુધાદને લઇ કાબુલ ગયો. રાજાએ રૂસ્તમને માન આપ્યુ અને પોતાની કસુરને માટે માફી માગી અને રાજાએ રૂસ્તમનાં માનમા મોટી જીઆફત આપી. રૂસ્તમ રખ્સપર સવાર થયો અને શીકારે નીકળ્યો, શુધાદ તેની સાથે હતો પણ તે કેટલેક છેટેથી ચાલતો હતો, માર્ગમાં રખ્સ ચોંકયો અને એકાએક ઉભો રહી ગયો. રૂસ્તમ ચીરડાયો અને ઘોડાને સખત સજા કીધી. રખ્સ કુદકા મારતો આગળ દોડ્યો. અને એક ખાડામાં જઈ પડયો. રૂસ્તમે પાછળથી જાણ્યું કે તેની સાથ દગો રમાયો હતો. અને તેના માર્ગ વચ્ચે ખાડાઓ ખોદાયલા હતા. સુધાદ અને કાબુલના રાજાએ કીધેલાં કાવત્રાં મુજબ શીકારના માર્ગમાં ખાડા ખોદી તેમાં કાતીલ હથીયારો જડી

લીધાં હતા જેની રૂસ્તમને ખબર પડી નહિં; પણ રખ્શ કાંઈક બસારત થઈને તે ચાલતો અટક્યો, અને તે ખાડાઓ કુદકા મારી કુદાવી ગયો પણ એક ખાડો કુદાવતાં બંન્ને જણુ જખમી થયા કહેછે કે એ મુજબ સાત ખાડાઓમા પેસો બહાદુર ઘોડો અને બહાદુર સવાર પડયા અને બહાર નીકળ્યા રૂસ્તમે ગુસ્સે થઇ સુધાદનો જીવ લેવા તીર ખેંચ્યું. સુધાદ એક ઝાડના થડ પછવાડે છુપાયો. રૂસ્તમે જબરાં બળથી તીર ખેચ્યુ જે થડ વીંધીને સુધાદના શરીરમાં પેસી ગયો અને તે ખુની ઝાડ સાથ સીવાઈ ગયો. ખોદાનો ઉપકાર ખુનીપર વેર લેવની શકિત બક્ષવા માટે માની ને જહાપહેલવાન ત્યાંજ સુનો અને મરણુ પામ્યો. જાલને ખબર પડવાથી રૂસ્તમની લાશને કાબુલથી ઉઠાવી પોતાને વતન લાવ્યો તથા કાબુલના રાજાનું રાજ ફના કીધું.

કહે છે કે 'રૂસ્તમ' નામ પ્રથમ જાતી હતું. પણ પછી એ નામવાલા નામદારના મોત બાદ તેનાં એક પછી એક આવતા સઘળા વારસો જેઓ ઇરાંનના રાજયના પહેલવાન કે તેહેમતના અથવા સપેહસાલારનો અધીકાર મળતો હતો, તેઓ સઘળ પોતાના જાતી નામો છતાં ફકટ રૂસ્તમનાં સાધારણુ અને સર્વને મોઢે ચહડી ગયલા નામથી ઓલખાતા હતા.

બહમનની રાણી હોમાએ.

ગુસ્તાસ્પના બેટા અસપદીયારના બેટા બહમને મરણુ ટાંકણે એવું ફરમાવ્યું કે મારી બાયડી જે આશાવત હાલતમાં હતી તેથી જે બાલક અવતરે તેને રાજગાદી આપવી. થોડો વખત રહી તેણીએ એક બાલક બેટાનો જન્મ આપ્યો. તેને વિશ્વાસુ આયાના

હાથમાં સોંપ્યુ અને કોઇ પુછે તો તેણી કહેતી કે તે બાલક મરણ પામ્યુ છે શુ કારણસર એમ કહેતી તે જણાયુ નથી પણ એવુ દીસે છે, કે તે બેટા જો તેણી સાથ શાહજાદા તરીકે ઉધરે તો તે મોટો થઇ માતા સાથ રાજય કરવાનો હક માગે પણ પછી જ્યારે તે બાલક આઠ મહીનાનું થયુ ત્યારે તેણીએ એક રાતે છુપી રીતે તે બાલકને એક પેટીમાં મુકયુ, અને જરજવાહીરથી તેને શણગાર્યુ અને તે પેટીને યુફ્રેતીસ નદીમા મુકી દીધી. તે તરતી તરતી છેક સહવારે કેટલાક રંગારીઓ કપડાં ધોતા હતા ત્યાં એક પથરને અથડાઇ. એક રંગારીએ તે ઉખેડી અને જોયુ તો એક બાળક અંદરથી નીકળ્યું. તેને તે ખુશી થઈ ઘેરે લઇ ગયો. રાણીએ તે પેટી કયા જાય છે તે જોવા માણસો મોકલ્યાં. તેઓએ બધી હકીકત તેણીને આવી કહી પેલો રંગારો પેટીને લઇ ઘેર ગયો. અરધા ભીના સુકવ્યા વગરના રંગવાના કપડાં ઘરે લઇ ગયો તેથી તેની બાયડીએ તેને ઠપકો દીધો કે તુને આવું કામ કરવા માટે કોણ પૈસા આપશે. હવે તે રંગારાનુ નાનુ બાળક મરી ગયું હતુ. તેથી તેને ધીરેથી પોતાની બાયડીને બધી વાત કહી, અને પેલું બાળક પેટીમાંથી ખોલી દેખાડયું. તેની બાયડી તો બાળક જોઇ અજબ થઇ અને ખોદાના આફ્રીન કીધા. અને તેના શરીરપર દીનાર જરજવાહીર અને માણેકો જોયાં તેણી પોતાના બાળકનો ગમ ભુલી ગઇ, તે બાળકને એક મોટા આદમીનું બાળક જાણી ખરાં જીગરથી પાળ્યું. અને તેનું નામ 'દારબ' ''પાણીએ રાખેલુ'' રાખ્યું, કારણ કે તે નદીનાં

પાણીમાંથી મલ્યું હતું. હવે પેલી બાયડીએ પેલા જરજવાહેર વેચી સારી હાલતમાં રહેવા પોતાના ધણીને કહયું. તેઓ તે ગામમાંથી નીકળી કોઇ બીજી સારી જગાપર મધ્યમ સ્થિતીવાળા માણુસ તરીકે રહેવા લાગ્યા. પછી પેલીએ પોતાના ધણીને ધંધો છોડી દેવા કહયું. પણ તેમ કરવા તેના ધણીએ ના પાડી તે બાળકને તેઓ ઘણા સભાળથી પાળવા લાગ્યા. દારાબ મોટો થતો ચાલ્યો, અને દેખાવડો ને મજબુત નીકલ્યો. તે બધાઓ સાથ કુસ્તી રમતો અને બહુ મસ્તી કરતો. એક દિવસ તે બાળકને પથર પર કપડા ધોવા પેલા રંગારાએ કહયું પણ તે કામપરથી વારેઘડીએ નાસી જતો. તીર અને કમાન લઇ જગલમા જતો, તેથી તેના બાપે તેને ધમકાવ્યો, ત્યારે તેને કહયુ કે તું મને પહેલે અવરતા શિખવ અને પછી મને ધધો શીખવ, હવડાંથી 'કદાખુદાઇ' એટલે ઘરના વડાના જેવા સલુકની આશા ના રાખ. પછી તેને શિક્ષકના હાથ હેઠલ રાખ્યો અને તેને લડવઇયો થવાને પસદ કીધુ. પછી એક દીવસે દારબે રંગારાની બાઇડી જયારે તે રંગારો નદી કીનારે કપડાં ધોવા ગયો હતો, ત્યારે પુછયું કે તું મને ખરેખરૂ કહે કે હું કોણ છેઉ? કારણ મારો ચહેરો તારા જેવો લાગતો નથી. ત્યારે પેલી બાઇડીએ ખરી વાત બધી કહી દીધી. પછી દારબે તેની પાસે એક ઘોડો અને હથયાર માંગ્યાં, તેણીએ તેને અપાંવ્યાં; અને તેના મુલકની સરહદ ઉપર એક મરઝબાન હતો તેની આગલ દારબ ગયો, તેને તેણે આવકાર આપ્યો અને પોતાને ત્યાં રાખ્યો, હવે રૂમના મુલક તરફથી તે સરહદ ઉપર હુમલો આવ્યો અને તે હુમલા સામે બચાવ કરતાં

મરઝબાન માર્યો ગયો, રાણી હોમાએને એ હુમલાની અને તે મરજબાનના માર્યા ગયાની ખબર પડી, ત્યારે તેણીએ પોતાનો એક રશનવાદ નામે સપેહસાલરને કમીઓ સાંમે લડવાને અને તેઓના મુલકને વેરાન કરવા મોકલ્યા. આ વાતની દારબને ખબર પડી, ત્યારે તેને લશકરમા પોતાનુ નામ નોંધાવ્યું. એક દિવસ રાણી હોમાએ લશ્કરના ભુથક પર ગઇ અને સઘળા સરદારોને એક પછી એક તપાસી જોયા. તેમાં દારબનો દોર અને દમામ જોઇ તેણી છક થઇ ગઇ. તેણીએ પુછ્યું કે આવા કદ છાતી અને બુલંદી સાથનો સવાર કયાથી આવ્યો છે, તે સરફરાજ અને બહાદુર દીસે છે. પછી એક સારો દીવસ જોઈ રૂમના લશ્કર પર હુમલો કરવા તેને ફરમાવ્યું. એક દહાડો મોટું તોફાન થઈ આવ્યુ, ગગડાટ અને વીજલીથી હવા હલી રહી. વરસાદથી બચવા માટે સીપાઈઓ તંબુ નાખવા લાગા. દારબ પાસ તંબુ ન હતો. તેથી તે એક બીસમાર પાદશાહી મકાનમાં સુતો. રશનવાદ ફરતો ફરતો આ બીસમાર મકાન આગળ આવી લાગ્યો જયાં તેને એક અવાજ સાંભલ્યો, "ઓ ભાંગેલા ગુમબદ તું હુશીયાર રહેજે, ઈરાનના પાદશાહપર નેગેહબાન રેહજે!" આ અવાજથી રશનવાદ વિચારમાં પડયો કે એ કોણનો અવાજ હશે. ફરીથી અવાજ સાંભલ્યો. રશનવાદે આથી એક સરદારને ગુમબદમાં શું છે તે જોવા મોકલ્યો. એક જણુ જોઈ આવ્યું તો ત્યાં એક સરદાર ફાટેલા કપડામાં સુતેલો જોયો. રશનવાદે તેને ઉઠાડવાનો વીચાર કીધો અને એકજણે તેને ઉઠાડયો ને જેવો તે ગુમબદમાંથી બહાર આવ્યો તેવોજ તે

ભાગી ગયો. તે દારાબને પોતા સાથ લઇ પોતાની છાવનીમાં ગયો. ખોદાતાલાના શુકરાના કીધા, નવો પોશાક મગાવી દારબને પહેરાવ્યો અને એક આતશ સલગાવ્યો કે જેથી તેને ઠંડી વખતે ગરમી આવે. સહવારે એક ઘોડો રસનવાદે હથીયારો સજ કરી આપ્યો, અને પછી તેની બુન્યાદ પુછી, દારબે પેલા રંગારા ને તેની બાઈડીની સઘળી વાત કહી, તેથી રસનવાદે તેઓને બોલાવી મગાવ્યા. પછી રૂમની સરહદપર રસનવાદ આગળ દોડયો, અને દારબે પણ ઘણા માણસો મારી નાખ્યા, તેથી રસનવાદ ખુશી થયો ને આફ્રીન કીધી અને શાબાશી આપી. રસનવાદે છાવણીમાંથી લુટેલો માલ સઘળા લશ્કરને વહેંચી આપ્યો, અને દારબને પણ તેમાંથી લેવા કહયુ તેને ફકત એક નેજો પસંદ કીધો. સહવાર પડતાં રૂમીઓએ સુલેહ કીધી, અને ખંડની આપવા કબુલ્યુ. પછી તેઓ ઇરાન તરફ પાછા ફર્યાં, માર્ગમા પેલો રંગારી અને તેની બાયડી મલી, તેને બધી વાત પેલા રશનવાદને કહી. પછી રશનવાદે એક કાસદ મોકલી લડાઇની ફતેહ દારબથી થઈ તે, પેલા ગુમબદ આગલના અવાજો, તેની બાજુએથી મળેલું ગોહર અને પેલા રંગારાની પેટીની હકીકત, એ સર્વ હોમાએ પર લખી મોકલ્યુ. હોમાએ તે કાગજ વાચ્યું પેલુ ગોહર જોઇ, તેમજ તે જવાનના કદ અને દેખાવથી અજબ થઈ તેણીએ જાણ્યુ કે તે જવાન તેનો પોતાનો જ દીકરો હતો, કે જેને તેણીએ નદીમાં મેલી દીધો હતો, ત્યારબાદ હોમાએ એક મુબારક રોજે દારબને તખ્ત પર બેસાડયો ને નવાજેસ કિધી અને તેના માથાપર તાજ

મેલ્યું, ને સઘળાઓને કહયું કે રાજગાદીપર તેનો હક હતો. દારાએ પછી પેલા રગારા ને તેની બાયડીને જવાહીર આપી નવાજયાં ને તેઓનો ધંધો કરવા કહયો કે વખતે બીજો 'દારજ' નદીમાથી નાકળી આવે.

ક્રીસસ અને ઇસપ

એશીયા માઇનરના કીનારાથી દુર અંમોસ નામનો 'ટાપુ છે. સેમીયનોએ ક્રીસસ જે લીડીયાનો હાકિમ હતો તેને નાખુશ કીધો હતો, અને તેથી તેઓ બીહતા કે ક્રીસસ તેઓને સજા કરશે, તેથી તેઓએ રાજા આગલ એક એલચી મોકલ્યો. જયારે તે ક્રીસસ સામે આવ્યો, ત્યારે રાજાના ગુસ્સાનો પાર રહયો નહી, કારણ કે આવો કદરૂપો માણુસ તેણે કદી દીઠો હતો નહી. આખરે એલચીએ ક્રીસસને સમજાવી લીધો કે સેમીયનોએ કાંઇપણ બેઅદબી કરવાની મકસદ રાખી હતી નહિ. ક્રીસસે તેનુ નામ પુછયું, ત્યારે તેણે કહયુ 'ઇસપ' અને કહયુ "એક વેલા એક માણુસ ખેતરો મધેના તીડ પકડવાને અને તેમને મારી નાખવામાં વખત ગાળતો હતો. એક દીવસ તેને એક તીડ પકડયું ને તેને કચડવા જતો હતો ત્યારે તીડ બોલ્યું કે 'તું મને શા માટે મારી નાંખે છે હું તારો અનાજ કદી ખાતું નથી પણ માત્ર તારા ખેતરમાં ગાઉ છું.' એ રાજા! હું પેલા તીડના જેવો છુ." ક્રીસસે કહ્યું "તારો પેગામ શું છે તે કેહ." ઇસપે કહ્યું "એક વેલા વરૂ અને મેંઢા સમજુતી પર આવ્યા. વરૂઓએ વચન આપ્યું કે જો મેંઢાઓ વાડામાં ચોકી કરવા રાખેલા કુતરા અમને આપી દે તો મેંઢાઓને હમે કદી મારી નાખીયે નહિ. પેલા મુર્ખ મેંઢાઓએ આ

વાત માની પણ કુતરાઓ જેવા વરૂઓને સ્વાધીન થયાં કે તુરત તેમને મારી નાખી પેલા મેંઢાઓ ઉપર ઉતરી પડયા ને તેમનો ભક્ષ કીધો. ઓ રાજા! હુ નીમકહલાલ કુતરો છુ ને તુ વરૂ છે, જો તુને ગમે તો તુ કુતરાને મારી શકે, પછી સેમીયન મેંઢાઓનો નાશ કરે." આ કથાથી બાદશાહને રમુજ ઉપજી અને સેમીયનોને મારી બક્ષવાનો કોલ કીસસે આપ્યો, ત્યા સુધી ઈસપે પોતાની વાર્તા કહેવાનુ જારીજ રાખ્યુ.

સાઈરસ (કુરૂષ)

કુરૂષના બાપનુ નામ કબુજ્ય (કમબાઈસીસ) અને તેની માનુ નામ મેનદેન હતુ તેણી મીડીયા પ્રાનના મોટા પાદશાહ અસ્તૈયજીસની બેટી હતી અસ્તૈયજીસ ઘણો મોજમજાહમાં પડયો હતો તેણે પોતાના વજીર હારપેગસના બેટાને ઠગાઈથી મારી નાખ્યો. તેથી તે વજીર તેનું વેર લેવા તપેલો હતો. વળી કુરૂષને વિષે અસ્તૈયજીસના મનમાં એવો વહેમ હતો, કે એ મારી સામે માથુ ઉચકશે. તેથી તેને પોતાના પાયતખ્તમાથી બાહેર જવા દેતો નહિં, પણ એક વખત લાગ જોઇ તે પોતાના બાપના પ્રાંતમાં નીકળી ગયો. ત્યારે અસ્તૈયજીસે તેના બાપની હકુમત તળેના પ્રાંત પારસપર મોટી ફોજ સાથ ચઢાઈ કીધી, એ વખતે કુરૂષે પોતાના હમવતની પારસીઓને તરબીયત આપવા માટે તેઓને જગલમા ભેગા કરી એક આખો દહાડો કામ કરાવી ભુખ્યા પાછા સાજે વીદાય કીધા. પણ બીજે દીને તેઓને એક મોટી જીયાફત આપી ને તે પરથી ધડો આપ્યો કે કામ અને મહેનત પહેલાં અને

મોજમજાહ પછી, રજ ખેંચયા વિના ગંજ મળે નહિ. પછી તેઓની આગલ અસ્તૈયજીસની વાત કહાડી અને તેઓને ઉલટ આપીને સાથે ગમ્યા ને પોતાના વતનના બચાવ માટે તૈયાર રહયો, અસ્તૈયજીસનુ લશ્કર આવી પહોચના હારપેગસની મદદથી કુરૂષ ફતેહ પામ્યો અને પારસ સાથ મીડીયાની શહેનશાહતને ધણી થયો ઈરાનની આથમણુ લીડીયા પ્રાતનો દોલતમદ રાજા ક્રાંસસ જેણે આસપાસના ઘણાએક પ્રાંતોને તાબે કરી પોતાના રાજ સાથ જોડી દીધા હતા, તેણે પોતાના બનેવી અસ્તૈ-યજીસનુ વેર લેવા સ્પાર્ટન લોકાની મદદનો ભરોસો મેળવી હેલીસ નદી પસાર કરી કુરૂષના મુલકપર ચઢાઇ કીધી પણ તેમા ફતેહ મેળવ્યા વગર સારદીસ તરફ પાછો ફર્યો ને બીજા રાજાઓની મદદ લેવાને ભરોસે બેસી રહયો. તેથી કુરૂષે તેના પાયતખ્તપર ઘેરો ઘાલ્યો ક્રાસસ અદર ભરાઇ બેઠો. કોઈપણ તેની મદદે આવ્યુ નહી ને ક્રીસસને તાબે થવાની ફરજ પડી કહે છે કે ક્રીસસ પોતાના આગલા સુખી દીવસમા એવુ ગુમાન રાખતો હતો કે તે સર્વ માણસો કરતા વધારે સુખી હતો અને તેજ પ્રમાણે હમેશાં સુખી રહેવાની તેને આશા હતી પણ જયારે તેની આ પ્રમાણે પડતી થઇ ત્યારે તેણે ગ્રીક ફીલસુફ સોલને એકવાર કહેલું વચન યાદ કીધું કે "કાઇબી માણસ હમેશાં સુખી રહી શકે નહી" ક્રીસસને જીત્યા પછી કુરૂષે તેને કાઇબી રીતે અપમાન નહી આપતાં પોતાના એક દોસ્ત તરીકે પોતાની સાથે રાખ્યો.

કુરૂષના મનની મોહોટાઈનો બીજો દાખલો

બાબીલોન પ્રાંતના પાદશાહ નબોનાદીયુસે કીસસનું વેર લેવાને બહાને કુરૂષની સાંમે લડાઇ ઉઠાવી. બાબીલોન શહેરની કીલ્લેબંદી એવી તો મજબુત હતી કે કોઇથી તે જમાનામાં તે સહેલથી જીતી નહી શકાય એથી તે શેહેરના લોકો તેપર મુશતાક રહી બે ફીકર રહયા. કુરૂષે યુફ્રેતીસ નદી જે બાબુલ શહેરના કીલામાથી પસાર થતી હતી તેના પાણીને બેતરફ મેદાન અને બીયાબાનમાં વહેંચી નાખ્યું. પછી એક દીને જ્યારે બાબુલીઓ પોતાના તેહ-વારને લીધે ખાઇપીને કેફમા ચકચુર થયલા હતા, તેવામાં કુરૂષે તે નદીની બેઉ બાજુએથી શહેરમાં દાખલ થઇને લડાઇનો પોકાર ઉઠાવ્યો પેલા ખાનપાનમા ચકચુર થએલા બાબુલીઓ તેની સામે જઇ શકયા નહી તેથી કુરૂષે સહેલાઇથી બેબીલોન ફતેહ કીધુ. તો પણ કુરૂષે તેઓને જમીન ખેડી ખાવા આપી અને કોઇ સબબથી કાઇ કર લીધો નહીં. તેઓનો પાદશાહ નબોનાદીયુસ કુરૂષને તાબે થયો તેને જીવતદાન બક્ષીને 'કરમાનીઆ' પ્રાંતમાં જઇ રહેવાની પરવાનગી આપી.

કુરૂષના ડહાપણનો દાખલો

કુરૂષના ડહાપણનો આ એક દાખલો છે કે રાજનો વીસ્તાર વધવા પછી તેના પારસી સરદારોએ તેની આગલ આવી અરજ કીધી કે આપણા આ દેશની ભુમી ઘણી ફલદ્રુપ છે ત્યાંથી નીકલીને કોઇ બીજી ફલદ્રુપ જમીનપર જઇ વસવાને તું અમને પરવાનગી આપ. તેને તે વાત

પસદ આવી નહી. તોપણ તેઓને રજા આપી અને સાથે ચેતવણી આપી કે આબાદ મુલકોમાં જમીન સારા ફલ આપે પણ તેથી માણસો મોજમજાહમાં પડવાથી પોચા થવા લાગે છે અને તેઓની બહાદુરી ઘટી જાયછે એ ઉપરથી તેઓએ તે વિચાર છોડી દીધો

કુરૂષની ચાલચલણ.

ઝેનોફોન તવારીખ લખનાર કહે છે કે "સર્વેમા પ્રીત ફેલાવી તેઓને મિત્ર કરી લેવાના ગુણમાં કુરૂષ કરતા વધારે કુશલ કોઇ નહી હતુ. સર્વે કોઇને મોજ મળે યા કોઇનું ભલુ થાય એવુ કરવામા તે પોતાનો વખત ગાળતો હતો પણ કોઇના બુરામા તે નહી હતો." તેની આગમજ થઇ ગયલા કોઇપી પારસી કે ઇરાનીએ કદી નહી સ્થાપેલી એવી મોટી શહેનશાહતનો પાયો નાખી જનાર પોતે હોવા છતા તે કેટલો બધો નમનતાઇવાલો હતો કે પોતાને એક મુઠીભર ખાકથી વધારે ગણુતો ન હતો. તે કહેતો હતો ને "મારી નેમ એકજ છે અને તે એ કે જેઓ નીમકહલાલીથી સેવા બજાવે તેઓને હુ ખજાનાથી નવાજું અને જેઓને તેની જરૂર હોય તેઓને તે આપીને તેઓની તગી દુર કરૂ. જે પેટીઓમા હું મારી દોલત રાખુંછુ તે મારી પ્રજાઓના દીલ અને તેમની પ્રીતિ છે.

દારાયસ (દાર્યુસ)

દારાયસ એક અજબ જેવી રીતે પાદશાહ થયો. તે મહાત્મા કુરૂષ સાથ સગાઈ ધરાવતો હતો અને પોતેબી હખામની ખાનદાનનો હતો. તે પોતાની વંશાવલી પોતાના

યાદગાર લેખોમાં આપી ગયો છે. એ વંશમાં બીજો કોઇ નમીરો નહી હોવાથી પાદશાહને લાયક તેજ ગણાયો અને ખરેખર તે પોતાના કામોથી બહુ લાયક પાદશાહ ગણાયો છે. ગૌતમ મજુસને મારનાર દારાયસ પોતે હતો. આ ઠગારા મગુસના માર્યા ગયા પછી તેવા બીજા સાર્ગીદોમાંના એક ઓતાનિસે પ્રજાસત્તાક રાજય સ્થાપવાનો વિચાર કીધો પણ દારાયસ તેની સામે થયો. તેણે પાદશાહતના ફાયદા વર્ણવ્યા, પછી દારાયસ અને બીજા છ ઇરાની ઉમરાવો, જેઓએ ગૌતમ મજુસનો નીકાલ કાહાડવામાં મદદ કીધી હતી, તે સઘળાઓમા એ સવાલ ઉભો થયો કે સાત જણામાથી કોણે સરદાર થવુ ઓતાનિસ તે હરિફાઇમાંથી નીકલી ગયો અને બાકીના છએ એવુ ઠેરવ્યુ કે બીજે દીને મળસ્કે તેઓએ શહેરની બહાર નીકળી જવું અને સુર્ય ઉગતી વેલા જેનો ઘોડો પહેલો ખંખારે તેને પાદશાહ મુકરર કરવો. દારાયસના ઘોડાવાળાએ પોતાના શેઠના ઘોડાને આગલી રાતે એક ઘોડીની આસપાસ ફેરવ્યો, તેથી બીજે દીને તેજ ઘોડો પહેલો ખંખાર્યો અને તે વેલા આકાશમાં વીજલીના ચમકારા થવાથી બાકીના અમીરોએ દારાયસનું નસીબ બુલંદ ગણી તેને પાદશાહ કબુલ રાખ્યો.

દારાયસનો એક મોટો સદગુણ.

દારાયસનો એક મોટો સદગુણ એ હતો કે તેને પોતાની જાત, વતન અને ખાનદાનનું વાજબી અભિમાન હતું. તે પોતે ઇરાની લોહીનો અને પારસી તોખમનો હોવામાં મગરૂરી લેતો હતો. જે માણસ સ્વદેશ અભિમાન અને જાતિ અભિમાન રાખે છે, તે માણસ હરેક વખતે નીચ

અને નાલાયક કામ કરવાથી દુર રહે છે, કેમકે તે વિચારે છે કે તેમ કરવાથી તેને અને તેના ખાનદાનને એબ લાગશે. સ્વદેશ અભિમાન રાખવાનો આ એક મોટો ફાયદો છે. દારાયસ મોટા મનનો હતો તે ખોદાતાલાપર સાચ્ચો ભરોસો રાખનાર હતો. તે પોતાના દરેક નાના કે મોટા કામમાં ફતેહ પામવાનુ માન પોતે લેતો નહી પણ "અહુરમજદે મને મદદ કીધી," "અહુરમજદની મહેરબાનીથી" મેં ફલાણું કીધું એમ પોતાની તખ્તીઓમાં લખી જાયછે.

દારાયસનુ સ્કીથીયનો સાથનું જંગ.

સ્કીથીયન નામનું જંગલી ટોળુ એક વેલા મીદિયા પર ફરી વળ્યુ હતું. તેઓપર હુમલો કરવા દારાયસે નકકી કીધું. તેઓ ડેન્યુબ નદી અને કાલા સમુદ્રની ઉત્તરે વસતા હતા. સાડાસાત લાખ માણસોના લશ્કર સાથ ઈરાનનો બાદશાહ યુરોપ જવા નીકલ્યો. એશિયા અને યુરોપખંડ વચ્ચે આવેલી સાંકડી સામુદ્રધુની બૉસફેરસ તેણે ઓલગી અને થ્રેસિયાના મુલકમાં તે ઉતર્યો. તે ડેન્યુબ નદી નજદીક આવી પહોંચ્યો. તેણે જોયું કે જો સ્કીથીયનોની સામે તે જવા માંગે તો ડેન્યુબ નદી ઓલગી મેદાનોપરથી તેણે નીકલવુ જોઈએ. સ્કીથીયન લોકો રખડતા લોકો હતા, તેઓ પોતાના બાયડી છોકરાંઓને ગાડામાં લઇ જતા તથા જયાં જતા ત્યા ગાય ઢોરોને સાથે હકારી જતા. સૅમોસ ખાતેથી આવેલા કેટલાક યુનાનીઓએ તે મોટી નદીની આસપાસ એક પુલ બંધાવ્યો, તેના કીનારાની અંદર થાંભલા બાંધ્યા તેની સાથ મોટો સીકરી લીધી

અને બીજી બોટોને આ બોટો સાથ બાંધી લીધી અને એમ કરી સામે પાર પહોચ્યા દારાયસનુ લશકર દીવસ ઉપર દીવસ રસ્તો કાપતુ હતું તેના સીપાહીઓ ભુખ તરસ અને માદગીથી હેરાન થવા લાગ્યા. અને એકપી સ્કીથીયન નજરે પડયો નહી, પછી દારાયસને જણાયુ કે તેઓ દુશમનો તેનીપર હલ્લો કરવા માટે તેને વધુ ને વધુ દુર લઇ જાવી લઇ જતા. તોપણ દારાયસે ખંત પકડી અને એક દીવસ એક સ્કીથીયન કાસદ તેની આગલ આવ્યો. આ કાસદે પાદશાહ આગળ એક પક્ષી, એક ઉદર, એક દેડકો અને પાચ તીર મેલ્યા અને પછી નાસવાની તૈયારી કીધી. દારાયસે તેને અટકાવ્યો અને તે ભેટની મતલબ પુછી તેણે કહ્યું કે ઇરાનીઓ જ્યા સુધી પેલા પક્ષી માફક હવામા ઉડવાને અથવા ઉદર માફક જમીનમા ભરાઇ જવાને અથવા દેડકા માફક પાણીમાં અણદીઠ થવાને શક્તિવાન નહી હશે, ત્યાં સુધી સ્કીથીઆનોના, તીરની સામે ઉભા રહેવુ તેઓથી કદી બની શકનાર નથી. આ વખતે ઇરાનીઓની સખ્યા ઓછી હોવાથી દારાયસને દેન્યુબ તરફ પાછા ફરવા સમજાવવામાં આવ્યુ. ઇરાનીઓ રસ્તો ચુકયા, યુનાનીઓને ખબર પડી કે તેઓ પાછા હઠે છે. તેઓમાંના એક મીલતિયાદીસે સુચવ્યુ કે પુલ ભાંગી નાખવો, પણ તેના સાથીઓએ તેનુ કહ્યું માન્યું નહીં. જ્યારે દારાયસ પુલ આગલ પાછો ફરયો ત્યારે તેના લશકરનો નાનો ભાગ બાકી રહેલો હતો અને તે બહુજ નાસીપાસ થયો હતો.

મેરેથાનની લડાઈ

દારાયસે દાતીસ નામના ઇરાની સરદારને એક અસખ્ય લસ્કર સાથ યુનાન જીતવા મોકલ્યો એથીનીયનોની સ'ખ્યા એટલી તો નાહની હતી કે તેઓના દુશમનની સાથ કોશેશ કરવી એ તેઓને ફોકટ જણાઇ. વળી તેઓને બીજા શહેરોનેબી, સમજાવવાનો વખત મળ્યો નહી કે તેઓ આવી તેઓની તરફેણમાં લડે. સ્પારતનો એકલા જ એથી તેઓની મદદે આવ્યા. એથીનીયનો નાઉમેદ થયા. તો પણ ઇરાની ની ઓની સામે થવા તેઓએ કોશેસ કીધી. તેઓએ દશ સરદાર ચુટી કાઢયા જે વારા ફરતી લશકરની સરદારી લેતા હતા. મીલતીયાદીસ અને થેમીસતોકલીમપર તેઓની ઘણી ઉમેદ હતી. મીલતીયાદીસ દાતીસ સામે ઘણા થોડા લશ્કર સાથ ગયો. એથીનીયનોએ એક યુક્તિ વાપરી ઝાડો કાપી નાંખ્યા ને તેઓને ત્યાંજ રહેવાં દીધા. જેથી ઇરાની લસ્કર ગુચવણમાં પડયુ' દરેક એથીનીયન સામેથી આવી જમણી અને ડાબી બાજુ તરફ રોધ્ધા ઇરા- નીઓને કાપતોજ ચાલ્યો. ઇરાનીઓએ જલદીથી નાસવા માડયુ' ને પોતાની બોટો તરફ નાઠા. કેટલાંકો વહાણોમાં કુદી પડયા, એથીનીયનોએ વહાણોમાં આગ લગાડવાનો હોક- મ કીધો અને વહાણો પકડવાની કોશેસ કીધી સાઇનીગીરસ નામનો બહાદુર એથીનીયન પોતાના કપાયલા હાથ સાથ વહા- ણનુ' સુકાન પકડી રહયો, જોકે તેના બને હાથો કપાઈ ગયા, તો પણ તેણે બોટને દાંત વડે ઝાલી ને તે મુરદુ થયો ત્યાં સુધી લડયો. એકજ એથીનીયન સરદાર ખબર કહેવા શહેર તરફ દોડયો, ને તે ખબર આપી તરત મરણ પામ્યો.

લડાઇમાં માર્યા ગયેલાઓ માટે મીલતીયાદીસે સ્તંભ ઉભો કરાવ્યો કહે છે કે એ લડાઇમા ઇરાનીઓના બે હજાર કરતાં વધુ માણસ માર્યા ગયા, ત્યારે એથીનીયોના ૨૦૦ થી બી ઓછા હતા આ હારની ખબરથી દારાયસ અતી દલગીર થયો. તેને બીજું વધારે મોટું લશ્કર તૈયાર કરી એથન્સ જવા તૈયાર કીધુ, પણ તેટલામાં તે મરણ પામ્યો અને પોતાનુ કામ પોતાના બેટા ઝર્કસીસને સોંપી ગયો

હખામની વંશના પાદશાહોની કુળવણી.

એક બાળકને પોતાની રૂડી સંગતમા રાખી તેને સારી તરતીબથી ઉછેરવાની એક જરથોસ્તી માતાની ફરજ છે. આપણા પુસ્તકોમાં એ ફરજ બાબે, એક અસલી ઇરાની માતાનુ જે ચિત્ર આપ્યુ છે, તે એ ફરજનો પુરતો ખ્યાલ આપે છે. ઇરાની બચ્ચાંઓ પોતાનો વખત પોતાની માતા-નીજ રૂડી સગતમાં વધારે ગુજારી તેઓથી નીતિ અને સદગુણની છાપ પોતાના કુમળા મગજ ઉપર મેળ-વતાં રહેતાં હતાં. એક ઇરાની માતા બનતાં સુધી કુમળાં બાળકોને પોતાની સંગતમાં રાખી ઉદ્યોગ, નમ્રતા, મીઠાશ તાબેદારી વગેરે નીતિના સદગુણોની છાપ પોતાના વિચાર અને આચારથી પોતાના વચન અને કામથી તેઓના કુમળાં મગજ ઉપર મારતી હતી. પોતાની સંગતમાં રહેતાં બચ્ચાંઓ ઉપર જો તે માતા સારી કેળવણીની અસર ન કરતી અને ખોટો લાડ દેખાડતી, તો તેથી તે બચ્ચાં સારાં નહી નીવડતાં. તેના દાખલા ઇરાનનાં હખામીનીઅન વંશના પાદશાહો ઉપરથી 'પ્લેટો' પોતાની એક ચોપડીમા આપે છે. તે કહે છે કે "સાઇરસ ભલો પાદશાહ

નીવડયો હતો, કારણુ તેને સાદી રીતે અને સારી રીતથી ઉછેર્યો હતો. તેણે તેના છોકરા કેમ્બાઇસીસને તેના માતાની સંગતમાં કુમળી વયે રાખ્યો હતો. પણુ તે માતાએ તેને અત્યંત લાડથી ઉછેરી તેના મનમાં પાદશાહી દોર અને મોજ મજાહનો ખોટો ખ્યાલ ઉભો થવા દીધો. તેથી કેમ્બાઇસીસ ભવિષ્યમાં સારો પાદશાહ નહી નીવડયો. તેની પછી દારાયસ પાદશાહ થયો, જે પાદશાહી ખાનદાનના છોકરા તરીકે ખોટા લાડમાં ઉછર્યો હતો નહી, પણુ સારી રીતે સારી કેળવણી સાથે ઉછર્યો હતો તેથી તે એક સારો, ફતેહમંદ પાદશાહ નીવડયો, પણ તેનો છોકરો ઝર્કસીસ ખોટા લાડ અને મોજમજાહથી ઉછરેલો હોવાને લીધે ખરાબ પાદશાહ નીવડયો.”

થરમોપોલીની લડાઇ

યુનાનને તાબે કરવા ઝર્કસીસ તેના બાપ દારાયસ કરતાં કાંઇ ઓછો મકમ ન હતો. દારાયસને મળેલા અનુભવ ઉપરથી ધડો લઇ તે સમજી ગયો કે એક મજબુત કાફલાની જરૂર ઘણી છે તેથી તેણે થોડાક વર્ષ એક કાફલો બાંધવાને તેને જોઇતી સામગ્રીઓ તૈયાર કરવામાં ગુજાર્યા. આ વાતની ખબર યુનાનીઓને પડી. એવું લાગતું હતુ કે સ્પાર્ટા પણુ ઝર્કસીસથી બીહતું હતું. એક દીવસ બે કાસદો ઇરાની પાદશાહના મહેલમાં દાખલ થયા ને કહ્યું કે “અમો બંધે સ્પાર્ટાથી આવ્યા છઇએ. અમોએ તારા બાપે મોકલેલા કાસદને એક વેલા મારી નાંખ્યો, તે માટે તું જો લડવાની તયારી કરતો હોય

તો લે હમણુાંજ હમને મારી નાખ" ઝર્કસીસ આ યુનાનીઓની હીમતથી અજબ થયો અને તેઓને વતન જવા દીધા આખા યુનાને જાણ્યુ કે ઇરાનીઓ લડાઇની તૈયારી કરે છે તેથી તેઓએ એક 'કોનફરન્સ' કોરીન્થ ખાતે ભરવાનો વિચાર કીધો, અને શુ પગલાં ભરવાં તે વિષે વિચાર કીધો અને લીઓનીદાસને લશ્કરની સરદારી લેવાં ચુટી કાઢયો. યુનાનીઓએ જાણ્યુ કે ઇરાની લશકર એશીયા માઇનર અને યુનાનની વચ્ચેની સાકડી સામુદ્રધુની હેલેસપોન્ત ઓલગી આવનાર હતુ. એ જગા લીઓનીડાસે કબજે કરવાનો નિશ્ચય કીધો. એટલામા ઝરકસીસનુ લશકર આવી લાગ્યુ. નવા વહાણોને એકેક સાથ જોડવામાં આવ્યા ને ટેકરી ઉપર ઝરકસીસનુ તખ્ત ગોઠવવામાં આવ્યુ. એક રાત્રે તોફાન થઇ આવ્યું અને પાદશાહના ઘણાક વહાણોનો નાશ થયો આથી પાદશાહ ઘણો ગુસ્સે થયો ને પોતાના સરદારોને ફરમાવ્યુ કે દરીયાને ચાબક વડે ફટકાવી કાઢે અને તેની અંદર એક સાકળ બાંધે એવુ દેખાડવા કે તેણે તેને પોતાનો ગુલામ બનાવ્યો હતો. પુલને સમારવામાં આવ્યો, અને ઇરાની લશ્કર તે ઓલંગી ગયું. થરમોપોલીના દરવાજા આગળ ઇરાંનીઓ લીઓનીદાસને મળ્યા. લીઓનીદાસ પાસ ફકત ૩૦૦ બહાદુર સ્પારટનો હતા. સ્પારટા ખાતે પોતાની મરણ ક્રીયા કરી લઇ પેલા ૩૦૦ બહાદુરો બાહેર પડયા તે લડવૈયાઓ હુરા કરતા કટોકટ વખતે થરમોપોલી આવી પહોંચ્યા. સ્પારટનોએ પાદશાહ તરફથી એક કાસદ આવતો દીઠો. તેને કહ્યું કે મહાન પાદશાહ કેહવાડે છે કે તમો હથિયારો અમને

આપી દો" લીયોનીદાસે જવાબ દીધો 'પાદશાહને કહો કે આવો અને લેત્રો,' ઇરાનીઓએ ધાટમાંથી ધસવાની કોશેશ કીધી. પણ તેઓમાંના ઘણાને લીઓનીદાસના માણસોએ કાપી નાખ્યા આથી પાદશાહ બહુ ગુસ્સે થયો એટલામાં એક યુનાની તેની સાથ વાત કરવા આવતો દીઠો. તે કાસદ જેનુ નામ એરીઆલતીસ હતું, તેણે પાદશાહને પહાડની આસપાસ વીટલાયલો બીજો સાંકડો માર્ગ તેને દેખડાવવા કહ્યુ. જયાંથી પેલા ઘાટને બીજે છેડે જવાઇ શકાતું હતુ. આખરે પાદશાહે પોતાના ચુનદા સીપાહીઓને તે માર્ગે મોકલ્યા. લીઓનીદાસે જોઇ લીધુ કે કોઇએ તેની સાથ દગો કીધો છે. તેથી તેને એક સભા બોલાવી. જયાં પેલા ૩૦૦ સ્પારટનોએ સોગદ લીધા કે તેઓ મરશે ત્યા સુધી લડશે. જયારે રાત પડી ત્યારે લીઓનીદાસ પોતાના સાથીઓને ઇરાંનીઓ સાંમે લઇ ગયો તેઓ બધાં પહો ફાટતાં મરી ગયા જેમા લીઓનીદાસ પણ હતો ઉપલા ઘાટમાં સ્પારટનોએ પોતાના બહાદુર બેટાઓની યાદમાં સ્તંભ ઉભા કીધા, અને તેનીપર લેખ લખ્યો કેઃ—

'ઓ રાહદારી જા અને સ્પાર્ટાને કહે કે સ્પાર્ટાન કાયદાઓને તાબે થતાં અમો મરણ પામ્યા છઇએ. ખ્રી૦ સ૦ પુર્વે ૪૮૦.

સીકંદર અને ફીલીપ.

ફીલીપ જે સીકંદરનો બાપ હતો તેની ઘણી બાયડીઓ હતી તેમાં એક એપીરસના રાજાની નીઓપ્ટોલીમસની બેટી

ઓલીમપીઆ હતી જેણીને પેટે સીકંદર જનમ્યો હતો. ફીલીપ મોટો થયો ત્યારે એક બીજી રાણી પોતાના સરદાર એટેલુસની ભત્રીજી કલીઓપેત્રા સાથ ફરીથી પરણ્યો. જે વખતે એટેલુસે પરણતાં જોડાની સલામતી લેવરાવી ને ઇચ્છયું કે એઓને ત્યાં હકદાર વારસ થાએ. આથી સીકંદરે પોતાની શરાબની જામ એટેલુસપર ફેંકી કહયુ કે "ત્યારે શું તું મને એક હકદાર નહિ એવા લગ્નનુ ફરજંદ ગણે છે" આથી તેનો બાપ ફીલીપ ગુસ્સે થયો ને તેને તલવારથી મારવા ધસ્યો. તે તેને મારી નાંખતે પણ તેનો પગ સર્યો ને તે પડી ગયો. ત્યાંથી સીકંદર ચાલતો થયો ને જતાં બાપને ટાણો માર્યો કે "જુઓ આએ ધણી જે યુરોપથી એશીયા ઓલંગી જવા માગે છે પણ એક કોચથી બીજે કોચ જતા પડી જાય છે." સીકંદરને તેની મા દરબાર છોડી ગયા પણ પછી સુલેહ થવાથી પાછા ફરયાં.

સીકંદરની માતા નાહીદ

સીકંદર કોણનો બેટો હતો તે વિષે ઘણી વાતો જણાયલી છે. ગ્રીક લખનારાઓ કહે છે કે એ ન્યોપટોલેમ્સ નામના એક સરદારની બેટી ઓલીમપ્યાસનો બેટો હતો. સિકંદરે પણ જમશેદની માફક મગરૂરી કરી હતી, અને તેણે પોતાના દરબારીઓને તેને એમોન દેવતાના દેવતાઇ બેટા તરીકે ગણવા કહયુ. તેના કેટલાક ખુશામતીઆઓ તેને એમ કહેવામાં રાજી હતા જયારે કલાઇટસ નામના દરબારીએ તેની શુધ ઠેકાણે લાવવાની કોશેશ કીધી. જો કે તે સીકંદરના હાથે તેની સજામાં માર્યો ગયો તો પણ સીકંદરે પોતાના ભુંડા કામ માટે બહુ પસ્તાવો કીધો.

કેટલાકો તેના બાપ તરીકે નેકટાનેલો Nactanelo નામના એક ફીઝીસન માજીને જણાવે છે. કેટલાક રોમન અને ગ્રીક લખનારાઓ તેને, મેસીદોનના રાજા ફીલીપનો બેટો જણાવે છે ફીરદોશી કહે છે કે એક વખત નાહીદ જે ફીલસુફની બેટી હતી તથા દારબ સાથ પરણેલી હતી, તેને જોસમાં દમ લેતાં તેણીના મોહમાંથી ખરાબ વાસ નીકળ્યો. તેથી દારબને સુગ લાગી કારણે દાકતરને બોલાવી તેની દવા કરાવી, પણ ત્યારથી દારબને તેણી પસદ પડી નહિ. તેથી તેણી તેના બાપને ત્યાં જતી રહી આ વખત તેણી આશાવત હાલતમા હતી. તેણીએ નવ મહીના બાદ એક કદાવર બેટાનો જન્મ આપ્યો. તેનુ નામ સીકદર પાડયુ. ફીલસુફ પોતાના જમાઇપર ગુસ્સે થયો. કારણ કે તેને પોતાની બેટી નાહીદને મહેલ છોડી બાપને ત્યા જઇ રહેવાની ફરજ પાડી તેથી તે બેટો પોતાનો છે, એવો ડોળ ઘાલી ખોટી ખબરબાહેર પાડી, તેથી સીકદર ફીલસુફનો બેટો જણાવવા લાગ્યો. કહે છે જે વખતે સીકદરનો જન્મ થયો તેજ વખતે ફીલસુફના તબેલામાં એક નામીચી ઘોડીને પેટે એક જોરાવર લાયક ઘોડે જનમ્યો ફીલસુફ તે સારા શુકન ધારી તેને પણ ઉછેરવા લાગ્યો. તે પાછળથી સીકંદરનો નામીચો ઘોડો બ્યુસીફેલસ થઇ પડયો સીકદર ફીલસુફનો ગાદી વારસ થયો, અને તેની પછી ગાદીપર આવ્યો. હવે દારબે બીજી બાઇડી કીધી તેને એક બેટો થયો તેનુ નાંમ 'દારા' રાખ્યુ. સીકદર પોતાની માતા તરફ ઘણી જાનફેસાની કરતો હતો જયારે સીકંદર યુનાનના મુલકથી પૂર્વ ભણી ગયો, ત્યારે તેના

પ્રતિનિધિ હકુમત કરનારને તેની માતા સાથ બહુ ખટપટ થઇ કારણ કે તેણી રાજવહીવટમા માથુ મારતી હતી. તે પ્રતિનિધિએ સીકદરપર ફરયાદ લખી. સીકદરે જણુવ્યું કે મારી માતાનું એક આસુ તારા સેકડો પત્રોને ભુસી નાખવા પુરતુ છે, કારણુ તેની માતા જે કરગરીને લખતાં હતી તેથી તે તેને ઘણુ માન આપતો હતો. સીકદર પૂર્વ તરફના મુલકો હિંદુસ્તાન સુધી જીતી પશ્ચિમ ભણી તે પાછો ફર્યો. બાબીલોન આવતાં તે બીમાર પડયો, અને જુવાન વયે મરણુ પામ્યો. તેનું મરણુ નજીક આવતા જોઇ તેને પોતાના માતા પર એક રૂકકો લખાવ્યો, કે "આ દુન્યામાં મારે માટે જે ભાગ સરજેલો છે તે ભાગ મે બજાવ્યો છે. તુ મારા મરણુથી દીલગીર થતી ના દરેક માણુસને પછી તે શાહ હોય કે ફકીર હોય તેને મરવાનુ છે. દર વર્ષે મારા ખજાનામાથા એક ભાગ ગરીબોને બક્ષેસ આપજે. મારી બાયડી રોશનક જે આશાવતી હાલતમા છે તેને જો છોકરો અવતરે તો તેને રૂમનુ રાજપાટ આપજે. તુ શાત રહી સબુરી રાખશે એમા કાંઇ શક નથી. જયારે તારો વખત આવશે ત્યારે મારૂ રવાન તારા રવાનને જોશે હવે તુ મારા પાક જાન પર યજદાની મહેર માગ." એ મુજબનો પત્ર મોકલી તે મરણુ પામ્યો. તેના કાલબુતને માસરખાતે સીંકદ્રીયા ખાતે લઇ જવામાં આવ્યુ. ફીરદોસી પ્રમાણે પોતાનાં આવી પડતાં મરણુની ખબર સીકદરે પોતાની માતાને આપતાં તે પત્રમા લખ્યું હતું કે "તુ જો કે દુન્યામા એવો શખ્સ છે, કે જે કોઇ અતલગના મરણુથી દુ:ખી થતો ન હોય." તેને પોતાની માતાને ફરમાવ્યું

કે "મારા મરણની ગંભીર યાદનું ખાણું આખા શેહેરને આપવું અને સર્વને તેમાં ઇજન કરવું સીવાએ કે જેમને ત્યાં કોઇનું મરણ થયું હોય તેવાને તેડવા નહિ." કહેજે કે તેની માતાએ તેના ફરમાવ્યા મુજબ કીધું અને સર્વને ઇજન કરાવ્યું પણ તે ખાણામાં કોઇ આવ્યું નહિ. કોઇપણ ઘણી એવો નહિ હતો કે જેનું કોઇબી ખેશી મરણ પામ્યું નહિ હોય, સીકદરે એ પ્રમાણે ડહાપણ વાપરી એવું ફરમાવ્યું કે તેની માતા તેનો ગમ ઘણો કરે નહિ અને દીલાસો લે કે આ દુન્યામાં સર્વને મરવાનું છે.

આ વાત પરથી આપણે ધડો લઈ મોત આવી પડે ત્યારે તે હીમતથી સહન કરવુ અને ઘણો બલાપો નહિ કરવો.

સીકંદરની રાણી રોશનક

જ્યારે સીકંદરે ઇરાનપર ચડાઇ કીધી ત્યારે દારાંએ દારબ પાદશાહ ત્યાં રાજ કરતો હતો, તે હાર્યો અને નાસવા લાગ્યો તેના બે સરદારો મહીયાર અને જાનુશપાર તેઓએ જોયું કે દારાનો દહાડો બરગસ્તે થયો છે અને સીકદરનો ચઢિયાતો થયો છે ત્યારે તેઓએ ધાર્યું કે 'જો આપણે દારાને મારી નાખશું તો સીકંદર આપણને મુલકો આપી નવાજશે' તેથી તેઓએ દારાંને ખંજર ભોંકી દીધું. પછી તેઓ સીકદર આગળ દોડયા અને તે વિશે ખબર તેને કહી પછી તેઓ સિકંદરને ત્યા લઇ ગયા. સીકંદર તે નીમક-હરામોને કેદ કરાવ્યા; અને દારાં જે મરણતોલ જખમી પડેલો પણ શુદ્ધિમાં હતો, તેની આગલ તે ગયો અને તેને

દીલાસો દીધો અને તેને તબીબો પાસે જખમોનો ઇલાજ કરાવા કહ્યુ પણ દારાએ ના પાડી, ને કહ્યુ કે મારો જખમ ઘણો કારી છે. પછી દારાએ સીકદરને કેટલીક શીખામણ દીધી કે તેણે તેની બેટી રોશનક સાથ શેયાદી કરવી તેને પેટે એક ફરજંદ અવતરશે કે જે અસફંદીયારનુ નામ તાજુ કરશે અને જરથોસ્તના આતશને, લોહરાસ્પના રેવાજોને તથા ગોસ્તાસ્પની દીન કાયમ કરશે સીકદરે તે ખાએશ પાર પાડવા કબુલ્યું. પછી દારાએ પોતાનો જાન ખોદાતાલાને સોપ્યો. સીકંદરે તેને માનથી અવલમંજલ પહોચાડયો અને તેના ખુની દરબારીઓને ફાંસીએ ચઢાવ્યા આવી ભલી લાગણીઓથી ઇરાનીઓ સીકંદર પર ખુશી થયા. પછી સીકંદર ગાદીએ બેઠા અને દારાની રાણી દેલારાએપર એક કાગજ લખ્યો, ને તેણીની બેટી રોશનક જેની સાથ પરણવા દારાએ તેને મરતી વખત કહયુ હતુ તેની માંગણી કીધી દારાના મરણની દીલગીરી દેખાડી અને કહયું કે મોત પાનખર રૂતુના પવન મીસાલ છે અને માણસ જાત તેના પાદડા માફક છે જેમ પાનખર રૂતુના પવનથી પાંદડા તુરત ઉડી જાય છે, તેમ આપણ માણસ જાત મોતથી ઘસડાઇ જાય છે તેજ એક વખત રોશનક પર પત્ર લખ્યો, અને શેહાદીની માગણી કીધી દારાની વિધવા દેલારાએ તે પત્ર વાચી સીકંદરને જે માનથી દારાને અવલમંજલ પહોંચાડયો તેને માટે તેની કદરસનાસી કીધી, અને રોશનક સાથ શાદી કરવા ખુશી બતાવી સીકંદરે પોતાની માતાને રોશનક આગળ મોકલી કે તેણી તેણીને લઇ આવે. એ મુજબ અરસપરસ કીમતી જર જવાહીર

આપ્યાં ને સોના રૂપાના નેસારો કરવામાં આવ્યા ને રોશનકને સિકંદરની માતાએ માન સાથ તખતપર બેસાડી, અને આખા ઇરાન, તુરાન અને ચીને તેણીને રાણી તરીકે કબુલી. રોશનકે સીકંદર સાથ ઘણા સુખી વર્ષો ગુજાર્યાં નહિ, કારણ કે સીકંદર પુર્વ અને પશ્ચિમ ભણીના મુલકો જીતવામાં રોકાયો હતો. હવે તેણે દુન્યાનો મોટો ભાગ જીત્યો હતો. તેના કોઇ જબરજસ્ત દુશમનો રહયા હતા નહિ. તેને ફકત ઇરાન માટે ચિંતા હતી કે કોઇ વખત તેની સતા ફેંકી દઈ યુનાનપર પાછો હુમલો કરશે, તેથી તેણે સઘળા ઇરાની ઉમરાવો અને શાહજાદાઓને મારી નાખવા વિચાર કીધો, જેથી કોઇ જોરાવર હકુમત ધરાવનાર રહે નહિ. પણ તેને અરીસતોતેલ જે તેનો શીક્ષક હતો તેણે એમ કરવાથી વાર્યો, અને શીખામણ દીધી કે ઉલટુ એમ થવાથી સઘળો કારોબાર હલકી પદવીવાળા માણસોના હાથમાં જશે, માટે બેહેતર કે ઇરાનના મોટાં રાજ્યોને નાના રાજ્યોમા વહેચવાં, તેઓના નાના તાયફાઓ ઉપર નાના નાના રાજા નેમવા, જેથી કોઇ પગભર થાય નહિ. આ સઘળુ થયા પછી સીકંદર બાબીલોનમા થોડા વખતની બીમારી બાદ મરણ પામ્યો તેથી રોશનકે બહુ વીલાપ કીધો કે "જ્યારે તે બુજોરગ પાદશાહને જીતી લઇ જહાનને તેઓથી ખાલી કીધી, ત્યારે હાલ તુ શહેનશાહી તાજ ફેંકી દઇ પડયો છે. જ્યારે તે રોપેલાં ઝાડ પર ફુલ લાગવાનો વખત આવ્યો (એટલે મેળવેલી ફતેહનો બદલો નિરાંતે મેળવવાનો વખત આવ્યો) ત્યારે આ મુજબ તને ખાકમાં પડેલો જોઉં છું."

સીકંદરના ઘોડા બ્યુસીફેલસની વાર્તા.

એક દીવસ એક મેસીદોનીયન ખેડુત એક સુંદર ઘોડો લઇ આવ્યો, જેને સીકદરના બાપ પાદશાહ ફીલીપ ને તે વેચવા ઇચ્છતો હતો. રાજાએ તેની તપાસ લીધી અને કહયુ કે મારા સપેહસાલારોમાનો કોઇબી તેનીપર સ્વારી કરે તે હું જોવા ઇચ્છું છુ. સપેહસાલારોએ એક પછી એક કોશીશ કીધી, પણ તે ઘોડાએ કોઇનેબી પીઠપર બેસવા દીધા નહી. તેથી રાજાએ પેલા ખેડુતને ઘોડો પાછો લઇ જવા કહયુ પણ સીકંદરને તે ઘોડો લેવાની ઇચ્છા થઇ અને તેના બાપે તેને તે ઘોડાની પીઠપર સ્વારી કરવાની કોશેશ કરવા કહી. સીકદર મજબુત બેસી રહયો. તે તેને બાજુમાં કાંટા ભોકી આગળ દપટાવતો હતો. આખરે સીકંદર તેનો ઉસ્તાદ થયો. આથી પાદશાહ ફીલીપ ખુશી થયો અને તે ખેડુતને તે ઘોડાની જે કીમત માગી તે ખુશીથી આપી. સીકદરે તેનુ નામ Bucephalus એટલે ગોધાનુ માથું એવું પાડયું કારણ કે તેની કેડ આગળ એક છાપ હતો. જે ગોધાના માથાને મળતો આવતો હતો તે દીવસથી બ્યુ-સીફેલસ સીકદરનો માનીતો સાથી થયો. તે બીજા કોઇબી ધણીને પોતાની પીઠપર બેસવા દેતો હતો નહી.

રોમના દગલબાજ શહેનશાહનાં કાળાં કરતુકો.

રૂમના પાદશાહ કારાકેલીસે અશકાનીયન શહેનશાહતના છેલ્લા પાદશાહ અરદવાનને જીતી લેવાનો વિચાર કીધો કારાકેલીસ નબળો અને છકેલ હતો. તોપણ તે પોતાને બીજો સીકંદર ધારતો અને તેને એશિયા જીતવાનો લોભ

થયો. પ્રથમ તેણે ઓસ્રહેની પ્રાતના હાકેમ અબગારસને વગર કારણે કેદમા નાખી તેનુ નાનુ રાજ્ય રૂમી શહેનશાહત સાથે જોડી નાખ્યુ અસકાની તખતપર નવો પાદશાહ અરદવાન આવતા કારાકેલીસ તેની સાથે છેડતી શોધી અને એલચીઓ મોકલી તેને દીલોજાનની બનાવી આજી નાખવા માંગ્યો અને એક નાનુ લખી અરદવાન પાસથી તેની બેટી શાદીમા લેવાની માગણી કીધી કારાકલીસ અરૂદવાન જેવા પાદશાહના જમાઇ થવાનુ વધારે પસંદ કીધુ જેથી તેઓ સઘળી આસપાસની જંગલી પ્રજાઓને વશ કરી લે તેની આ માગણી અને નામાંકિત વિગતો માનવા સરખી લાગી નહિ અને એમા કંઇ દગા છે અમ અરદવાનની ખાતરી થઇ. તેણે એક સભાગ ભરેલો જવાબ મોકલ્યો કે અશકાની શાહ જાદી રૂમી શહેનશાહબાનુ થાય તે તો અરદવાન અને તેની પ્રજાને મોટુ માન છે પણ તેમ થવાથી તે જોડું સુખી નીવડે નહી, કેમકે પતિ અને પત્નીની રીતભાત, ભાષા વ્યવહાર સર્વ એક બીજાથી જુદા છે. આથી રાજી નહી થતા તેણે બીજુ નામુ એલચીઓ સાથે મોકલી જીગર સમાન ચાહના સપત લીધા અને આ શાદીની નેમ ફકત મિત્રાચારી સીવાએ બીજુ કાંઇજ નથી એમ ખાતરી આપી હવે અરદવાન લાચાર થયો, જો તે ના પાડે તો લડાઇમા ઉતરવુ પડે. તેણે કારાકેલીસને જમાઇ તરીકે કરવા હા પાડી તેને પાયતખ્ત ખાતે બોલાવ્યો જ્યા તે ભારી ઠાઠમાઠ સાથે આવ્યો અરદવાને તેને ચોગાનમા આવકાર દઇ ભારે માન આપ્યુ. અસકાની અમીર ઉમરાવો, સરદારો, સાહુકારો વગેરે લાબા જામા પહેરી હાજર થયા. મોટો

ભાગ હથીઆર સજીને નહી પણ તજીન આવ્યા હતા, કારણ કે આ શાદી ગમશનીના કામમા હથીઆરની જરૂરજ શી હોય સઘળાઓ નાચ રગમા પડયા. એ રીતે ચકચુર થયલી અસકાની આલમ ઉપર ફરી સીપાહીઓ પોતાના દગલબાજ હાકેમ તરફથી ઇશારત મતાજ ઉતરી પડયા, ને કતલ ચલાવી. ઘણા જણ મારયા ગયા. બીજાઓ કેદ પકડાયા અને થોડા નાસી ગયા એમ મોટી લુટફાટ ચલાવી, કારાકેલસ મડાઇન છોડી ગયા. જતા જતા તે ફરમાવી ગયો કે અસ્કાની શહેરમા લુટ ચલાવી તેઓને બાળી નાખવા પાદશાહ અરદવાનને તેના ખીદમતગારો જેમ તેમ બચાવી લઈ ગયા. અને એ - તે તેનુ તખ્ત તેનાજ હાથમાં રહેવા પામ્યુ, પણ તેનો ખજાનો લુટાયો અને પ્રજા અને સરદારો કપાઇ મુવા માર્ગમા કારાકેલીસે અસ્કાનીયનોના અગેવાનની ભાજફોડ ચલાવી આવુ નીચ અને જબુન કામ કરનારને ગિબન જેવો ઘણો અપક્ષપાત ઇંગ્રેજ તવારીખનવેશ તેને "વિચાર શકતી અને માણુસાઇના ગુણોથી ખાલી" અને તેટલા માટે માણસ જાતનો સામાન્ય દુશમન ગણી ગયો છે

અરદેશીર બાબેગાન

અરદેશીર કહે છે "ફતેહ મેળવો ત્યારે ખોદાના પહેલા શુકરાના કરજો કારણ કે ફતેહનો બક્ષનાર તે પાક પરવરદેગાર છે."

એ પાદશાહ ફરમાવે છે કે જે જગ્યાએ ચાબુકથી કામ પાર પડતુ હોય ત્યાં લાકડી વાપરવી નહી અને જે જગ્યાએ યુકિતથી કાઇ કામ ચાલતુ.

હોય ત્યાં તલવાર ખેંચવી નહી. પાદશાહો લશ્કર વગર ચલાવી શકાતી નથી, લશ્કર પૈસા વગર એકઠુ થતું નથી, તેમજ પૈસા રૈયત વગર મેળવાતા નથી અને રૈયત ઇન્સાફ તથા શિક્ષા વગર નચીત રહેતી નથી. એક ઈન્સાફી પાદશાહ એક વરસાદ વરસાવનાર વાદળ કરતા ભલો છે કારણકે ઘણી એક ઉચી જમીનો પર પાણીની પુરતી અસર થતી નથી પણ પાદશાહનો ઇન્સાફ દરેક તવગર તેમજ ગરીબને પુગે છે પાદશાહીથી ધર્મ વધે છે, અને ધર્મથી પાદશાહી મજબુત બને છે દુન્યાપર પ્યાર નહીં રાખવો કારણકે તે કોઇબી સાથ વફાદારી કરનાર નથી, તેમજ એકદમ તેને તજવી નહી કારણકે સેવટ 'સારૂં' સવાબના કામો એ વગર હાથમાં આવી શકતાં નથી. પાદશાહોએ ચાર ગુણો ધરાવવા જોઇએ (૧) મોટો ટેક રાખવો (૨) સારો સ્વભાવ રાખવો (૩) જુલમગારીને તાબે કરવી (૪) અને સર્વે રૈયત પર બધી રીતની દયા રાખવી એક દેશની આબાદીનો આધાર ચોખ્ખા ઇનસાફ પર રહે છે. એક પાદશાહની પાદશાહી ત્રણ ચીજોથી નુકસાનીમા આવી પડે છે; ૧) ગેર ઇનસાફ ૨) નાલાયક હાકેમો ૩) દેશની આવકને લોકોનાં સુખ કાજે ખરચવાને બદલે સંઘરી રાખવી. વળી તે કહેતો હતોઃ—

શાહ વિના દીન નહી રહે બરકરાર,
દીન વિના શાહ નહી રહે પાયદાર;
શાહની કુમક વિના નહી હોય દીન,
દીનની કુમક વિના, નહી શાહ નાામચીન.

જયારે દારા પાદશાહ સીકંદરને હાથે માર્યો ગયો અને ઇરાનનુ રાજ સીકંદરને હાથ આવ્યું ત્યારે દારાનો એક સાસાન નામનો છોકરો હતો તે પોતાના બાપની હાર અને મરણ પછી હિંદુસ્તાન ગયો અને ત્યાં મરણ પામ્યો હતો. તેનો એક છોકરો હતો જેનું નામ પણ સાસાન હતું. (એમ બીજી સાત પહેડી સુધી બાપને ત્યાં અવતરેલા બેટાને સાસાન નામ આપવામાં આવ્યું હતુ.) એ સાસાનો ઘણી ગરીબ હાલતમાં આવી જઇ ભરવાડ અને ઉંટોના સારવાન તરીકેનુ કામ કરતા હતા. એઓમાથી પહેડી દર પહેડી ઉતરી આવેલો એક છેલ્લો સાસાન ધંધાની શોધમાં ઉપર જણાવેલો બાબક જે અરદવાનના રાજ્યમા ઈસ્તખરની હાકમી કરતો હતો તેના મુલકમા આવી પહોંચ્યો અને તેના ભરવાડને મળી તેના હાથ તળે ચાકરી રહયો, અને પછી એક વડો ભરવાડ થયો એક રાતે પેલા હાકમ બાબકે સ્વપનામા જોયું કે ભરવાડ સાસાન લડાઇનાં હાથી પર હાથમાં હિંદી તલવાર લઇ સવાર થએલો છે અને સઘળાઓ તેને માન આપે છે, તે દુન્યામાં અમલ ચલાવે છે અને લોકોના દુ:ખો ટાળે છે. બાબકે બીદાર થતાં સેતારેશનાસોને તેડાવી તે રાતના સ્વપનાની હકીકત પુછી. તે સેતારેશનાસોએ મસલત કીધી અને કહ્યુ કે જે ધણી માટે તે સ્વપ્નો જોયો તે પાદશાહ થશે અને પોતાનુ નામ સરફરાજ કરશે; જો તેના પોતાના બાબમાં એમ નહી થશે તો તેને ત્યાં જે બેટો અવતરશે તે એ મુજબ દુન્યાનો પાદશાહ થશે. આ સાંભળી બાબક ખુશી થયો અને પછી પેલા ભરવાડ સાસાનને પોતાની પાસે બોલાવ્યો. સાસાન બીહતો બીહતો તેની આગળ ગયો

અને પછી તેણે સાસાનને માયા મ્હોબ્બતથી તેની હકીકત અને આલાદ પુછી તેણે બાબકને કહ્યુ કે જો તુ મને મારા જાનની જામીનગીરી આપે અને તારા હાથનો કાલ આપે કે તુ મને હેરાન કરશે નહિ તો હુ તુને મારી આલાદની હકીકત કહુ બાબકે તેમ કરવા હા પાડી ત્યારે ભરવાડ સાસાને બાબકને કહ્યુ કે 'આ પહેલવાન હ સાસાનનો છોકરો છુ અને અરદેશીર જે ગસ્તાસ્પના બેટા અસપંદીયારના બેટા બહમનને નામે જણાય તો હતો તેની આલાદનો છુ. આથી બાબકની આંખોમાથી આસુ ટપકયા, અને તેણે પછી સાસાનને કહ્યું કે તુ હમામખાનામા જા, ત્યા તારે માટે નવો પોશાક લાવવામા આવશે પછી તેને માટે એક પાદશાહી પોશાક અને પહેલવાની સાજ સાથનો એક ઘોડા તૈયાર કરાવ્યો અને એક મહેલ તૈયાર કરાવ્યો, પછી તેને પાદશાહી ખાનદાન મુજબ સરદાર બનાવ્યો, તેને માટે નોકરો રાખ્યા અને પોતાની બેટી સાથ તેને પરણાવ્યા. ફીરદોશી કહે છે કે અરદેશીર સાસાનનો છોકરો અને બાબકની છોકરીના છોકરો તે પરથી એનું વશ સાસાનીયન ગણાતું છે

એક વખત અરદેશીર અરદવાન સાથ શીકારે ગયો. તેઓ સાથે અરદવાનનો બેટોબી હતો શીકારગાહમા અરદેશીરે એક ગોરખર માર્યુ. તે ગોરખોર કોણે માર્યુ કરીને અરદવાને પુછતા તેના શાહજાદાએ કહ્યુ કે તેને મે માર્યું છે, અરદેશીરે આ ખોટી વાત સાભળી ગુસ્સે થઇ તેને ખોટો પાડયો. તે પરથી અરદવાન તેના પર ગુસ્સે થયો અને અરદેશીરનો મરતબો ઓછો કરી તેને પાદશાહી તબેલાનો વડો બનાવ્યો

આ બાબતની જ્યારે અરદેશારે પોતાના મમાવા બાબકને ખબર કીધી ત્યારે તે ગુસ્સે થયો અને તેના પર ના પસદગી બતાવવા એક પત્ર લખ્યો અને તેના પર થોડાક પેમા મોકલી આપ્યા હવે થોડાક વખતમા અર-દેશીરનુ નસીબ ફર્યું અરદવાનનો એક મહેલ જે પડોશમાં હતો ત્યા એક ખુબસુરત બાનુ ગુની હતી, તેણીનુ નામ ગુલનાર હતુ તેણી અરદવાનના સઘળો કારોબાર કરતી હતી એક દહાડો તેણીની નજર અરદેશીર પર પડી અરદેશીર એક વાસળી ઘણી સુદર વગાડતો હતો તેના ખુશ અવાજથી તેણી અરદેશીર તરફ ખેચાઇ તેણી અરદેશીર આગળ આવી બે વચ્ચે મહોબત વધી એક દિવસ અરદેશીરનો મમાવો બુઢો બાબક મરણ પામ્યો, ત્યારે અરદવાન સતારશનાશીઓને ભેગા કીધા, અને કહયુ કે વરતાવો કહાડી મને કહો કે મારા પછી કોણ પાદશાહ થશે તેઓ ત્રણ દિવસ ગુલનારના મહેલમા રહયા, ચોથે દિવસે તેઓ અરદવાન આગળ આવ્યા અને કહયુ કે તારા પોતાની નોકરીમાનો એક પુરૂષ જે ઉચા ખાન-દાનનો છે તે તારી દરબારમાથી નાશી જશે અને તે એક મોટો શહેનશાહ થશે. આથી અરદવાન દલગીર થયો. હવે અરદેશીરે ઉપલી હકીકત પોતાને લાગુ પાડી. એક દીવસ લાગ જોઇ અરદેશીર અને ગુલનાર મહેલમાથી ઘોડા ઉપર બેશી નાસી ગયા બીજે દીને પાદશાહ અરદવાનને ખબર મળતાં તેણે તેઓનો પુઠે ઘોડા ઉપર સવાર થઈ તેઓની પુઠ પકડી. રસ્તામા તેણે એક ગામડાના લોકોને ત્યાંથી પસાર થવા વિષે પુછયુ ત્યારે તેઓએ હા પાડી ને કહયુ

કે તેઓ પાછળ એક જંગલી મેંઢો દોડયો જાય છે, જે પાદશાહના ખોરેહની નીશાની હતી અરદેશીર આગળ અને આગળ કુચ કરતો ગયો, અને અરદવાન તેની પુઠે ગયો પણ પછી પાદશાહના વજીરે તેને આગળ જવા ના પાડી તેથી તે રએના મુલકપર પાછો ફરયો. અરદેશીરે ત્યાર બાદ લશકર એકઠું કરી પોતાના મમાવા બાબકનો મુલક હાથ કર્યો અને પછી ઈરાનના બીજા મુલકો જીત્યા, અને એક મોટી શહેનશાહત સ્થાપી, જે તેના બાપ સાસાનના નામપરથી સાસાનીયન શહેનશાહતને નામે જણાયલી છે.

એક કીડાની વાર્તા.

કુજાશનના મુલકમા 'હફતવાદ' નામનો પુરૂષ હતો તેને એમ કહેતા તેનું કારણ એ કે તેને સાત છોકરા હતા. તેને પેટ એક પુરી બેટી હતી તે પહાડપર બીજી છોકરીઓ સાથ સુતર કાતતી હતી એક દિવસે પવનના જોરે ઝાડપરથી એક તુટી પડેલુ સપરચદનુ ફળ તેણીને મળ્યુ તે કરડીને ખાતાં તેમાંથી એક કીડો નીકળ્યો. તે તેણીએ પોતાના કાંતવાના રૂમા મેલ્યો અને બોલી કે "ખુદાના નામથી સપરચદના કીડાના નસીબથી હુ આજ દીને કેટલું કાતુછું તે તમોને દેખાડીશ." તે દિવસે તેણીએ દરરોજ કરતા બેવડુ કાંત્યું અને સાંજે ખુશીથી પોતાની માને તે દેખાડયું. તે માતાએ તેણીને આશીરવાદ દીધા. બીજે દિવસે તેણીએ વધુ સુતર આગળ કરતાં જલદીથી ખલાસ કીધુ. પેલો કીડો મોટો થવાથી તેને દાબડામાં રાખવો પડયો. તેણીનાં માબાપે એક દિવસે પુછયુ કે તું આટલુ બધું સુતર કાંતે છે, તે તુને

કોઈ પરીની મદદ છે કે ? તેણીએ કહયું કે આ કીડો હાથમાં આવ્યાથી હુ વધારે કાતવા લાગીછુ. એ ઉપરથી હફ્તવાદને સબુરી આવી કે આ કીડો મારા ઘરમાં બખ્તવાર છે. હવે ગામમાં લોકો વાત કરવા લાગ્યા કે હફ્તવાદ ઘણો આબાદ થતો જાય છે. તે ગામના અમીરને તેની ખબર પડી અને તેણે તેની દોલત પચાવી પાડવા વિચાર કીધો. હફ્તવાદે પોતાના સાત બેટાઓ સાથે થોડાએક લડાયક માણસને એકઠા કીધાં તે અમીરની સામે થઇ તેને મારી નાખ્યો અને તેનુ શહેર લુટી લીધું. હવે પેલો કીડો ખોરાકથી મોટો થતો ચાલ્યો તેથી તેને એક હોજમાં રાખવો પડયો પાચ વરસ બાદ તે કીડો હાથી જેટલો મોટો થયો તેની છોકરી તે કીડાની વધુ જતન લેતી અને તેને ચોખાં દુધ અને મધનો ખોરાક આપતી હવે હફ્તવાદનો દોર વધતો ગયો તેનુ પોતાનુ લશ્કર "કીડાનુ લશ્કર" એવે નામે ઓળખાતુ અને તેણે તેની મદદથી આજુ બાજુના મુલકો જીત્યા. અરદેશીરે તેની સામે લશ્કર મોકલ્યું, પણ તેને હફ્તવાદે હરાવી કાકી કાઢયુ ત્યારે અરદેશીર પોતે તેની સામે લશ્કર લાવ્યો. હફ્તવાદનો વડો દીકરો જે શાહુઈ હતો તે બાપની મદદે આવ્યો. એવામા મેહેરક નુશજાદ નામનો એક શખ્સ જે કયાની વંશનો હતો તેણે અરદેશીરને હફ્તવાદ સાથે રોકાયલો જોઇ અરદેશીરપર હુમલો કીધો. મેહેરક નુશજાદે મુલકપર ચઢાઇ કીધી તેથી અરદેશીર ચિંતાતુર થયો. પણ સરદારોએ તેને હીમત આપી કે ફિકર નહી, હમો તારી સેવામાં છીએ. અરદેશીર હિંમત પકડી ખાણું મંગાવી ખાવા બેઠો, તેવામાં એક તીર સામેના કિલ્લા તરફથી તેઓ તરફ આવી બુરયાન કીધેલા મેંઢામાં ભરાઇ

બેઠો. એક જણે તે તીર ખેચ્યો તો તે ઉપર પહેલવી ભાષામા લખાયલુ હતુ, કે "આ પાદશાહ આ તીર ત્યાથી આવ્યો છે કે જયા કરેમ કીડાના સેતારાથી સઘળી રાહત છે. જો હુ તીર ફેકશ તો તે અરદેશીરની આસપાસ પસાર થશે માટે તેના જેવા પાદશાહને લાયક નથી કે આ જમાનામા તે કીડાનો નાશ કરે" તે કિલ્લો અને બેઉ લશ્કરો વચ્ચે બે ફરસંગનો તફાવત હતો તેથી સર્વ અજબ થયા અને ખોદાની અરદેશીર પર મહેર માગી સહવારના પોહરમા પારસ કે જયા હફ્તવાદે હુમલો કીધો હતો, ત્યા કુચ કીધી ત્યારે હફ્તવાદનુ લશ્કર તેની પુઠે આવ્યુ અરદવાનના બીજા લશ્કરે તેનો માર્ગ કાપી નાખ્યો, એમ બેઉ બાજુથી ઘેરાઈ જઈ અરદેશીરનુ લશ્કર પાયમાલ થયુ ને પોતે એક ગામમા આવી પહોચ્યો ને પોતાના નાહસવાના સબબ કહયો. ભાઈઓએ તેઓની ચાકરી કીધી અને દિલાસો દીધો કે જેમ બીકદર, અફરાસીયાબ, જોહાક જેવા બુરા પાદશાહોનો નાશ થયો છે તેમ હફ્તવાદનો બી થશે આથી અરદેશીરને હિંમત આવી. પછી તેણે કહયુ કે હુ અરદેશીર છેઉ આથી તેઓ કુરનશ બજાવી હફતવાદ સામે લડવા કાજ તાલમેલ કરવા કહયુ. હફતવાદનો કિલ્લો એક બુલંદ પહાડ છે અને તે પર જે કીડા છે તે એક દેવ છે, પાદશાહે તેઓની મદદ માગી તેઓ સાથ ગયા પાદશાહે લશ્કર એકઠુ કીધુ. મેહેરક નુશજાદ પકડાયો ને તેને મારી નાખ્યો તેના શરીરને આતશમા નાખ્યુ. તેના ખાનદાનને મારી નાખ્યુ પણ તેની બેટી તેના હાથમા આવી નહી, એ પછી તે હફતવાદ સામે લડવા ગયો. તેણે પોતાના એક સરદાર

શેહેરગીરને કિલ્લા આગળ ઠરી ઠામ રહી લશ્કર સાથ રાખ્યો અને તેને કહ્યુ કે જયારે તુ એ કીલ્લા ઉપર આતશ રોશન થએલો જોએ ત્યારે જાણજે કે મારી કોશેશ ફતેહમન્દ થઇ છે તેણે પોતા સાથ સાત સવારો લીધા, અને કેટલોક ખજાનો લીધા. તેણે સીસાથી ભરેલી બે સનદુકો અને ધાતુની એક દેગ લીધી અને તે કિલ્લા ભણી ગયો. પેલા બે ભાઈઓ જેઓએ તેની ગામડામાં મહેમાનદારી કીધી હતી તેઓને પોતાના ભોમ્યા તરીકે સાથે લીધા. એક જણે તેને પુછ્યુ આ સનદુકમા શુ છે. તેણે કહ્યુ હું એક વેપારી છુ. અને આ કીડાની બરકતથી હુ સુખી થયો છુ અરદેશીરે પોતાનો સામાન કાઢી તેઓને શરાબ નોશ કરવા આપ્યો. તેઓએ ના પાડી કે નહિ, કરમની સેવા કરવાની અમારી વારી છે. હમો શરાબ પીએ તો મસ્તીમા અમારાથી આ કીડાને તેનુ દુધ અને ખોરાક અપાય નહિ, અરદેશીરે કહ્યુ કે તમે ચીંતા ન કરો, એ જાનવરને હુ પરસ્તેશ કરી ખવડાવીશ, ત્યારે તેઓએ શરાબ લીધો, અને મસ્ત થયા પછી અરદેશીરે આતશ સળગાવી ધાતુ પીગળાવી પેલા જાનવરના ગળામા દુધને બદલે તે ધાતુ રેડી તે જાનવર બુમ પાડી મરણ પામ્યુ. અરદેશીર ને તેના સાથીઓએ તલવાર લઈ આજુબાજુનાઓને મારી નાખ્યા, અને પછી પહાડ ઉપર આતશ સળગાવ્યો, જેથી શેહેરગીરે જાણ્યુ કે અરદેશીર ફતેહમંદ થયો છે પછી હફતવાદ પોતે લશ્કર સાથ કિલ્લો પાછો લેવા આવ્યો, તેનો બેટો શાહુઈ પણ સાથે હતો. પેલી ગમથી શેહેરગીર અરદેશીરની મદદે દોડી આવ્યો, ને

લડાઈમાં હફ્તવાદ અને તેના બેટાને અરદેશીરે ફાંસી દીધા ને તેઓનાં લશ્કરને તારાજ કીધું. પછી અરદેશીર આતશ બહેરામ ગયો અને સદેહ અને મહેરગાનના જશનો તેણે ઉજવ્યાં

માની એક ખોટો પેગમબર.

અરદેશરના જરથોસ્તી ધર્મની આગમજ ઈરાનના લોકો મુરતી પુજાથી અતીશય કંટાળી ગયલા હોવાથી કાઇ સંગીન ધર્મના તપાસમાં ઘણાઓ મંડેલા હતા. પારથીયન વંશની પડતી પછી ઘણાકો પોત પોતાની કલ્પના મુજબ ધર્મ પાળતા હતા. એઓમા એક માની નામે ધર્મગુરૂ હતો. તેણે શાપુરના વખતમા ઘણા પંથોનો અભીયાસ કીધો અને પછી ખ્રીસ્તી ધર્મ પસંદ કરીને તે એક પાદરી બન્યો પણ તેને એક ધર્મની ઝુસરીમા જોતરાઈ રહેવા ગમયું નહીં. સઘળા ધર્મોમાંથી એક નવોજ ધર્મ ઉભો કરવાનું તેનુ મન થયુ. તેણે 'અરજંગ' નામે પોતાના ધર્મના ફતવાઓની એક ચોપડી લખી. તેણે આ નવો ધર્મ ઉભો કીધલો હોવાથી પાદરીઓ બીધા અને તેથી પોતાના ધર્મને ખલલ પહોચશે એમ સમજી તેઓએ પોતાની સંપ્રદામાંથી તેને હાકી કાઢયો. માનીની મતલબ ખ્રીસ્તી ધર્મ સમારીને તેને ચોખો કરવાની હતી. પણ પાદરીઓને તે વાત પસંદ નહી આવી તેથી તેઓએ અરદેશરના બેટા શાપુરના કાનપર પોતાની ઇચ્છા નાંખી. કહે છે કે શાપુરે તેનો ધર્મ પસંદ કરવાની ઇચ્છા દેખાડી હતી. પણ તેટલામાં માનીની ઠગાઇ જાહેર થવાથી પાદશાહે તેને દેશનીકાળ કાઢયો, અને જરથોસ્તી ધર્મ વધારવા પાછળ બનતી મેહેનત લીધી. તેણે પાદશાહ

આગળ પોતાની બડાઇ હાકી કે મારો ધર્મ બીજા પેગમબરો કરતાં બાલાતર છે અને તેને વધારે આગળ વધારવામાં તુ જેવા પાદશાહની મદદ જોઇએ છીએ શાપુરનાં દીલમાં તેની બોલીદરાજીની અસર થઇ તો પણ તેને માહાત કરવાનુ કામ પોતાના દસ્તુરોના હાથમા મુકયુ. તેઓએ તેને તકરારમા માહત કીધો, તેથી પાદશાહ શાપુરે ગુસ્સે થઇ તેની ચાંમડી ઉખેડી નાખવાનો હોકમ કીધો. કેટલાકો માનીને સજા કરનાર શાપુર પેહેલો નહી પણ બેહેરામ પહેલા ગણે છે.

શાહઝાદા શાપુરના જન્મની કહાણી.

શાહજાદા શાપુર સાસાનીયન વંશના પાદશાહ અરદેશીરનો બેટો હતો. એના જન્મની વાર્તા નાઇ જેવી છે. એક વખત ઇરાની પહેલવાનોની અરજ ઉપરથી અરદેશીરે અસકાનીયન વંશના પાદશાહ અરદવાનની બેટી સાથ શીયાદી કીધી. તે વાતને થોડાક માસ ગુજરયા પછી તેણીના ભાઇ બહમને આ રાણીને ઉશકેરવાથી તેણીએ એક દીને પોતાના ભરથારને ઝેર ભરેલુ સરબતનુ પ્યાલુ રજુ કીધુ. ગમે તેવો દુશમન પણ તે તેણીનો ખાવીંદ હોવાથી રાણીનું દીલ અરદેશીરના હાથમા પ્યાલુ આપી દેવાને ચાલ્યુ નહી. પ્યાલુ તેના હાથમાથી પડી ગયું અને તેણી ગુનેહગારની માફક ધ્રુજવા લાગી. પાદશાહને શક જવાથી તપાસ કરી તો સરબતમાં જેહેર ભળેલુ માલમ પડયુ. રાણીએ પોતાનો વાંક કબુલ કીધો અને અરદેશીરે તેણીને એ તકસીર માટે ગરદન મારવાનું કામ એક મોબેદાન મોબેદને સોંપ્યું. એ વખતે રાણીને હમેલ હતા તો પણ પાદશાહે તેણીની એ

કાકલુદી ઉપર લક્ષ આપ્યુ નહી મોબેદ કોઇ દયાળુ આદમી હતો તેણે રાણુીને મારી નાખવાને બદલે પોતાની ઓરતના સ્વાધીનમાં આપી. થોડા વખત પછી રાણીએ એક બેટાને જન્મ આપ્યો અને તે પાદશાહનો દીકરો હોવાથી મોબેદે તેનુ નામ શાહપુર પાડ્યુ એ વાતને થોડાક વરસો ગુજરયા પછી અરદેશીરે પોતાના આ વજીર આગળ બેટાનુ ફરજંદ નહી હોવા વિષે ફરીયાદ કીધી, જે તકનો લાભ લઇને મોબેદ રાખેળી વાત તેને જાહેર કીધી. પાદશાહ ખુશી થયો પણ એ વાતની ખાતરી કરવા માટે હુકમ આપ્યો કે શાપુરની ઉમરના, તેના દેખાવના, તેના કદના ૧૦૦૦ છોકરાઓને એક સરખા લેબાસમા દડીદાવ રમવા માટે મેદાનમા ઉભા કરવા વજીરે આ પ્રમાણે કર્યું અને પાદશાહ તમાશો જોવા બેઠો. તેણે સર્વમા શાપુરને વધારે ચપળ જોઈને પોતાના બેટા દાખલ ઓળખ્યો અને વજીરે તેની અટકળને ખરી પડેલી જાણી. એમ છતા પણ તેનો વહેમ ભાગ્યો નહી પાદશાહના ફરમાવ્યાથી એક નોકરે છોકરાઓની દડી ઉચકીને છેક અરદેશીર બેઠો હતો તે ખુરશી સુધી ફેકી કોઇબી છોકરાની હીમત આ દડી લેવા માટે પાદશાહની નજદીક જવાને ચાલી નહી પણ તેઓમાંથી શાપુર બેધડક પાદશાહ આગળ દોડયો અને દડી ઉઠાવીને પોતાના સોબતીઓ તરફ ફેકી. પાદશાહની ખાતરી થઇ કે તેના પોતાના દીકરા વાના એટલી હીમત બીજો કોઇ કરે નહી. તેણે શાપુરને ગળે લગાડયો અને તકસીરવાર થયલી રાણીને પાછી મહેલમા બોલાવી અરદેશીર પોતાના વજીરપર એટલો તો રાજી થઇ ગયો કે તેણે પોતાની મોહોરની એક બાજુ ઉપર પોતાની અને બીજી બાજુ ઉપર આ વજીરની સુરત કાતરાવી હતી

શાપુર અને તેની રાણી—મેહેર કનુશજાદની બેટી.

અરદેશીરે ઘણીક લડાઇઓ કીધી હતી અને ઘણા મુલકો જીત્યા હતા તે પોતાના આપ બળે સાધારણ પકતી પરથી એક પાદશાહ થયો હતો. તેના દુશમનો ઘણા હતા. તેના દસ્તુરે તેનુ ફાલ જોવા એક કએદ નામના સેતાગેશનાસનુ નામ સુચવ્યુ, ત્યારે અરદેશીરે એક કાસદને હિંદુસ્તાન મોકલ્યો કએદ પર પુછાવ્યુ કે હુ લડાઇઓથી કયારે ફારેગ થઇશ ને નોરાતથી જમીનનો માલેક થઇશ જો તેમ નહી બને તો હું ફેકટ રજ કરૂ નહિ. તે કાસદ ભેટ સોગાદ લઇ સેતાગશનાસ આગળ ગયો. તેણે કહેવડાવ્યુ કે પાદશાહ અરદેશીર પોતાનાં કુટુંબને મહેર કનુશજાદના કુટુંબ સાથ શાદીના ગાઠથી જોડે તો તે સઘળી રીતે નીરાત થાય. તેમ કરવાથી ગજ વધીને રંજ કમી થશે. તે બને કુટુંબને આખુ ઇરાન તાબે થશે અને સઘળી મુરાદો બર આવશે. અરદેશીર તે સાભળીને દલગીર થયો કારણકે તે કુટુંબ સાથ તેને અભાવ હતો. મેહેરકનુશજાદના કુટુંબ સાથ વેર હોવાનું કારણ એ કે અસકાનીયનના છેહલા પાદશાહ અરદવાન સામે તે લડાઇમા ઉતર્યો, ત્યારે તેણે એક વખત હાર ખાધી ને તે ઘણી મુશ્કેલ હાલતમા આવી પડયો મેહેરકનુશજાદ પાદશાહ જેહેરમના મુલકપર રાજ કરતો હતો, તેણે અરદેશીરની ખરાબ હાલત જોઇ તેનો લાભ લઇ તેના શહેરપર હુમલો કીધો અરદેશીરને તેથી દલગીરી લાગી તેથી તે અરદવાન સાથ લડવાનુ માંડીવાળી પોતાને મુલક પાછો ફરયો. મહેરકનુશજાદ કેથે ભરાઇ બેઠો તેને શોધી કાઢી મારી નાખ્યો, અને તેના કુટુંબના બધાઓને તેણે મારી નાખ્યા. ફકટ તે પાદશાહની છોકરીજ તેના હાથમાંથી

છટકી ગઇ તેથી તે કુટુંબ સાથ શેહાદીથી જોડાવાનો વિચાર તેને પસંદ પડયો નહિં. હવે તે છોકરી રખેને તેના કુટુબમાં પરણે તેથી તેને પાછી પકડવાની તેણે શોધ કીધી. તેના માણસોએ તેણીને જેહરમ તરફ શોધી કહાડી તેથી તેણી ત્યાથી નાસી એક ગામડાંના પટેલને ત્યાં જઇ રહી. તેણી સરોવરના ઝાડ જેવી સીધી અને દબદબા સાથે ઉધરવા લાગી. હવે એક દીવસ અરદેશીર પોતાના બેટા શાપુર સાથે શિકારે ગયો. શીકારમા સૌ છુટા પડી ગયા, અને શાપુર એક ગામમાં આવી લાગો, જયા મેહેરકનુશજાદની બેટી તેના પટેલને ત્યાં રહેતી હતી. શાપુર તેના બાગમાં દાખલ થયો. તેણી કુવામાથી કપી મારફતે બાલડી ખેંચતી હતી. તેણીએ પાદશાહને જોઈ તેનાં જાનવર સારૂ પાણી કાઢી આપવા કહયું, પણ પાદ-શાહે કહયું કે નહિ મારા માણસો પાણી કાઢશે. પેલા માણસો પાણી કાઢી શકયા નહિ, કારણ કે બાલદી તેઓથી ખેચાઇ નહિ. ત્યારે તેણે તેઓને તાનો મારી કહયું કે આ છોકરી પાણી કાઢી શકે છે, ને તમો મરદો તેમ કરી શકતા નથી એ શરમ ભરેલું છે. એમ કહી પોતે ખેંચવાની કોશેશ કરી પોતે બહુ મુશકેલીથી તે ખેંચી તેથી તેણે ખ્યાલ કીધો કે આ કોઇ જોરાવર ક્યાની વ શાની લાગે છે. પછી પેલી જવાન શાહજાદા શાપુર નજદીક આવી તેને આફ્રીન કીધી, તેથી શાહજાદાએ તેણીનું નામ પુછયું. તેણીએ પહેલે પોતાના જાનની સલામતી માંગી, પછી કહયું. કે મેહેરકનુશજાદની બેટી છું. હું નાની હતી ત્યારથી એક પહેરેજગાર મરદ મને અહીં લાવ્યો અને હયાં હું પાણી ખેંચનારી તરીકે કામ કરૂંછું. તેથી શાપુરે તે ગામના

વડા આગળ જઇ તેને કહયું કે આ બાનું તું મને શેઆ- દીમાં આપ તે પરણ્યો અને થોડા વખતમાં તેને ત્યાં એક બેટાનો જન્મ થયો. શાપુરે તેનુ નામ હોરમજદ રાખ્યુ. શાપુર તેને છુપો રાખતો હતો, કે રખેને એ વાત અરદે- શીર જાણે હવે એક દીવસ અરદેશીર શીકારે ગયો અને સાથે શાપુર પણ ગયો તે વખતે હોરમજદ હાથમાં તીર કમાન લઇ અરદેશીરના મહેલમા દોડી ગયો. બીજા છોકરાઓ રમતમાં ભેળાયલા હતા. તેવામા અરદેશીર શિકારથી પાછો ફરયો. પેલા છોકરાઓમાથી એકે જોસમા દડો ફેંકયો. જે પાદશાહ આગળ જઇ પુગ્યો તે લાવવા કોઇએ હિંમત કીધી નહીં. ત્યારે હોરમજદ અરદેશીર આગળથી તે દડો ઉઠાવી લાવ્યો. અરદે- શીરે પોતાના મોબેદને કહયુ કે આ છોકરાની ઓલાદ વિષે ખબર કાઢો. કોઇએ તે વિષે તેને કહયુ નહિ ત્યારે તે છોકરાને ઉઠાવી લાવવા અરદેશીરે કહયું. તેણે હિંમતથી જવાબ આપ્યો કે હુ તારા બેટા શાપુરનો દીકરો છું ને માતાથી મહેરકની તોખમનો છુ. પછી શાપુરને તેડાવી પાદ- શાહે સઘળી હકીકત પુછી અને તે બીહતો હતો તેથી હિંમત આપી કહયુ કે ફીકર નહી. જે બન્યું હોય તે કહે. બેટાઓ માતાથી ઓળખાતા નથી પણ બાપથી ઓળખાય છે. ત્યારે. શાપુરે ખરૂં કહી દીધુ કે એ છોકરો મારા ખુનનો છે- પાદશાહ આ હકીકતથી ખુશી થયો અને તે છોકરાને ઝરજવે રાતથી નવાજેશ કીધો અને પેલા દાનાવ સેતારેશનાસીઓની વાત ખરી માની. જયારથી હોરમજદનો જન્મ થયો છે ત્યારથી કુલ•જહાન મારે તાબે થઇછે ત્યારબાદ તે "શાહાનશાહ". એટલે પાદશાહનો પાદશાહ એમ લખવા લાગો.

માહાત્મા શાપુર (અથવા શાપુર બીજો)—તેનો જન્મ.

શાપુર બીજો ઇરાનનાં સાસાનીયન વંશનો એક નામીચો પાદશાહ હતો શાપુરનો બાપ હોરમજદ નવ વર્ષ રાજ કરી જ્યારે મરણ પામ્યો ત્યારે શાપુરનો હજી જન્મ થયો હતો નહી. હોરમજદના મરણનો શોક ૪૦) દીવસ ઇરાનીઓએ પાળયો તેનાં મરણ બાદ દરબારીઓને મીલમ પડયુ કે હોરમજદની રાણી આશાવત હાલતમા હતી તેથી તેણીને ત્યા ફરજદ અવતરે તેને રાજ આપવાના ઇરાદાથી હાલ તુરત તેઓએ ઇરાનનુ પાદશાહી તાજ તેના માથાપર મેલ્યું નહી પણ રાજ્ય અને દેશના વડા માણેદે તેણીને તખ્તપર બેસાડી તેણીએ ત્યારબાદ એક બેટાનો જન્મ આપ્યો. તેનુ નામ દરબારીઓએ શાપુર રાખ્યુ. આ બાળકના જન્મને ૪૦) દીવસ પસાર થતા દરબારીઓએ તે ૪૦) દહાડાના બાળક બેટાને તખ્ત તઇયાર કરી તે પર રાજનું તાજ મેલી તે પર મેલ્યો ને તેને ગાદીએ બેસાડવાની ક્રીયા કીધી આ ક્રીયા કરતી વેળા વડા વજીરે ઉમરાવોને હાજર રાખી એક મોટુ જશન કીધુ

પાદશાહ શાપુરની નસીયત-શાપુર સાસાનીયન વંશનો નામીચો પાદશાહ ફરમાવેછે કે જે કોઈ કોઇના હકમા કશુ બુરૂ બોલે અને એવું નહી સમજે કે તેના હકમાં પણ તેવુ જ લોકોથી બોલાશે, તો તે માણસ ભુલેલો ભલો. અક્કલની કદર ભારે બલાનો વખને પીછાનવામાં આવે છે તે અકલની મદદથી ભારે આફતમાંથી છુટી શકાયછે. દુન્યામાં ભલાઇ કરવા કરતા બીજુ કશુ ઉતમ નથી.

બીજી નસીયત ખરે બેશરમ આદમી તેને જાણવો કે જે ગુનાહ કરે અને પોતાના મનમા પણ શરમીદો ન થાએ

શાપુર જુલકતાફ (શાપુર બીજો) અને તેની રાણી મલીકે

શાપુરે ૨૬ વર્ષની ઉમરે એક આરબ પાદશાહ જે પાદશાહની ફુઇ નામે તુશે, જે મરનાર પાદશાહ નરસીની બેટી થતી હતી તેણીને ઉઠાવી લઇ ગયો હતો તેની પર કીનો લેવાને ઠરાવ કીધો અને ૧૨૦૦૦ માણસના લશ્કર સાથ તેની પર હુમલો કીધો તે પાદશાહનુ નામ તાયર હતુ. તે યમનના કિલ્લામા ભરાઇ બેઠો ને શાપુરે તે કિલ્લાને ઘેરો ઘાલ્યો. એક સહવારે શાપુર ઘોડાપર આજુબાજુ ફરતો હતો તે વખતે તેની ફુઇ તુશેની બેટી મલીકે તેને જોયો તેણી શાપુરપર ફીદા થઇ અને તે પાદશાહપર પેગામ મોકલ્યો, "કે હુ પણ તારા ખાનદાનની છેઉ ને માતાથી નરસીની એ લાદની છેઉ. તારી ફુઇ તુશેની બેટી છેઉં. હુ તારી ખેશી છેઉ ને તારી સાથ મારા મુલક પર કીનો લેવા શરીક છેઉ, માટે તુ આ મહેલ મેળવશે, ત્યારે હુ જે તેમા એક ખુબસુરત ચીતારે માફક ખુબસુરત સ્ત્રી છેઉ ને તારી બાયડી થવા ખુશી છેઉ તારે જે વાત કરવી હોય, તે મારી દાસી સાથ કર રાત પડતા પેલી દાશી પાદશાહ આગળ ગઈ, પાદશાહ આ પેગામ સાંભળી ખુશ થયો, ને દાસીને કીમતી ભેટો આપી કહયું કે તારાથી કોઇપણ પ્રકારની જુદાઇ રાખીશ નહિ. હું તને તખત અને કોલાહ ગંજ અને સીપાહ આપીશ-

સહવાર પડતાં મલીકે વખારની કુચી લઇ, શરાબ આપનાર શાકીને પોતા પાસ બોલાવી ફરમાવ્યું કે આજે તું બધાને છુટથી શરાબ આપજે. હવે રાત પડતાં ખાણું લીધું. અને શાકીએ તાયરને પુર છુટથી શરાબ પાયો, તે મસ્ત થઇ આરામ કરવા લાગો. તેવામાં મલીકે કિલ્લાના દરવાજા ઉઘાડી નાખવાને હુકમ આપ્યો. તેણી કીલ્લામાંથી બહાર પડી તેણીને પાદશાહે પોતાની છાવણીનાં તબુમા મોકલાવી. પછી તેણે કિલ્લામાં દાખલ થઇ આરબ લશ્કરને માર્યું. તાયર પાદશાહ શાપુરને હાથે કેદ પકડાયો. સહવાર પડતાં કિલ્લામાં તખ્ત ગોઠવવામા આવ્યુ, અને પાદશાહ શાપુરે તે પર જગા લીધી તેની પાસ મલીકે રાણી આવી બેઠી. ત્યા તાયરને જંજીર સાથ લાવવામા આવ્યો. જયારે પોતાની બેટી મલીકને શાપુર સાથ તખતપર જોઇ, ત્યારે તેની સઘળી દગલબાજીની વાત યાદ આવી તેણે શાપુરને કહયુ. "ઓ પાદશાહ તુ જો કે મારી એ પ્યારી બેટીએ મારી સાથ કીધુ છે તેમ તુ પણ મોહબતથી એવીજ આશા રાખજે." શાપુરે કહયુ. તુ બેહેરામ પાદશાહના વશની એક બાનુને મહેલમાંથી ઉડાવી લાવ્યો હતો તેનો આ કીનો છે એમ કહી તાયરને મારી નાખ્યો અને તેની લાશને બાળી નખાવી અને તેને શિક્ષા કરી સઘળા આરબોના બંને હાથ તેઓના ખભાંમાંથી દુર કરાવ્યા યાને તેઓનાં ખભાં ઉતારી નખાવ્યાં તેથી આરબોએ તેને "જુલકતાફ" યાને ખભાંઓનો માલેક એવું નામ આપ્યુ.

અહયાં ફીરદોસીનું દાસ્તાન પુરૂ થાય છે. પણ માસુદી તવારીખ લખનાર આ મલીકે રાણી પોતે કેવા કેજે પહોંચી તે જણાવે છે. ફીરદોસીનાં દાસ્તાન મુજબ તેણીના બાપે મરતી વખતે શાપુરને કહયું હતુ કે 'જેમ તેણીએ ખુદ પોતાના બાપને દગો દીધો છે તેમ કોઇ દીવસ પોતાની ખાવીદને દગો નહી દે તે તપાસજે. આ બદો માસુદી કહે છે કે શાપુરના મનમા રમ્યા કીધા. પરણવા પછી એક રાતે તેણીએ આરામ કીધો. તેણીનુ બીછાનુ ઘણુ નરમ ચીનાઇ રેશમનુ હતુ તે છતાં તેણી ઉંઘમાંથી જાગી ઉઠી ફરીયાદ કરવા લાગી કે 'મને કાંઇ ખુત્યા કરે છે' એમ કહી તેણી આખી રાત સુતી નહી. સહવાર પડ્યા શાપુરને માલમ પડયુ કે તેણીનુ બીછાનુ લોહી લુવાન થયુ હતુ અને રાણીની ચામડીમાથી લોહી જતુ હતુ. બીછાનું તપાસના માલમ પડયુ કે તેમા ગુલાબનાં ફુલની એક પાદડી પડેલી હતી તેણીનુ શરીર એટલુ તો નાજુક હતુ કે ફકત ગુલાબના ફુલની એક પાંદડીથી તે કોમળ ચામડી ઘસાઈ તેમાથી લોહી વહેતુ હતુ. પાદશાહ તેણીની આવી ચામડીથી અચરત થયો ને પુછયુ કે 'તારી ચામડી એટલી નાજુક કેમ? તારો બાપ તુને શું ખવાડતો હતો? તેણીએ જવાબ દીધો કે "બકરા મેંઢા ને ગાયના હાડકાંમાંથી ઘી કઢાવી તે તાવેલાં માખણને સફેદ મધમાં ભેળવાવતો તથા તેમાં થોડા સોજ્જા ઘઉના આટાનો સ્વચ્છ ભુકો નખાવતો ને તેનો ગોળ બનાવી, ગાયના દુધના માખણમાં તળાવતો ને તે મને ખવારતો. વળી પાણીને બદલે

ઉચો પાચ વર્ષના જુનો શરાબ પાતો. હુ સાધારણ રોટલી કે પાણી તો કોઇ દ્હાડો ખાતી પીતી હતી નહી, આ સાભળી શાપુર બોલ્યો કે "તારો બાપ જે તુને આવી માવજતથી ઉધારતો હતો તેની તું થઇ નહી, અને તેને દગો દઇ મારી નખાવ્યો તો તુ મારી શુ થવાની હતી" એમ કહી તેણીને મારી નખાવી.

શાપુર જુલકતાફ અને રૂમની દરબારની સૈરાની બાનુ

શાપુર (જુલકતાફ) ને માટે કહે છે કે તે રાજપાટ અને દોલત છતા બેચેન રહેતો એક દિવસે તેને રાતે ઉઘ આવી નહી. તે મનથી બહુ ચીતાતુર બન્યો તેથી સતારેશનાસોને તેણે પોતાનાં રાજ્યનુ ભવીષ્ય પુછયુ એક કહ્યુ કે જહા-પનાહ તારે માથે એક રજભરી મુશ્કેલી લટકે છે જે બોલાય નહી તેવી છે" પાદશાહે પુછયુ કે "કાઇ ઇલાજ છે જેથી એ મુશ્કેલીમાથી હુ બચુ" પેલા સેતારશનાસોએ કહ્યું કે 'આ પાયદાર આસમાનના ચક્રની ચાલથી ગમે તેવો બાહદુર માણસ પણ છુટી શકે નહી, બનવાનું તે તો બન-વાનુ." આથી પાદશાહ ખોદા પર વિશ્વાસ રાખી સતોષ પામ્યો. એમ સતોષ પકડી તે પોતાને કામે લાગ્યો. એક દીવસે તેને એવી ઇચ્છા ઉત્પન્ન થઇ કે રૂમના કએસરની, તેના લશ્કરની, તેના ખજાના તેમજ દોર દમામ વગેરેનો ગહધાટ જોવો તે ઈચ્છા પોતાના એક ખાનગી વજીરને કહીને રાજ-નો કારોબાર તેને સોંપ્યો. પછી તેણે ઉટોની દશ કારવાનો તૈયાર કીધી ને દરેકને માથે એક સારવાન નેમ્યો. તે ઉટોપર કીમતી હરેનેક પડાંગો તેણે બાંધ્યાં. ત્રીસ ઉટોપર દીનાર

નાખી લીધાં ને પછી વેપારીના વેશમાં રૂમમાં ગયો. એક ગામડામાં તેણે ઉતારો લીધો. પછી ત્યાંથી નીકળી વેપારી વણુ-જારો સાથે કએસરનાં શહેર ભણી ગયો. દરબાને તેને પુછ્યું તું કોણ છે? તેણે કહ્યું કે હુ પાદશાહ નથી, પણ હું એક પ્રમાણીક મરદ છેઉં અને વેપાર અર્થે આવ્યો છેઉં. મારા માલમાંથી પાદશાહ કાંઇ ચીજો વેચાતી લેશે તો હું ખુશી થઇશ. પછી દરબાન કએસર આગળ ગયો ને તેને વાકેફ કીધો. શાપુર કએસરની હજુરમા ગયો ને તેના દેખાવથી કએસરનુ દીલ તેની તરફ ખેંચાયું. તેણે તેને સારો આવકાર આપ્યો. હવે રૂમમાં એક ઇરાની મરદ હતો જે ઘણો અનુભવી હતો પણ ઘાતકી હતો. તેણે છુપી રીતે કએસરને કહયું કે આ કોઇ પરાયો ધણી નહી પણ ઇરાનનો શહેનશાહ શાપુર છે આ વાતથી કએસર ચીતાતુર થયો ને તેની પર નેગાહ રાખવા તે ધણીને કહયું. હવે ખાણાની મેજપર શાપુર શરાબથી જરા મસ્ત થયો, ત્યારે પેલા નીગેહબાને શાપુરને પકડી કહયુ કે તુ તો નરસીનો બેટો શાપુર છે એમ કહી તેને મહેલમાં હાથ બાંધી કેદ કીધો. પછી તે પાદશાહ આગળ એક ચેરાગ સળગાવવામાં આવ્યો અને હીનપસ્તી ભરેલી રીતે તેને ગધેડાના ચામડામાં (ચર્મખર) સીવડી લેવામાં આવ્યો અને સઘળાઓ કહેવા લાગ્યા કે આ કમબખ્ત પોતાનું સારૂં નસીબ ખોઇ અહી ગધેડાનુ ચામડું ઓઢવા આવ્યો છે. તેને એક અંધારા ઓરડામાં રાખવામાં આવ્યો. તે ઓરડાને તાળું મારી તેની કુચી એક બાનુને આપી. રખેવાળે ફરમાવ્યું કે કેદીની જીંદગી ટકાવવા જેટલું

જરૂરનું હોય તેટલુંજ આપવું. તે બાઇને વળી ફરમાવવામાં આવ્યું કે "શાપુર જો ઘણા દીવસ જીવતો રહેશે તો તે રૂમના તખ્તનો કરજો પીછાનશે માટે તે જલદીથી મરી જાય એવી તદબીર લગાવવી" હવે આ બાનુના હાથ નીચે એક બીજી બાનુ હતી, જેણી ખજાનચી તરીકે કામ કરતી હતી. તે ઇરાની હતી અને ઇરાની બાપ દાદાઓને યાદ કરતી હતી. તેણીએ પોતાની કુંચી આ વિશ્વાસુ બાનુને આપી. હવે શાપુરને કેદ કરી તે તકનો લાભ લઇ કયસરે ઇરાનપર ચઢાઇ કીધી ને સર્વેને કેદ કરી રૂમ પાછો ફરયો. ઇરાનીઓને પોતાના પાદશાહની કાંઇ ખબર હતી નહી કે તે મુવો છે કે જીવતો. ઘણાઓ પાયમાલ થઈ ગયા અને કયસરનો ધર્મ અખ્ત્યાર કરી ખ્રીસ્તી થઇ ગયા આ વાતને કેટલોક વખત ગુજરયો કયસરે રાત દહાડા શાપુરને બંદમા રાખ્યો તેથી તેનુ શરીર તતરી આવ્યું તેથી પેલી બાનુ જે રખેવાળ હતી તેનો જીવ શાપુરને વેદના ખમતો જોઇ બળી ગયો. તેથી તેણીએ શાપુરને પુછ્યુ કે "તું કોણુ છે તે તું મને કહે. તુને આવી હાલતમાં જોઇ મારો જીવ ખાક થઇ જાય છે" શાપુરે તેને કહ્યું કે "તુને જો મારી હાલત પર રહેમ આવતી હોય તો તું સોગંદ લે કે તુ મારી વાત છુપાવે તો હું તુને કહું." તેણીએ તે પ્રમાણે સોગંદ લીધા. આથી શાપુરે તેણીને સઘળી હકીકત કહી ને પોતે ઇરાનનો પાદશાહ છે એમ કહ્યુ તેણે તેણીને કહ્યું કે જો તુ એખી વાત છુપી રાખશે તો હું તુને સઘળી બાનુઓપર સરફરાજ કરીશ. તું મારે માટે ખાનુ લાવે ત્યારે ગરમ દુધ લાવજે જેથી આ ગધેડાની ચામડી તું નરમ કરજે. પેલી બાનુએ તેમ કીધું. તેણીએ ગરમ

દુધ શાપુરને આપ્યુ તેથી શાપુરે ગધેડાનુ ચામડું બીજવ્યું. એક બે આઠવાડીયાં સુધી એમ કીધું તેથી ચામડું દુધથી જુદું પડી ગયું એમ થતાં તેનું તન હાલવા લાગ્યું. પછી શાપુરે પેલી બાનુને કહ્યું કે "હવે આપણે રૂમ શહેરમાંથી નીકળી જઈયે. આ મુલકપર દયાનત હોજો." તે બાનુએ કહ્યું કે "કાલ રોજે સર્વ દરબારીઓ જશનમાં જશે. પેલી રખેવાળ બાનુ પણ ત્યાં જશે તે વખતે આપણે એકલાંજ હોઇશું. હું બે ઘોડા, બે ગુરૂજ ને તીરકમાન તારી આગળ લાવીશ." સવાર પડતાં સર્વ લોક જશનની જગાએ ગયા ને પેલી બાનુ હીકમતી મરદની માફક બે કીમતી ઘોડા લાવી ને સાંજના અંધકાર થવા આવ્યો ત્યારે તેઓ બન્ને જણ નાઠાં, પણ તેઓને બે ચોકીબાને જોયાં. પણ શાપુરે તેમને પટકી નાખી દીધા ને પુર ઝડપથી શહેર બહાર તેઓ નીકળી ગયાં. રાત દહાડો તેઓએ કુચ કીધી તેથી તેઓ બન્ને થાકી ગયાં. માર્ગમાં તેઓ એક બાગબાનની વાડી તરફ આવ્યાં ને તેને અરજ કીધી કે આજની રાત તુ હમોને આશરો આપ ને મેહમાનદારી કર કે તું જેવું રોપશે તેવું ફળ જરૂર ચાખશે. તેણે ખુશાથી હા પાડી. પેલા બાગબાને શરાબ હાજર કીધો ને કેટલીક હોઆતોજી પછી શાપુરે પહેલે પીધો. પછી શાપુરે પેલા બાગબાનને ઇરાનની ખબર પુછી. તેણે કહયું કે ઇરાનના લોકો વીખરાઈ ગયા છે, ઘણાકો ખ્રીસ્તી થઈ ગયા છે, ને માથા પર ખ્રીસ્તી ટોલાહ પહેરે છે. શાપુરે તેને પુછયું કે ઇરાનનો શાહ શાપુર ક્યાં છે! પેલો બાગબાન આંખમાં પાણી લાવી બોલ્યો કે તેનો પત્તો નથી મળતો. ઘણાકો તેને રૂમના મુલકમાં કેદ પકડાયલો કહે છે. શાપુર તે બાગબાનને ત્યાં રહયો.

પછી તેણે કહયું કે "તું મને રાસ્ત કહે કે દેશના મોબેદાન મોબેદ કયાં છે" પેલાએ મકાન દેખાડયું. પછી થોડી માટી મંગાવી તેની પર પોતાની મહોર મારીને બાગબાનને ફરમાવ્યુ કે "પેલા મોબેદ આગળ લઈ જા ને તે શુ કહે છે તેનો જવાબ કહે." પેલો મોબેદ પેલી મહોર જોઇ ખુશી થઇ ગયો ને તે કયાંથી લાવ્યો તેની ખબર પુછી. તેના કદ અને ચહેરાની નીશાની પુછી. બાગબાને કહયુ કે તેની બે બાજુ ઊંટની જાગ જેવી મજબુત છે. તેની છાતી સીંહ જેવી છે તેનો ચહેરો લોહીથી ભરેલો છે. ટુંકમાં તેના ચહેરાપર પાદશાહનું નુર પ્રકાશે છે. પેલો મોબેદ સમજી ગયો કે મહોર મોકલનાર શાપુર પોતે છે. તેણે વડા સપેહસાલારપર પેગામ મોકલ્યો કે શાપુર આવ્યો છે, લશકર તેયાર કર. આખુ લશકર પેલા બાગબાનને ઘરે ગયુ. પાદશાહે બધી વાત તેઓને કહી. પેલી બાનુએ તેનો છુટકારો કીધો તેથી તેનો આભાર માન્યો. પછી લશ્કર તઇયાર કરી તે કએસર પર હુમલો લઇ ગયો. તેણે તેને હેરાન કીધો હતો તેનો કીનો લઇ તેને કેદ કીધો.

યજદેજરદ પહેલા પાદશાહનું મરણ

યજદેજરદનાં મરણ વિષે ફીરદોસી અચરત ભરેલી વાત કહે છે. પાદશાહે પોતાનું મરણ નજદીક આવેલુ જોઇ નજુમીઓથી ખબર મેળવી કે તુસ શહેર તરફ એક શુ નામે ચશમા આગળ તેનું મોત નીપજવાનું છે. યજદે જરદે ત્યાં નહીં જવાનો પકકો ઠરાવ કીધો, પણ ત્રણ માસમાં તેનાં નાકમાંથી લોહી વહેવાનો મરજ થયો તેની

દવા ચશમે શુનાં પાણી સીવાય બીજી કશી હતી નહીં. પાદશાહે ત્યાં નહી જવાના સોગંદ લેવા છતાં તેને ત્યાં જવું પડયું. ૩૦૦ પાલખીઓ લઇ તે આ ચશમો જેને 'દરીઆઇ શેહેદ (મધનો દરીઓ)બી કહે છે ત્યાં ગયો, જેનાં પાણીથી તેને તુરત આરામ મળ્યો. આથી એક દીન તે ગુસ્સે થયો ને બોલ્યો કે 'શું ખોદાની એવીજ મરજી હતી કે મને એક ઠેકાણે આરામ લેવાને બદલે એકથી બીજી જગ્યાએ રઝળાવવો ?' આ વખતે પાણીમાથી એક દરીઆઇ ઘોડો નીકળી આવ્યો જેને મારી નાખવાનો તેણે હુકમ આપ્યો. પણ જ્યારે તેના માણસો તેને પકડી લાવ્યા ત્યારે તેની ખુબસુરતી જોઇ તેનીપર સવાર થવાની પાદશાહને ઇચ્છા થઇ. તેની પર જીન નાંખી તેને પોતાને હાથે લગામ પોઇ. આટલો વખત સુધી તે ગરીબ થઇ ઉભો અને જેવી પાદશાહે તેની ડુમચી બાંધવા માંડી કે ઘોડાએ તેનાં માથામાં કકડાવીને એક મજબુત લાત મારી, જેથી તમર ખાઇ પાદશાહ નીચે પડયો ને તુરત મરણ પામ્યો. ઘોડો તુરત પાણીમાં ગેબ થઇ ગયો ને પાદશાહના સોબતીઓ તેની લાસ ચીરી તેમાં કસ્તુરી ને કપુર ભરી મદાઇન ખાતે લઇ ગયા.

બેહરામગોર અને બાનુ આઝરેહ.

યજદેજરદ પેહલો જે સાસાનીયન વંશનો એક પાદશાહ તે એક બુરો પાદશાહ નીવડયો હતો. તેને ફીરદોશી "બજેહગર" એટલે ગુનેહગાર કહે છે. તેનું કારણ એ કે એ ખ્રીસ્તી ધર્મ તરફ વધારે ઢળેલો હતો તેથી તે પોતાના જરથોસ્તી ઇરા-નીઓપર સખત હતો. તે એક વાહુદી રાણી સાથ પરણ્યો હતો

તેને પેટ બેહરામગોરનો જનમ થયો હતો એ બાળકનું નસીબ જોતાં માલમ પડયુ કે એ ઘણો નામાંકીત નીવડશે. એ શાહજાદાને પોતાનાં માત પીતાથી દુર રાખવાનો હવે દરબારીઓએ વીચાર કીધો તેથી તેઓએ યજદેજરદને સમજાવ્યુ કે એ બાળકને સારી કેળવણી મળે માટે એક ઉસ્તાદ શોધી કાઢો. પાદશાહને આ વીચાર આવ્યો જેથી મુલકે મુલક કાસદો મોકલ્યા કે તેના તાબા હેઠળના કોઇ રાજા યા હાકેમ તેના બેટાને પોતાને સ્વાધીન લઈ સારી કેળવણી આપે. હીંદુસ્તાન 'ચીન' અને અરબસ્તાનથી કાસદો આવ્યા. અરબસ્તાનનો પાદશાહ મનજહર બોલ્યો કે હમો ઇરાનના પાદશાહના બંદા છીએ તેથી હમો તારા શાહજાદાના પણ બંદા થઇશું. યજદેજરદે બેહરામને તેની દરબારમાં મોકલવા વીચાર કીધો. યજદેજરદે તેને પાદશાહી પોશાક ભેટ આપો. બેટાને પણ ભેટ સોગાદો આપી મનજહર સાથ મોકલ્યો. મનજહરે તેની ખીદમતમાં ઉમરાવના ખાનદાનમાંથી ૪) સ્ત્રીઓ (બે આરબો ને બે ઇરાનીઓ) તે બાળકને સારી રીતે ઉછારવા માટે પસંદ કીધી. બેહરામ ૭ વરસનો થવા બાદ તેણે કેળવણી લેવા માંડી જે મનજહરે હજુર ન નો છે કહી ના પાડી. પણ બેહરામે કહ્યું કે "માણસના તન કરતાં મન વધારે બહેતર છે જેથી કાંઇ પાદશાહે જાણવું ઘટતું હોય તે બધું મારે શીખવું જોઇએ" તેથી મનજહરે તેને માટે ત્રણ નામીચા ઉસ્તાદો તેડાવ્યા. ૧) લખવા વાંચવાનું શીખવવા (૨) દડીદાવ, શીકાર, તલવાર ને તીર કમાન વાપરવા અને (૩) પાદશાહની ફરજોનું જ્ઞાન આપવા. બેહરામ ઘણા ઉમંગથી શીખ્યો ને બાર વરસમાં તો ત્રણે કેળવણીથી

માહીતગાર થઈ ગયા પછી બેહરામ ગુનદા ઘોડાની માગણી કીધી. મનજહરે નઓમાનને ફરમાવ્યુ કે ૧૦૦ નામીચા ઘોડા બેહરામ આગળ હાજર કર તેમાથી બે ઘોડા જે વીજળી જેવા ઝડપવાળા હતા તે તેણે પસંદ કીધા પછી તેણે પરણવા માગ્યું ને મનજહરને કહ્યુ કે મારે માટે ૫) ૬) બારતો હાજર કર જેમાથી બે હું મારે માટે પસંદ કરૂ. એ મુજબ મનજહરે ૪૦) સ્ત્રીઓ હાજર કીધી તેમાથી બે તેણે પસંદ કીધી તેમાથી એક સીતાર વજાડનારી હતી. આ મુજબ એકથી બે બાયડી કરવાની રીત ઇરાની રીત નહતી તે આરબો વચ્ચે ઉછરેલો હતો તેથી તેઓની પકતીએ ઉતરી પડી ઇરાની રીતથી ઉતરતે દરજ્જે રહી, આરબોની રીત પ્રમાણે બાયડી પસંદ કીધી. તેથી સ્વચ્છ મોહબત જળવાઈ રહી નહી અને પરીણામ બુરૂ આવ્યુ એક દહાડો બેહરામ શીકારે ગયો ને પોતાની સાથે પેલી સીતાર વજાડનારી રૂમી સ્ત્રીને લઇ ગયો તેણીનુ નામ આઝદેહ હતુ. તેની સામે શીકારના એક હરણનુ જોડુ આવ્યુ, તે જોઇ બેહરામે પેલી પોતાની સ્ત્રીને પુછયુ કે આ બેમાંથી પહેલાં હુ કોણને મારૂં. તેણીએ કહ્યુ કે "તુ એવી રીતે તીર ફેંક કે માદા હરણ નર બની જાય અને નર માદા બને." આ સખુનો સાંભળી બેહરામ તે હરણનાં જોડા આગળ ગયો ને તે તીર કમાનપર ચહડાવીને તે નર હરણ પર એવી કુનેહથી મારયો કે તે તીરના બે ફાંટાથી તેના માથા પરનાં બને શીંગડા ઉખેડાઇ ગયાં ને તે હરણ જે માથા પરના શીગડા નીકળી જવાથી માદા જેવું દીસ્યું. પછી પેલી હરણની માદા પર એવી રીતે તીર ફેકયો કે તે તેણીના માંથાં પર ભોંકાઈ બે શીગડાં હોય એમ દેખાવા લાગ્યુ

તેથી પેલી રૂમી બાનુ આઝદેહ હેરત થઇ. બેહરામે એક બીજો તીર એવી સફાઇથી એક હરણપર ફેંક્યો કે તે હરણ પોતાના પગે કાન ધવડતું હતુ તેટલામા તેને તે લાગવાથી તેનું માથુ કાન અને પગને વીંધી નાખી તે તીર ત્યાંજ સ્થભ થઇ ગયો પેલી સ્ત્રીએ ડમકમાટ દેખાડયો અને બોલી કે એ કાઇ મરદી નથી એ તો દેવની ખાસીયત છે. આવા નીરાશીભરેલા શબ્દો સાભળી બેહરામ ગુસ્સે થયો. ને તેણીને જીનપરથી ફેંકી નીચે નાખી પગથી કચડી નાંખી, અને ફરીથી કાંઈ પણ સ્ત્રીને શીકારે લઈ ગયો નહી.

બેહરામગોર અને દહેકાનની વાર્તા.

એક દીવસ બેહરામગોર શીકારે ગયો ત્યાં એક અજદાહ જોયો જે એક સીહ મીસાલ હતો. તેને ખંજર ભોકી તેની છાતી ચીરી નાંખી. તે જીયાનગાર એક આખા મરદને ગળી ગયો હતો. તે જોઈ પાદશાહને રડવું આવ્યું. અજદાહના ઝેરના છાંટાથી પાદશાહને આખે અધારાં આવ્યાં ને તે ગભરાટમાં પડી રડવા લાગો કે તે પોતાની આંખ સાફ કરે. તે એક ગામડાંમા જઇ લાગો ને એક દહેકાનની બાનુ પાસે પાણી માંગ્યું. તેણીએ તે આપ્યુ ને પોતાને ઘરે તેને લઇ ગઈ. તેણીએ તેને માટે પોતાના ધણીને કહી ગોસ્ત, ઈડાં, તરકારી વગેરે હાજર કીધુ ને બકરો કપાવ્યો. બેહરામે તે ખાધું પણ તેને પોતાનાં દરદને લીધે ઉંઘ આવી નહીં. બીજે દીને બેહરામે તે ઓરતને કહયું કે તુ મારી આગળ બેહરામ વીશે કાંઈ બોલ ને તેને કાંઈ ઠપકો ઘટતો હોય તો તે જણાવ. તેણી બોલી કે ગામમાં ઘણા કામદારો પસાર થાય

છે તેઓમાંથી કોઈ કામદાર કોઈ ધણી ઉપર ખોટું આળ મુકે છે ને આબ દાર ઓરતપર પણ આળ મુકે છે હવે તે પૈસા કાંઈ શાહના ખજાનામા જતા નથી પણ શાહ પોતાના અમલદારના કામોથી બદનામ થાય છે તેથી પાદશાહ રજીદા થયો કે હુ રૈયતને ઇનસાફ આપું છુ તે છતાં કોઇ અમુલદારનાં બુરા કામથી લોકો મને બદનામ કરે છે તેથી હુ થોડો વખત જુલમગાર થાવુ.

હવે પછી દહેકાન સવારે બીદાર થઈ ગાય દોહવવા ગઇ ગાયનુ દુધ ખેચાઈ ગયુ તેથી તેણી પોતાના ખાવીદ આગળ બોલી કે પાદશાહની દયાનત બગડી છે ને પાદશાહ હવે જુલમગાર થયો છે બેહરામગોરે આ વાત સાંભળીને મનમા પસ્તાવો લાગો ને જુલમી વીચાર મનમાંથી કહાડી નાખ્યો હવે પેલી બાનુ પાછુ દુધ દોહવવા ગઇ, અને આ વેળા હવે ઘણુ દુધ મળ્યુ તે દુધ પાદશાહ આગળ મુકયુ. પછી બેહરામે કપડાનો ટુકડો દરવાજા ઉપર મુકવા પેલી બાનુને આપયો તે બાનુએ તે ટાંગ્યો ને શું બને છે તે જોવા લાગી સઘળાઓ ત્યાં આવી ને વાવટો જોઇ પાદશાહને દુવા દેતા ને સલામ કરતા તેથી તે દહેકાન અને તેની બાનુએ વીચારયું કે આપણો મેહમાન તો પાદશાહ પોતેજ છે તેથી તેઓ તેની આગળ ગયા ને માફ માગી પછી બેહરામે તે ગામની હકુમત તેઓને સોપી ઘોડાપર સવાર થઇ પોતાના મહેલમાં ગયો. આ દાસ્તાનનો સાર એ છે કે એક પાદશાહની દયાનત બગડે તો તેના મુલકની આબાદી ઘટે, જો તે ઇન્સાફી હોય તો તેનો મુલક આબાદ રહે.

બેહરામગોર અને રૂજમેહુ નામના ચક્રીમાનની ચાર બેટીઓ.

જો કે બેહરામગોરને પોતાના બાપ યજદેજરદ જે એક યાહુદી બાયડી સાથ પરણ્યો હતો તેણીથી દુર રાખવામા આવ્યો હતો, અને અરબસ્તાનના મુલકના હાકેમ મનજહરને સોપવામા આવ્યો હતો, તો પણ તેણે એક બુરો લખ મેળવ્યો હતો, તે એ કે અરબો માફક એકથી વધુ બાયડી કરવાના રીવાજ તેણે અખત્યાર કીધો એ મુજબ. હખામની વંશના ઘણાક પાદશાહોએ એકથી વધુ બાયડીઓ કરી હતી અને તે માટે તવારીખનો પીતા હીરોદોતસ કહેછે કે માલેતોજાર ઇરાનીઓએ આ રીવાજ યુનાનીઓ પરથી લીધો હતો. આરબોની સંગતમા રહી એકથી વધુ બાયડી કરવાનુ બેહરામગોરનુ દાસ્તાન નીચે મુજબ છે

એક દીસ બહેરામગોર મોબેદો અને ઉમરાવો સાથ શીકારે નીકળ્યો. તે પોતાની છાવણીમા હતો, તેટલામાં દુરથી તેણે આતશ સળગાવેલો જોયો કે જે પાદશાહ બહમન મહીનામા સળગાવે છે બેહરામગોર તયાં ગયો અને જોય છે તો ત્યા ગામના માણસો ખુશી ખુરમીથી ઉજાની કરતા હતા દરેક બાનુના માથામ તાજા ફુલ ખોસેલાં હતા. તેઓ ઘણી સુંદર દેખાતી તેઓમાથી એક પાદશાહની સલામતી લીધી, જો કે તેઓને ખબર હતી નહી કે પાદશાહ ત્યાં છે. એક કહયુ કે તેનો શીકાર શીર અને ગુર સીવાએ બીજા કશાનો નથી, તેથી તેને બેહરામગોર કહે છે બેહરામગોર તે મેજમાનીની જગ્યા આગળ ગયો ને પોતાને માટે શરાબ

મંગાવ્યો. ત્યા સુંદરીઓ આવી અને ૪) બેહેનો પાદશાહ આગળ ખીદમતમાં ઉભી. એકનું નામ મુગાકનાજ (નાજ કરનારી કસ્તુરી) ૨ જીનુ નામ મુસકનક (તિતર પક્ષી) ત્રીજી નું નામ નાજયાબ (એટલે નાજ કરનાર) ૪) થી નું નામ સુસનક (એટલે કમળનુ ફુલ). ચારે બેહનો સાથ બેહરામગોર પથરમા પડયો. તેટલામા તેઓનો બાપ ચકકીબાન ત્યા આવી લાગો અને બેહરામે તેને કહ્યુ કે આ ચાર બાનુઓ પરણવા લાયક છે તે છતા શામાટે પરણાવવા વગર તેઓને રાખી મુકી છે? અને તેણે તે છોકરીઓ હજુર સુધી નહી પરણાવવાનુ કારણ પોતાની ગરીબાઇ જણાવી. પાદશાહે કાઇબી ચીજ માગ્યા વગર તેઓ ચાર સાથ પરણવા માગ્યુ. પછી પેલો ચક્કીબાન પોતાની બાયડીને પુછવા લાગો કે આ સારૂ થયુ કે માઠૂ? બાયડીએ કહયું કે જયારે તેણે આપણી બેટીઓને સુંદર ગાયન ગાતા જોઇ ત્યારે તણે નહી ઓલાદ પુછી ને નહી માલ મીલકત. આપણી બેટીઓ એવી સુંદર છે કે ચીનનો કોઇ બુતપરસ્ત શહેનશાહ (એટલે મુર્તિને પુજનાર) તેઓને જોય તો તે મુર્તીને પુજવાનુ મુકી દઇને તે બેટીઓને પુજે. પછી તે ગામના પટેલ પેલા ચક્કીબાન કે જેનુ નામ રૂઝબેહ હતું તેની આગળ આવી કહયુ કે એ તો પાદશાહ હતો અને તે તારો જમાઇ થયો છે. તેણે કહયું કે આખુ ગામ તારૂં છે હમા તારા ફરમાબરદાર છીએ આથી તેઓએ ખુદાતાલાના શુકરાના કીધા.

બેહરામગોર અને દહેકાન બુરજીનની ત્રણ બેટીઓ.

એક વખત બેહેરામગોર ૩૦૦ નામીચા દરબારીઓ સાથ શીકારે ગયો. દરેક શીકારી સાથ ૩૦) માણસો હતાં

વળી શાહના પોતાના ૩૦૦) નોકરો સાથે ૯૦ સાહેલીઓ, ૧૦)ઉંટો, ૧૦૦ ખચ્ચરો, ૨૦૦) પાદશાહી સકરાઓ અને શીકારી પક્ષી જેનું નામ તગ્રી હતું. એવી મોટી તૈયારીઓ સાથ જેહુન નદી તરફ પાદશાહ શીકારે ગયો. પાદશાહે શીકારની ખબર આપવા તબલો વજાડયો કે તુરત પેલુ તગ્રી પક્ષી હવામા ઉડયુ. તે ઉડવામા કદી ઢીલ કરતુ હતુ નહી ને થોડા વખતમાં બેમાલુમ થઇ ગયુ. તેથી પાદશાહ દલગીર થયો. પાદશાહ પણુ તે પક્ષી પછવાડે દોડયો. દોડતા દોડતાં એક બાગ આગળ આવી લાગ્યો જયાં પણુ એક બુઢો મરદ અને જુવાન બાનુઓ બેઠેલી હતી. તેઓની ખુબસુરતી જોઇ તેની આખ અજાયબીથી ગરકાવ થઇ ગઇ. પેલો જઇફ પાદશાહને જોઇ ફીકકો થઈ ગયો. તે પાદશાહ માટે શરાબ લાવ્યો, પાદશાહે કહયુ કે મારૂં તગ્રી પક્ષી ઉડી ગયુ છે તેથી હુ દલગીર છુ. પેલાએ કહયુ કે મે તેને એક ઝાડ પર જોયુ છે તુરત બાજ પક્ષીના રખેવાળને તયાં મોકલવામા આવ્યો ને તેને પકડવામાં આવ્યુ. હવે પેલા દહેકાને તેને જામ આપીને શરાબ પાયો. પછી પેલા દહેકાને પોતાની ત્રણુ બેટીઓને પાદશાહ સાથે ઓળખાણુ કરાવી. ત્રણુમાની ૧) પાયકુબ પગો ઠોકનાર એટલે નાચવામાં કુશળ, ૨) ચંગ જન એટલે ચગ વજા'નાર યાને વાજીંત્રમાં કુશળ, ૩)ખુશ આવાજ યાને સુદર સરોદના મોહડેનાં ગાયનમાં કુશળ. પેલી ગાનારી છોકરીએ ગાયન ગાયું. પાદશાહ ખુશ થયો. તેઓના નામ ૧, માહઆફ્રીદ, ૧) ફ્રાનક, ૩) શુનબેલીદ પાડયાં. પાદશાહે તેઓને પોતાની બાયડી કરવાની માંગણી કીધી જે દહેકાને ખુશાથી બહાલ રાખી.

બેહરામગોરનુ હીંદુસ્તાનના રાજાની દરબારમાં જવું.

હિંદુસ્તાનના પાદશાહો ઇરાનને ચોથાઇ આપતા હતા પણ પાછળથી બીજા દેશોની માફક તેઓએ પણ માથુ ફેરવયુ. આ વાત એક વખત બેહરામને કહેવાથી તેણે એક નીમા સાથે રાજા સગેલના મુલકમાં જઇ તેના રાજની ખબર મેળવવાની ઇચ્છા કીધી. શીકારે જવાનું બહાનું કાઢી તે કનોજ શહેરમાં હિંદુ રાજાને ત્યાં ગયો અને ઇરાની એલચી દાખલ પોતાનું નામ રાજાને કહ્યું. સંગેલે તેને સોનાની ખુરસી ઉપર બેસાડયો અને દરબાર બોલાવી ઇરાનના પાદશાહનુ નામુ વચાવ્યુ જેમાં તેને ઇરાન સાથ દુશ્મની રાખવા માટે બેઅકલી લખ્યો હતો અને જો તે દોસ્તી ચાહતો હોય તો એકદમ ખરજો એલચીને ખંડણી આપી મોકલવા ફરમાવ્યુ. આથી સગેલ ગુસ્સે થયો. પોતાની તારીફનાં બાકાં ફુકયાં ને બોલ્યો કે "અંબર, અગર, કપુર, કસ્તુરી તેમજ દરદની દવાઓથી મારૂં શહેર ભરપુર છે. મારી તાબેદારીમા ૮૦ પાદશાહો છે. એક તરફ કનોજથી તે ઇરાન સુધી અને બીજી તરફ સીકલાબ અને ચીન સુધીના બુઝરગો મારે તાબે છે. ચીનના ફગફુરની બેટી મારી ઓરત છે. મારી પાસ ૩ લાખ માણસનું લશ્કર છે ને ૧૨૦૦ સરદારો મારા પોતાના છે." વળી ઇરાની એલચીએ બીજું એવું સાંભળ્યું કે "જો પાદશાહોની રીત બેહુદુ નામુ લાવનારને કતલ કરવાની હોત તો હું હમણા તારો જાન લેત" તોપણ સગેલે તેને ૪) દીવસ પોતાનો

મેહમાન રાખ્યો હવે રાજાને એવું લાગ્યુ કે નામુ લાવનાર એલચી કોઇજ નહી પણ ઇરાનના પાદશાહનો ભાઇ છે તેથી તેને હીંદી લશ્કરનો સેનાધિપતી બનાવી પોતાની નોકરીમાં રાખ્યો. જ્યારે બેહરામે તેમ કરવા ના પાડી ત્યારે સંગેલે તેને મારી નાખવા ચાહયુ. તેણે તેને વરૂ ને અજદાહની સામે મોકલ્યો એવી મતલબથી કે તે મારયો જાય, પણ તેણે તે જ્યાંગારોને મારી નાંખવાથી સંગેલે તેને પોતાની દીકરી સપીનુદ સાથ લગ્ન કરી કનોજ રાખ્યો. એક દીને બહેરામે પોતાની રાણીને બધો ખુલાસો કરી દીધો અને તેઓ ઇરાન તરફ ગુપચુપ નાસી ગયા. સંગેલ તેની પુંઠ દોડયો. બેહરામે પોતાનું નામ ને દરજ્જો જાહેર કીધો, ને તેની ખંડણી લેવાની માફ કીધી તેથી સંગેલે દોસ્તી ચાહી. પાછળથી તે કાબુલ, સીધ, મુલતાન વગેરેના રાજાઓને લઈ ઇરાન આવ્યો જયાં તેમને બેહરામે એક માસ ઉતારો આપ્યો સંગેલે જતી વખત એક નામુ લખીને બેટીને આપ્યુ કે " મેં કીનો રાખ્યા વગર સપીનુદને બહેરામ સાથ પરણાવી આપી છે માટે મારા મરણ પછી બેહરામ હીંદુસ્તાનનો રાજા થશે."

ફીરદોસીના ઉપલા હેવાલનો સાર એટલોજ સમજાય છે કે વગર લડાઇએ ઇરાન અને હીંદુસ્તાન વચ્ચે સુલેહ જળવાઈ રહી હતી, રૂમના કએસર સાથની એવીજ સુલેહની હકીકત ફીરદોસી જણાવે છે. રૂમી એલચી પોતાના પાદશાહ તરફથી સાત સવાલો લઇ આવી બેહરામની દરબારમાં બખારવા લાગો કે જો આ સવાલોનો જવાબ ઇરાનથી નંહી

અપાય તો પાદશાહે રૂમને ખંડણી આપવાને કબુલ થવું. અગર જો ઈરાન એ ઉતર આપે તો રૂમ ખંડણી આપવા તૈયાર છે. એલચીના જવાબો દરબારના એક બુજર્ગ મરદે આપવાથી તે ફીકો પડી ગયો પણ પછી તે બુજર્ગ મરદે એલચીને સવાલ પુછયો ત્યારે તેનાથી ખરો ઉત્તર આપી શકાયો નહી

ફીરોઝના વખતમાં પડેલો દુકાળ.

ઇ. સ૦ ૪૬૦ મા ફીરોઝ પોતાના ભાઈ હોરમઝદને કહાડી મુકી પોતે તખ્ત ઉપર બેઠો. એના વખતમા "એક દુકાળ સાત વરસો સુધી ચાલ્યો હતો. જેટલા વખતમા વરસાદ નહી પડવાથી હવા એટલી તો સુકાઇ ગઈ કે તનદરોસ્તીનો બગાડ થઇ માણસો અને ચોપગાં મરવા લાગ્યાં, તે એટલે સુધી કે જમીનપર પગ મુકવાની જગા બી બાકી રહી નહી. તેથી પાદશાહે જમીનનુ મેહેસુલ અને કર છોડી દીધાં અને પાદશાહી અનાજનો વખાર વાળા શહેરોમાનો સઘળો દાણો ગરીબોમાં વહેંચવા માંડયો વળી તેણે શેહેરે શહેર એવો હુકમ કાઢયો કે જે જે વેપારીઓ પાસે અનાજ અથવા ઢોરો હોય તેઓએ તે માલ સરકારને વેચવો. આ સઘળો અનાજ રૈયત ઉપરની આફત ઓછી થાય તેવી રીતે તેઓમાં વહેંચવાની પાદશાહે પોતાના અમલદારોને તાકીદ કીધી અને ફરમાવ્યું કે "જે જે કામદારની બે દરકારીથી એકબી ગરીબ માણસ ભુખે મરી ગયલો જણાશે તો તે કામદારનો જાન જશે." કહે છે કે તાઇગ્રીસ અને જહૂન જેવી મોટી નદીઓ વચ્ચેનો સઘળો મુલક આ

આફતમાં તણાઇ ચાલ્યો હતો. નદીનાં પાણી સુકાઇ ગયા, ઝાડપાનોનું નામ રહ્યું નહી, ચરંદાં પરંદાં નાશ પામ્યાં. કેથે બી એક ચલીઊં દેખાયું નહી. અજદાહોબી અણુદીઠ થઇ ગયા. ફીરોઝે પોતાની રૈયતને ફરમાવ્યું કે તેઓએ પહાડો અને જંગલોમા ભેગા મળીને ખોદાની બંદગી કરવી કે જેથી વરસાદની બરકત થાય. ફીરદોસી કહે છે કે એ પ્રમાણે કીધાથીજ સાતમે વરસે ફરવરદીન મહીનામાં વરસાદ પડયો, અને સર્વે જગાએ આબાદી થઈ ને પાદશાહ જેણે તખતનેબી તજી દીધુ હતુ, તે પાછો તખ્તનશીન થયો.

નોશીરવાન અદલ અને મજદક.

કોબાદના વખતમાં મજદક (યાને નાનો મજદક અથવા "નાનો ખોદા") નામનો શખસ જાહેર પડયો જે એક સુભાખીત બોલનાર અક્કલમંદ અને ચાલાક શખ્સ હતો. તે પાદશાહનો વજીર અથવા દસ્તુર હતો ને તેનો માનીતો હતો એક વેળા તેણે પાદશાહને કહયુ કે જો એક માણુસ બંધ પડયો હોય ને ભુખે મરતો હોય ને બીજો જેની પાસે રોટી હોય તે પેલા બંદીવનને નહી આપે તો તેથી બંદીવાન મરણ પામે તો પેલા રોટી ધરાવનાર શખસને શુ સજા? પાદશાહે કહયુ કે તે એક જાતનું ખુન કીધા બરોબર છે. તે જવાબદાર છે. જયારે બીજી સવારે લોકો દુકાળ માટે દાદ ચાહવા પાછા પાદશાહ આગળ આવ્યા. ત્યારે મજદકે તેઓને કહયું કે જયાંબી અનાજ હોય ત્યાંથી થોડો થોડો લેવો, જો કોઇ પૈસાવાળો મળે તો તેના પૈસા

લુટી લેવો. પેલા લોકોએ શહેરમાં લુટફાટ ચલાવી તેથી શહેરમાં હાહાકાર થઇ રહયો. પાદશાહે મજદક જે આ ફસાદ કરાવવાનુ કારણ હતો તેને બોલાવી મગાવ્યો. તેણે કહયુ કે તમોએ મને જેમ જવાબ આપયો તેમ મેં કરયુ જો કે મજદકની દલીલો દેખઈતી રીતે પસદ કરવા જોગ હતી (plausible arguments). તેણે કહયુ કે આ દુનીયામા સરખાપણુ હોવુ જોઇએ (equality). તવગરો પાસે તેઓના ઉપયોગ ઉપરાંત નાણુ રહે એ બહુ ખરાબ છે ઓરત, દોલત, ઘરબાર એ સરખે ભાગે બહેચવા જોઇએ તેણે લોકોને પેલી ઈંગ્રેજી કહેવત To rob Peter to pay Paul એકને લુટી બીજાને આપવું એ પ્રમાણે લોકોને સમજાવ્યુ તેણે લોકોને જે દીનનાં ફરમાનો સમજાવ્યાં તે બે પ્રકારનાં હતાં. ૧) દેશની દોલત સામાન્ય દોલત છે, ને ગરીબોને તવગરની દોલતનો હક છે. ૨) એક ઓરત જાત ગોયા સામાન્ય મીલકત છે. કોઇ પણ સ્ત્રી કોઇ ચોક્કસ ધણીની ગણાવી નહી જોઇએ, તેણીના ઉપર સર્વનો હક તવંગર તેમજ ગરીબનો રહેવો જોઇએ. આવા એક વિચીત્ર વીચારના પુરૂશે ઇરાનમાં આવા બુરા વિચારો ફેલાવ્યા જેથી ઇરાનમાં બહુ ખરાબી થઈ. સર્વ કોઇ તેની દીનમાં દાખલ થવા લાગા અને રાજસા બહુ બુરા કામો થવા લાગાં. પાદશાહ વટીક પણ તેના ધર્મમા લલચાયો. એ ઠગારાએ મોજેજા કરી કોબાદની કમ અક્કલપર ફતેહ મેળવી. તેણે કોબાદને એવુ સમજાવ્યું કે જ્યાં સુધી તુ મારેથી કાંઈ મોજેજા જોય નહી ત્યાં સુધી તુએ મને પેગમબર તરીકે માનવો નહીં. આ ઉપરથી કોબાદ

આતશએહેરામમાં ગયો, અને પાક આતશની સાથે મજદકને વાતચીત કરતો સાભળ્યો, કારણ કે તેણે છુપીથી પેલા આતશની પછવાડે એક માણુસ ઉભું રાખ્યું હતુ, જે તેના સવાલના જવાબો આપતો, તે જવાબ જાણે પેલા આતશ-માંથી નીકળના હોય એમ લાગતું. આથી કોબાદને તેના ધર્મની સચ્ચાઇની ખાતરી થઇ, પણ તેના અમીરો તેનાથી જુદોજ વીચાર ધરાવતા હતા. તેણે એક વેળા પાદશાહને ભર મીજલસમા કહ્યું કે હજુર તારો દીકરો નોશીરવાન આપણી દીનમાં સામેલ થયો નથી માટે તેની પાસે હાથે લખાવી લેવું જોઇએ. તેણે વધુ કહ્યુ કે દુનીયામા પાચ બુરા દુર્ગુણો છે. ૧) અદેખાઇ. ૨) કીનો. ૩) ગુસ્સો. ૪) લાચારી ૫) લોભ. એ પાંચ દુર્ગુણ દોલત અને ઓરત-તને લીધે છે. જો સર્વ માણસો એ બધુ સરખે ભાગે ભોગવે ને ફલાનુ મારૂજ છે એમ નહી કરે, તો તે પાચ દુર્ગુણો જે દેવની ખાસીયતના છે તે દુનીયામાથી દુર થાય, પછી તેણે નોશીરવાનનો હાથ લખાવી લેવા ખેંચ્યો નોશીરવાન સામો થયો, ને કહ્યું કે તેની દીન ખોટી છે એવું પુર-વાર કરવા તેણે પાચ મહીના મુદત માગી નોશીરવાન (અદલ) ઇનસાફી હતો, તેણે આપઅખતયારીથી સ્વતંત્ર વિચાર બાંધ્યા. તેની દીનની સાંમે થયો ને ઇરાનને દોલત અને દીન એ બેઉમાં બરબાદ થતું બચાવ્યું. ગામેગામ અને શહે-રોથી તેણે ત્રીસ ભણેલા મિત્રો બોલાવ્યા ને બીજી સહવારે શાહની દરબારમાં મજદક સાથે તેની દીન બાબે તકરાર કરવા લાગો. તેણે એક મોબેદને કહ્યુ કે જ્યારે દુન્યામાં સઘળાઓ સરખા થાય ત્યારે ચઢ ઉતર કામ કોણુ કરે? કોઇ દીન

એવા સખુને કહેતી નથી મે તને તો દીવાનું લાગું છે. આથી કોબાહનું મન પીગલ્યું. એ ઉપરથી સઘળી મીજલસ બોલી ઉઠી કે, મજદક શાહની દરબારમાં રહેવું નહીં જોઇએ. તે ખોદાતાલાની દીનને ખરાબ કરે છે, માટે તેણે શાહની દરબાર છોડવી જોઇએ, તેથી શાહે નોશીરવાનને કહ્યું કે તું એને ગમે તે શીક્ષા કર. નોશીરવાને મજદકને તેની સાથવાળાઓ સાથ મારી નંખાવ્યો હવે શહેરના માણસો ખુશી થયાં અને શાહ પણ નોશીરવાનથી ખુશ થઈ સલાહ લેવા લાગો. કહે છે કે મજદકનો ફેરફાર ફતેહમંદીથી થયો હતે અને નવા પથને ટુકેથી તેડવામાં આવ્યો ન હતે તો આજે દુન્યામાં જરથોસ્તીઓનું કદાચ નામ પણ રહ્યું ન હતે અને ખ્રીસ્તીઓની માફક મજદકીઓ ઉભાઇ જતે. તેનો પાયો બુરાઇપર રચેલો હતો તેથી તે લાંબો વખત તકી શકયો નહીં. સાધારણ ધર્મ રચનાર પણ પોતાનો પાયો નીતીપર રચે છે પણ આ તો તદન બદી પરજ રચાયો હતો.

નોશીરવાનના ઇનસાફનો દાખલો.

મેહબુદ નામે એક પહરેજગાર દસ્તુરના ઘરમાં નોશીરવાનનું ખાનું બનતું હતું. તેના બે છોકરા પાદશાહનું ભોજ ન લાવતા હતા. હવે જુરાન નામે નોશીરવાનના એક હજુરી માને આ દસ્તુર વીષે અદેખાઇ લાગવાથી તે પાદશાહ આગળ મેહબુદની પુષકળ બદગોઇ કરતો પણ તેમાં તે ફતેહ પામ્યો નહીં. જુરાને પોતાની મતલબ પાર પાંડવા એક યાહુદીની મદદથી નોશીરવાન માટે બનાવેલાં દુધનાં પકવાનમાં ઝેર ભેળયું અને પછી પાદશાહને ખબર આપી કે ફલાનાં પક

વાનને હાથ લગાડયો નહીં. પાદશાહને શક પડવાથી તેણે પેલું પકવાન મેહબુદના બંને બેટાઓને ખવાડયું જેઓ પેલાં ઝેરની અસરથી થોડા વખતમાં ત્યાંજ મરણ પામ્યા આથી નૌશીરવાનને ખાતરી થઇ કે તે દસ્તુરે તેનો જાન લેવાની કોશેશ કીધી હતી. પાદશાહને ગુસ્સો ચહડવાથી તેણે મેહબુદ અને તેના કુટુંબને તારાજ કીધાં અને જુરાન પોતાના કાવત્રામા ફાવ્યો. એ વાતને થોડીક મુદત જવા બાદ જુરાન અને તેના મીત્ર યાહુદીના દગાની વાત નાશીરવાનને જાહેર થવાથી મેહબુદને વગર તકસીરે કતલ કરવા માટે પસ્તાવો ખાઇને નૌશીરવાને તે બંને પાપીઓને સુળી એ ચઢાવ્યા અને તેમનો સઘળો ખજાનો મેહબુદના કુટુંબ માંથી બચી ગયલા ત્રણ મરદો ને એક ઓરતને વહેંચી આપ્યો.

પાદશાહ નૌશીરવાન અને શેત્રંજની રમત.

હીંદુસ્તાનના રાજાએ પોતાના એલચીઓ સાથ નૌશીરવાનપર મોકલેલા ભારે હદીઆમાં એક શેત્રંજની બાજી પણ ભેટ મોકલી હતી. જે મોકલતાં તેણે ઇરાનના પાદશાહથી જાણવા માગયું હતુ કે બાજીમાંનાં દરેક મોહોરાંનું નામ, તેમની જગા તેમની ચાલ વગેરે બાબદોનો ખુલાસો કરવો. નૌશીરવાન આ રાજા પાસે ખંડણી લેનો હતો માટે તેણે મોકલેલી આ રમતનો સાર ખેંચવાને તે ભારે ખંતી થયો. ઇરાની વજીરો આ રમતનો ભેદ સમજી શકયા નહી પણ એટલુંજ કહી શકયા કે એ એક લડાઇની રમત છે પણ, બુજર-ચ-મેહેર તેઓ સરવ કરતાં વધારે દાનેશમંદ ઠરયો

તેણે આ બાજી ગોઠવી આપી દરેક મોહોરાંની જગા ઠરાવી આપી અને દરેક ચાલ કહી આપી આથી પાદશાહ પોતે તેમજ સરવ દરબારીઓ અજબ થયા અને નોશીરવાને આ કાબેલ વજીરને મોટું ઇનામ આપ્યું. હીંદી રાજાની રમતનો આ પ્રમાણે ખુલાસો થવાથી નોશીરવાને તેનાપર પોતા તરફથી એક બીજી રમત મોકલી આપી ને તેનો ખુલાસો માગ્યો આ રમતનુ નામ ફીરદોસી 'ખેરદ' લખે છે અને કહે છે કે તે બુજર-ચ-મેહેરે શોધી કાઢી હતી આ રમતની મતલબથી તેણે માત્ર પાદશાહનેજ વાકેફ કરયો હતો. આ રમતનો ખુલાસો હીદી બ્રાહમણો છ દીવસ સુધી મઙ્યા પણ કાંઇ કરી શકયા નહી, જેથી નોશીરવાનની રજાથી બુજર-ચ-મેહેર પોતે એ બાજી લઇને કનોજ ખાતે ગયો અને ત્યાંના રાજાને સરવ ખુલાસો કીધો જેથી તેના દરબારીઓ ખુશી થઇ ગયા કેટલાકો કહે છે કે આ ખેરદની રમત તે દામની રમત હોય એવુ લાગે છે.

બુજર-ચ-મેહેર વીષેની વાર્તા.

નોશીરવાનના વખતમા હીંદુસ્તાનના ભણેલા બ્રાહમણો ઇરાની ફીલસુફોને અને યુનાની સુફીઓને ટક્કર મારે એવા હતા ખુદ ઇરાનમાં માત્ર બુજર-ચ-મેહેર સીવાએ આપણુ એવા કોઇબી ફીલસુફને ઓળખતા નથી જે આજ લગણુ પોતાનાં જ્ઞાન અને કાબેલીયત માટે વખણાઇ ગયો હોય. નોશીરવાનને માટે કહે છે કે એક વખત તેની ભરેલા શરાબની જામ એક કુક્કર પી ગયું એવો તેણે એક ખાબ દીઠો હતો. હવે આ ખાબની તાસીર કહેવાને ઇરાનના આલમાઓ અશક્ત હતા. એ ખાબ બાબે આખા મુલકમાં

વાત ચાલી પણ તેનો ખુલાસો કોઈએ કીધો નહી. અંતે મર્વ શહેરના એક ઉસતાદને તેની ખબર પડી પણ તે નીશાળ છોડીને નૌશીરવાનની દરબારમાં આવી શક્યો નહીં તેથી તે મદરેસાના એક જવાન ખલીફ નામે બુજર-ચ-મેહેરે મદાઇનની દરબારમા જવાની હીંમત કીધી. માર્ગમાં આવતાં તે જંગલમાં સુતેલો હતો એટલામાં એક કાળો નાગ તેનુ ઓઢણુ ખેચી ઝાડપર ચઢી ગયો. આ તમાશો એક શખશ આજાદ સરવ નામે એક મોબેદ જે તેની સાથે હતો તેણે જોયો અને તુરત અનુમાન કીધું કે આગળ જતાં આ જવાન મોટો થશે અને ખરેખર તેમજ બન્યુ મદાઇન ખાતે આવ્યા પછી તેણે પાદશાહના ખાબની તાસીર પ્રમાણે ખરો ચોર પકડી આપ્યાથી નૌશીરવાનનુ તેના પર પુર એકીન બેઠુ ને તેણે સાત અહવાડીય સુધી હકીમોની સાત બેઠકો મેળવી તેમા બુજર-ચ-મેહેરની તપાસ કીધી. આ પરીક્ષામાં આ જવાન ફતેહમદ ઉતરવાથી પાદશાહે તેને મોટો દરજજો આપી ૪ લાખનુ ઇનામ આપ્યું

બુજર-ચ-મેહેરની શીખામણો.

ફીરદોશી પ્રમાણે જે સાત બજમો ખાની પીની સાથેની મીંજલસો નૌશીરવાને બોલાવી હતી, અને તેના સઘળા મોબેદો સાથ વાદવીવાદ કરી ડાહપણુ ને જ્ઞાન મેળવ્યું હતું તેમાં બુજર-ચ-મેહેરે જે શીખામણો આપી હતી તેમાં નીચલી જાણવાજોગ હતી. ૧) જેઓ રોશન રવાનના હોય, તેઓ બોલ થોડું પણ મતલબ ઘણી. પણ ઉતાવળા બોલ-

નારાઓ ઘણું બોલે પણ તેમાં કાંઈ મતલબ નહી. તેથી સર્વે લોકો તેઓથી કંટાળે. ૨) હુનર શોખ અને ધણુનો લોભ ન રાખ કારણ કે આ જહાન બે પાંચ દહાડાની છે, અગરજો આ દુનીયા પાયદાર હતે તો ગોયા કુલ દુનીયા હાથ કરવાનો લોભ રાખતે. આ શીખામણ સીકંદરની વાતની યાદ આપે છે કે તે અફસોસ કરવા લાગો કે તુંને આ દુનીયા જેવી બીજી ઘણી દુનીયા જીતવાની હતી.

• આ દુન્યાની તમામ લક્ષ્મીને જતું રહેવુ, ઉથલપાથલ થવુ અને ફેરફાર થવું (સરજેલું) છે. યજદાએ જે કોઇને તે આપવી હોય છે તેને હાથે તે આપે છે, અને રંજ વગરની કોશેશે તે તેની યારીએ આવે છે તેથી તે મોટા ખજાનો જમા કરે છે, ઘણાં મોટાં કામ તથા પાદશાહીને પહોંચે છે. ઘણો ચહડતો દરજજો લે છે, ઘણું બુઝોરગ નામ (મેળવવા) ચાહે છે, અને ઘણી નામદારીથી (પોતાના) રહેવાનાં ઘરને દીપાવવાનું કામ કરે છે, તેથી ઉમરદરાજી અને ફરજંદની તથા બુલંદ ઉમેદના સીલસીલાની વૃદ્ધિ અને કાયદાસરના તથા આદમીઓના ફાયદાનાં કામમા નેક સખાવત અને નામની પાયદારી અને પાદશાહીનું કામ અને બીજી તમામ આ જહાનની આસાની (બની આવે છે.) પણ તે એટલી ચીજોની નાપાયદારી વિષે ઘણું દુર વીચારનાર છે. તે એક બીજાને શાહેદ અને એકમત છે કે (તે દોલત) ઘણીજ નહી પકડી રહેનારી છે. "એક સો વરસની મુદતમાં તો તન આખેરીને અને પાદશાહી નાબુદીને પહોંચે છે." ૩૦૦ વર્ષની દરાજીમાં ખાનદાન ઉથલપાથલ ને નામ ફરામોશી તથા નાપયદી ને રહેવાનું બેર વેરાની અને

આબુદગી ને ઓલાદ અને સીલસીલો નીકાઇ અને નાચી-જને કોશેશ નીષફળતાને, રંજ અને ભાર ખાલીપણાને અને પાદશાહી જમાનાના બીજા સરદારોને પહોંચે છે અને લક્ષમી રહેતી નથી. નેકબખતીના વખતમાં જે આકેબતની ચીજ (નેકી) કરી લીધી હોય તેજ માત્ર કાયમ રહે છે, અને ખરાબ થતી નથી. ભલાઇની કેહણી અને આકેબતની નામદારી અને નેક કરણી કોઇ શખ્સથી લુટી શકાતી નથી.

કલીલે દમનની વાર્તા.

પીલ પેની વાર્તાઓબી હીંદુસ્તાનમાથીજ ઇરાનમાં દાખલ થઇ હતી. ફીરદોસીએ તેને કલીલે કેતાબનું નામ આપ્યું છે અને તે તવારીખ નીચે મુજબ છે એક દહાડો બરજો નામે ઈરાની હાકેમે નોશીરવાનને કહ્યુ કે મુવેલા માણસો જીવતાં થાએ એવો એક જાતનો પાળો હીંદુસ્તાનના એક પહાડ ઉપર ઉગેછે. એમ એક હીંદી કેતાબમાં લખેલુ છે. નોશીરવાને પેહેલે તો આ વાત માની નહી પણ તપાસને ખાતર બરજોને નામું આપી હીંદુસ્તાનના રાજા પાસ મોકલ્યો જેણે સારી રીતે આવકાર કીધા પછી રાજાએ પોતાના દાનાવ બ્રાહમણો સાથે બરજોને જડી બુટીના ગુણની પરીક્ષા કરવા મોકલ્યો, પણ તેમાં તેઓ નીશફળ થયા ને એકબી પાળાને મુવેલાં શરીર સાથ ઘસડવાથી તે તેને જીવતું કરી શકયો નહીં. અંતે એક બુઢા હીંદુ ગ્રહસ્થે ખુલાસો કીધો કે મુવેલુ માણસ જે પાળો ઘસડ-વાથી જીવતું થાય છે તે પાળો કાંઇ કુદરતી નથી પણ તે માણુસની પોતાની બનાવટનો છે, અને તે ઝાડપાન નહી

પણ કેળવણી છે. તે બોલ્યો કે અકકલ વગરનુ માણસ તે મુવેલા માણસની બરાબર છે. પાળો તે કેળવણી છે, પહાડ તે અકકલ છે અને સજીવન થવું તે અકકલવાન થવા બરાબર છે. તેણે કહયુ કે મુરખોને અકકલ મંદ થવા માટે દાનેશમંદોએ કલીલે નામે એક કેતાબ બનાવી છે. એ કેતાબ હીંદી રાજાના દફતરખાનામા છે. અને મુવેલા માણસને સજીવન કરવાનો પાળો તેજ છે. પછી તે કેતાબ રાજા પાસેથી માગી લઈ બરજો હકીમ નોશીરવાન પાસે આવ્યા. આ કલીલે કેતાબ જે આજબી પીલ્પેની વારતાઓને નામે ઓળખાય છે તેમનો નોશી-રવાને પોતાની ભાશામા તરજુમો કરાવ્યો હતો આ કેતાબમા નીતી અને રાજદવારી બાબદોનો ભંડાર ભરેલો હોવાથી અને હીંદી રાજા તે એકલપેટાઇથી સાચવી રાખતા હોવાથી નોશીરવાને જયારે તે બરજો પાસ મંગાવી ત્યારે તે પુર ઉલટ સાથ દરબારમા વાચવામાં આવી હતી.

નસીયતે નોશીરવાન.

૧) જેમ ઝાડનાં પાદડાને પવન સાથે સબંધ છે તેમ જીંદગીને મોત સાથે સબંધ છે. ૨) દુનીયાના તમામ દરદીઓ સારા થઈ શકે છે પણ છરશાખોરની બીમારી કદી મીટતી નથી. ૩ ઉદ્યોગ વગરના આદમીને હોરમત હોતી નથી. ૪) જેનુ નામ રાસ્તી ભરેલું નહી હોય તેજ શખસ જુઠુ બોલે છે, અને જે જુઠું બોલે છે તેને કમબખતીનો ઘેરેલો જાણવો. ૫) તમે મોજમજાહ ભોગવો તેની હરકત નથી પણ દરવેશોનીબી દાદ લેવો. ૬) વડની ચુગાલમાંથી

છોકરૂ છોડવી લઇ જવુ સેહેલુ કામ નથી (૭) ડાહ્યા માણસો જે બોલે છે તેજ બજાવે છે અને જે બજાવતા નથી તેને વીશે બોલતા પણ નથી તવંગર તે કે જેને લોભ નહી, સુખી તે કે જેનો લોભી સાથી નહી હોય. આશીર્વાદમાં પણ કહેવામા આવે છે કે લોભી સાથે સાથી યા ભાગયા ન થતા. જો કોઇ દાનાવ તારા જાનનો દુશમન થાય તો તે એક દોસ્ત મરદ જે નાદાન હોય તેના કરતાં ભલો છે,

કહેવત છે કે નાદાન દોસ્ત કરતાં દાનાવ દુશ્મન ભલો.

તવંગર તે ધણી થયો કે જે સંતોષી થયો અને જેનેથી લોભ અને બદી ગમમાં રહ્યાં શીખવામા જો તુ કમીનો થશે તો જાણકારોના તુ સખુનો સાંભળશે યાને શીખવામા મગરૂબી ન કરવી પણ કમીના થઇ શીખાય તો શીખવુ. જો તારી પાસે માલ સોનુ રૂપુ અને સણગારેલા ઘોડાઓ હોય તો ખરચ એવી રીતે કર કે નહી લખલુટ ખરચ થાય યા નહી કજુસ માફક સંઘરી રાખે. જેમને જામ વહાલી છે તેમને નામ વાહલુ હોતુ નથી જેણે વગર મેહેનતે દોલત મેળવી હોય અને તે ધરમખાતે ખરચી નાખે તો તે શખસને ખરી બુજરગી અને નેકનામી સજાવાર છે (નોશીરવાન આદેલ)

નોશીરવાનની ચાલચલણ.

એ પાદશાહ દુન્યામાં થઇ ગયલા મહાન પાદશાહો-માંનો એક થઇ ગયો છે. રાજની લગામ હાથ ધરતાંજ એણે રાજને આબાદ કરવા, ખજાનો ભરપુર કરવા, રૈયતને સુખી કરવા, લશકર સારા પાયા ઉપર મુકવા, કેળવણીને

પ્રસાર કરવા, તેમજ રાજ્ય કારભારમાં જે સડો પેવસ થઈ ચુક્યો હતો તે નાબુદ કરવા મજબુત ઉપાયો લીધા હતા. જુદા જુદા પ્રાંતોમાં નેમેલા સુબાઓ રૈયતપર જુલમ નહી કરે યા અઘટીત કારભાર નહી ચલાવે તેની તપાસ કરવા માટે તે વખતો વખત દેશમા ફરવા નીકળતો હતો ને જ્યાં જ્યા જતો હતો ને ફરતો હતો ત્યા ત્યા લોકોથી પોતે જાતે પુછપરછ કરીને તેમની હાલત જાણી લેતો હતો, ને તેઓની ફરીઆદ સાભળીને તેઓને ઇન્સાફ આપતો હતો, અને જો કોઇ બાબતમા વધુ ધ્યાન આપવુ પડે તો ખાસ 'કમીશન' નેમી તપાસ કરતો હતો. એક વેળાએ રૈયતપર જુલમાત ચલાવીને લાચ લેવાનો અપરાધ સખ્યાબધ મેહેસુલ ઉઘરાવનારાઓપર ખાસ નેમાયલાં કમીશને સાબેત કરવાથી ૮૦ અપરાધીઓને નોશીરવાને સખતમા સખત સજા કીધી હતી. પાદશાહ નૌશીરવાનનો ઇનસાફ જો કે કરડો હતો પણ તદન ચોખો હતો અને તેથી તેને 'આદેલ'નો એલકાબ વાજબી રીતે આપવામા આવ્યો છે. કહે છે કે એક દીને નૌશીરવાને પોતાના દરબારીઓની હજુર લોકોને કહી સભળાવ્યું હતું કે મારો ડર રાખ્યા વિના ખુદાનો ડર રાખીને કામ કરજો અગર કોઇને પોતાની ફરીઆદ ગુજારવા માટે મારી હજુરમાં આવવુ પડે અને તે વખત રાતનો યા દિવસનો હોય ને હું મારી અનજુમન સાથે શરાબ પીવા યા ખાણું ખાવા અથવા વજીરો સાથ ખેલવત કરવા બેઠેલો હોવું તોપણ તમારી દાદ લેવા મે મારા દરવાજા ખુલ્લા મુકેલા છે, ત્યા તમે વગર અટકાવે આવીને પોતાની દાદને પહોંચવું પણ પાછા જવુ નહી તે એક બહાદુર કસાયલો,

મીતાહારી ડાહ્યો સખી ઇનસાફી રાજકર્તા થઇ ગયો છે તે પોતાના બેટાને નસીયત દે છે કે "પાદશાહે તેજી અને તુંદી ભરેલો મીજાજ રાખવો નહી જોઇએ માટે તું ધીરો અને ખમાઉ મીજાજ રાખજે કારણ કે દુન્યાની સંભાળ રાખનારો અક્કલમંદ પાદશાહ આબરૂદાર હોય છે, તું પાદશાહ થાય ત્યારે કોઇને દુઃખ ન દેતા વાજબી ઇનસાફ આપજે, વચનથી ફરતો ના, ચુગલીખોરના કહેવાથી કોઇને આજાર દેતો ના, ગરીબ કે તવંગર સર્વને સરખો ઇનસાફ આપીને તારા આશરા નીચે રાખજે" ઓ આદમીઓ તમો સવાબ કરવામા ઉલટમંદ રહેજો અને ગુનાહ કરવાથી દુર રહેજો. આ દુન્યાની દોલતને હલકી ગણજો, ઇનસાફી સાચા પ્રમાણીક દીનને લગતી નસીયત સાભળનાર અને ગરીબોની મેહેમાનદારી કરનાર થજો જો તમો આ દુન્યામા માજદયસ્ની દીન પ્રમાણે ચાલશો તો આવતી દુન્યામાં ગરોથમાન બેહેસ્તનું સુખ હાંસલ કરશો.

બેહરામ ચોબીન અને નોશીરવાનનો બેટો હોરમજદ

હોરમજદને ખબર હતી કે બેહેરામએક રાજવંશી સરદારે આવાજેના કીલ્લામાથી મળેલા ખજાનામાંની કીમતી ચીજો રાખી છે તો પણ તે તેને સજા કરે તેની આગમજ તેને રૂમી લશકરની સાંમે લેજીકાના પ્રાંતનો કબજો લેવા મોકલ્યો તુરકી ઉપરની ફતેહથી બેહરામ એટલો તો છક થઇ ગયો હતો કે રૂમીઓ નદી પસાર કરી આવે ત્યા સુધી થોભવાને બદલે એકદમ લડાઇનું કહેણ મોકલ્યુ. ઇરાની લશકરે એરેકસીસ નદી પસાર કરી રૂમી મુલકમાં પગ મેલ્યો પણ તેઓને બચવાનો માર્ગ કાંઇ મળ્યો નહી. આ શીકસ્તથી

હોરમજદ રાજી થયો અને તે બહાદુર સરદારને નરસ લગાડવા તેની પર એક સુરવાલ, એક ઓઢણી એક પેરાહન અને એક રૂ કાંતવાનો રેહેંટયો મોકલ્યો. આ વાર બેહેરામ લશકરની કવાયદ લઇને બીજી લડાઈમા ઉતરવા તૈયારી કરતો હતો તેણે વગર શરમાવે લશકરની સભા બોલાવી તે નવા લેબાસ સાથ દેખાવ દીધો ને તે હોરમજદે મોકલ્યો છે એમ તેઓને કહ્યુ. આથી લશકરે ગુસ્સે થઈ હોરમજદને પાદશાહી માન નહી આપવાનો ઠરાવ કીધો. બેહરામે પાદશાહપર એક નામુ લખી તેણે હોરમજદને નોશીરવાનના દીકરાને બદલે દીકરીનુ ઉપનામ આપ્યું અને તે લેબાસના બદલામાં હથીયારોથી ભરેલી એક પેટી હોરમજદપર મોકલાવી જેનો મતલબ એ હતી કે હોરમજદમા હીમત હોય તો લડાઇ કરે પાદશાહે આ હથીયારોના કકડા કરાવી તેમાં થોડી માટી નાંખી બેહરામ પર પાછી મોકલાવી એવી મતલબથી કે તે બેહરામના લશકરનો ચુરો કરી નાખવા જેટલું બળ ધરાવે છે. આથી બેહરામનું લશકર ભારે ઉસકેરાયું. તેઓએ બદ ઉઠાવી બેહરામને પાદશાહી દરજ્જો આપ્યો. એની બહેન એને એમ કરવાથી વારયો તેથી બેહરામે હોરમજદના બેટા ખુશરો પરવીજને નામે સીકકા પડાવીને પાદશાહપર મોકલી આપી એવુ કહેવાડયું કે હુ તુને તખતપરથી ઉઠાડી મેલીને ખુશરોને તાજ મેલનાર છુ. તેની મતલબ અદરખાનેથી બાપ દીકરા વચ્ચે દુશમનાઇ કરાવવાની હતી. હોરમજદ વેહમી હોવા થી તેણે પોતાના લાડકા દીકરાને ઠાર મારવાનો હુકમ કીધો પણ તે આજર આબાદગાન નાશી ગયો. તેના છટકી જવાથી પાદશાહે તેના

એ મામા ગુસ્તેહમ અને બંદુને એવી મતલબથી કેદ પકડાવ્યા કે તેઓ છુટા રહે તો ખુશરોને તખત લેવામા મદદ આપે. મેહેલના માણસોએ બંડ ઉઠાવ્યું અને ખુશરોના મામાઓએ પોતાની પક્ષના કેટલાકોને ભેગા કરીને મેહેલપર ધસારો કર્યો. હોરમજદને તખતપરથી ઉઠાડી તેનુ તાજ છીનવી લીધુ, તેની આંખો ફોડી નાંખી તેને કેદખાનામાં પુરી દીધો ને ખુશરોને ભારે દમામ સાથ નૌશીરવાનનાં તખતપર બેસાડયો. કહે છે કે ઇરાનની પાયમાલી બનાવનાર અને સમાપ્તી આણનાર કોઈબી સાસાની પાદશાહ હોય તો તે ખુશરો પરવીજ હતો.

ખુસરો શીરીન.

ખુસરો જવાનીમાજ શીરીન સાથ મોહબતમાં પડયો હતો, પણ પાદશાહ હોરમજદના કતલ થવા બાદ ખુસરોને બેહરામ સાથ લડાઇમાં ઉતરવુ પડયું હતું, ખુસરોને બહુ-ગમ લાગ્યા હતો પણ એકવાર લડાઇ ખતમ થવા પછી શેકારગાહે જતાં શીરીન ઝરૂખાપર ઉભેલી જણાઇ, જેણીએ ખુસરોને તેની આગલી કબુલાતનો ઠપકો દીધો. ખુસરોએ તેણીને મેહેલમાં મોકલી દીધી. શીરીનનાં મહેલમાં આવવાથી દરબારીઓ નારાજી થયા અને તેઓ ખુસરો શેકારે પાછો ફરયો ત્યારે દરબારમા ગયા નહીં. અતે ખુસરોના કાલા-વાલાથી તેઓ ગુપચુપ ત્યાં જઇ બેઠા. સેવટે એકે શીરીન સાથની દોસ્તીને માટે ખુસરોને કહ્યું કે તેણી બદ માબાપની હોવાથી તેનું બદ ફળ આવશે. એનો જવાબ તુરત પાદશાહે આપ્યો નહી પણ બીજે દીને એક સોનાની

રકાબી લોહીથી ભરપુર મગાવી અને વાંધા લેનારા સરદારોને કહ્યુ કે "આમાં શુ છે? તેઓએ ખરો જવાબ વાલ્યો. પછી તે ધોળી નંખાવી ગોલાબ અને કસતુરીથી બનાવેલો શરાબ રેડીને ફરી પુછયું કે "આ શું છે? ખરો જવાબ મલવાથી ખુસરોએ સઘલાઓને કહ્યુ "કે શીરીન તમો ઇરાનીઓની નજરમાં પલીદી ભરેલી છે પણ મારી ખુશીઓથી તે શરાબના ખુમચા જેવી છે"

આ વાતને કેટલીક મુદત થવા બાદ શીરીનને ખુસરોને આગલી બાઇડી મરીયમપર વધુ પ્રીતિ કરવાથી અદેખાઇ લાગી જેથી તેણીએ તેને ઝેર દઇ મારી નાખી ફીરદોસી લખે છે કે શીરીને આ કામ ઘણુંજ છુપુ કીધુ હતુ અને મરીયમના મરણ બાદ ખુસરો શીરીનપર મેહરબાની વધારતો ગયો અને રાણીનો કારભાર તેણીને સોંપ્યા ફીરદોશી કહે છે કે શીરીને પોતાના સાવકા બેટા કોબાદની આડી માગણીને લીધે પોતાના ભરથારના દખમામા જઈ આપઘાત કીધો હતો

બારબદની નીમકહલાલી.

બારબાદ એક ઘણોજ અછો ગાનાર હતો કે જેના ગાયનથી ખુસરો છક થઈ ગયો હતો ખુસરોના છોકરા કોબાદે માથુ ફેરવ્યા પછી તેના નેમેલા ખુનીઓ તે પાદશાહનો જીવ લીધા વીના રહેશે નહી એમ સમજી બારબદે એક દલગીરી ભરયો રાગ ખુસરો આગલ ગાઇ પોતાના બંન્ને હાથના આંગળા કાપી નાખ્યા ને વાજીત્ર બાલી નાંખ્યુ. તે રાગમાં એવુબી કહેલું હતુ કે "તે ખોદા પાસથી એવો દીકરો માંગી લીધો કે તે મોટો થઇને તુને મદદ કરે પણ દીકરાએ તો મોટો થઇ તુને બદીખાને નાંખ્યો. સાસાની વશનો ભારે લશકર રાખનાર નામદાર તુંજ છે. તું પછી ઇરાન વેરાન થવાનું અને બદકાર લોકોનો દોર ચાલવાનો."